CMYK CMYK

RNI NO GUJGUJ/2005/23814

LEELA NEWS NETWORK P. LTD

ભાવનગર, રાજકોટ, જામનગર અને અમરેલીથી એક સાથે પ્રસિદ્ધ થતું સાંધ્ય દૈનિક

# સૌરાષ્ટ્ર આસપાસ

સનસનાટી નહીં, સત્ય. અફવા નહીં આધાર !

JAMNAGAR
www.aaspassdaily.com

LEELA WORLD WIDE
લીલા વર્લ્ડ વાઈડ ગ્રુપનું અખબાર સમુહ

● મેનેજીંગ તંત્રી : કોમલકાંત શર્મા    શિવમ બિલ્ડીંગ, અનુપમ ટોકીઝ પાસે, જામનગર ૯૭૨૭૯૧૧૦૮૭

● સંવત ૨૦૮૨ અષાઢ વદ - ૭    ગુરૂવાર તા.૦૬-૦૮-૨૦૨૬    અંક : ૧૮૬ વર્ષ : ૨૧    jamnagar@aaspassaindia.com    કિંમત રૂા. ૨-૫૦    પાના - ૮

# રશિયાના યુક્રેન પર ભીષણ હુમલામાં ૨૧ લોકોનાં મોત

### રશિયાએ બે કલાક સુધી યુક્રેન પર મિસાઈલ અને ડ્રોનનો ભીષણ મારો ચલાવી વિનાશ વેર્યો, યુક્રેનના ૪૭૫ ડ્રોન તોડી પાડયા

કીવ,

રશિયા અને યુક્રેન વચ્ચેનું યુદ્ધ વધી રહ્યું છે. રશિયા મિસાઈલ અને ડ્રોન વડે યુક્રેન પર તૂટી પડયુ હતુ. રશિયાએ લગભગ બે કલાક સુધી યુક્રેન પર મિસાઈલ અને ડ્રોનનો ભીષણ મારો ચલાવ્યો હતો.૨૪ બેલેસ્ટિક મિસાઈલ અને ૧૧૫ જેટ પાવર્ડ ડ્રોન વડે ત્રાટક્યુ હતુ. આ ભીષણ હુમલામા યુક્રેનમાં ૨૧ના મોત થયા હતા અને ૪૪ ઘાયલ થયા હતા. યુક્રેને પણ વળતો પ્રહાર કરીને રશિયન ડ્રોન ફેક્ટરીના વડાને ઉડાવ્યો હતો. રશિયા-યુક્રેનના યુદ્ધે બે દિવસમાં ૬૦નો ભોગ લીધો હતો.



યુક્રેનના પ્રમુખ ઝેલેન્સકીએ જણાવ્યું હતું કે રશિયાએ તેના બેલેસ્ટિક મિસાઈલ-કમ-ડ્રોન એટેકમાં બ્રુઈંગ કંપની, બાંધકામ સામગ્રી બનાવતું વેરહાઉસ, ધંધાકીય સંકુલ, ટ્રેન સ્ટેશન, મેઈલ સોર્ટ કરતી ઓફિસને લક્ષ્યાંક બનાવી હતી, જેને આ યુદ્ધ સાથે સ્નાસૂતકનો પણ સંબંધ ન હતો. તેની સામે રશિયન સંરક્ષણ મંત્રાલયે જણાવ્યું હતું કે અમે હુમલો કર્યો તે કારોબારો કોઈને કોઈ સ્વરૂપમાં લશ્કર સાથે સંબંધ ધરાવતા હતા.યુક્રેન રશિયાના બેલેસ્ટિક મિસાઈલો આંતરી શકતું ન હોવાથી તેણે સહયોગી દેશોને વિનંતી કરી છે કે તેઓ પૂરતા પ્રમાણમાં એર ડિફેન્સ સિસ્ટમ્સ આપે, જેથી રશિયાના હુમલાનો વધુ સારી રીતે સામનો કરી શકાય અને મૃત્યુઆંક ઘટાડી શકાય.

જો કે રશિયાના હુમલાનો યુક્રેને વળતો જવાબ આપ્યો હતો. શાંતિના કોઈ સંજોગો દેખાતા નથી ત્યારે રશિયાને વાટાઘાટના ટેબલ પર લાવવા યુક્રેન હવે રશિયામાં સતત ઊંડે પ્રહાર કરી રહ્યુ છે. તેની રીફાઈનરીઓ અને ઓઈલ ડેપોને લક્ષ્યાંક બનાવી રહ્યું છે. આવા જ એક હુમલામાં યુક્રેને રશિયાની ડ્રોન બનાવતી ફેક્ટરીના સીઈઓ પર હુમલો કર્યો હતો. રશિયન લશ્કર માટે એફપીવી ડ્રોન બનાવતી કંપની યુરાલડ્રોનજાવોદના સીઈઓ વ્લાદીમીર તકાચુક તેમની મર્સીડીઝ બેન્ઝ કારમાં જતા હતા ત્યારે તેમા બોમ્બ ફીટ કરાયો હતો. તેમની કાર ચાલતી હતી ત્યારે તેમા વિસ્ફોટ થયો હતો. આ વિસ્ફોટમાં તેમના ડ્રાઈવરનું મોત થયું છે અને તે ગંભીર રીતે ઘાયલ થયા છે. આ ડ્રોનનો ઉપયોગ સશસ્ત્ર વાહનો ઉડાડવા માટે કરવામાં આવે છે. આ અગાઉ એક હુમલામાં અન્ય એક ડ્રોન ફેક્ટરીના વડા પર હુમલો કરવામાં આવ્યો હતો. આમ યુક્રેન હવે રશિયા માટે શસ્ત્રો ડિઝાઈન કરનારા પર પણ હુમલા કરી રહ્યું છે.

## ઉત્તર કેરોલિનમાં એક ઘરમાં ફાયરિંગની ઘટનામાં અનેક લોકોના મોતની આશંકા

### પારિવારિક વિવાદ હોવાનું પોલીસનું પ્રાથમિક અનુમાન

કેરોલિના,

અમેરિકાના ઉત્તર કેરોલિનામાં એક ઘરમાં થયેલા ગોળીબારમાં હુમલાખોર સહિત અનેક લોકોના મોત થયા છે, જ્યારે એક વ્યક્તિ ઘાયલ થયા છે. પોલીસે પારિવારિક વિવાદની આશંકાએ તપાસ શરૂ કરી છે.

અમેરિકાના ઉત્તર કેરોલિના રાજ્યમાંથી એક અત્યંત ચોંકાવનારી અને દુઃખદ ઘટના સામે આવી છે. અહીંના કાસવેલ કાઉન્ટી વિસ્તારમાં આવેલા એક ઘરમાં થયેલા આડેધડ ગોળીબારમાં અનેક લોકોના કરુણ મોત નીપજ્યા છે, જ્યારે એક વ્યક્તિ ગંભીર રીતે ઘાયલ થતાં તેને તાત્કાલિક હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યો છે. આ ભયાનક ઘટના બાદ સમગ્ર વિસ્તારમાં સન્નાટો અને શોકનો માહોલ છવાઈ ગયો છે. પ્રારંભિક અહેવાલો મુજબ, મૃતકોમાં આ ગોળીબાર કરનાર શંકાસ્પદ હુમલાખોર પોતે પણ સામેલ છે. નોર્થ કેરોલિના સ્ટેટ બ્યુરો ઓફ ઈન્વેસ્ટિગેશન દ્વારા પ્રાપ્ત માહિતી અનુસાર, સ્થાનિક પોલીસને સવારે આશરે ૮ વાગ્યાની આસપાસ એક નિવાસસ્થાનમાં ગોળીબાર થયા હોવાની સૂચના મળી હતી. આ માહિતી મળતાની સાથે જ સ્થાનિક પોલીસ અને કાઉન્ટી શેરિફ ઓફિસની ટીમો તાત્કાલિક ઘટનાસ્થળે દોડી ગઈ હતી.

## PoKમાં થઈ રહેલી હિંસાના વિરોધમાં બ્રિટનમાં કાશ્મીરી સમુદાયનું પ્રદર્શન

### માનવાધિકાર ઉલ્લંઘનની નિષ્પક્ષ તપાસની માંગ કરાઈ

બ્રેડફોર્ડ,

પીઓકેમાં પાકિસ્તાની સેનાના અત્યાચાર સામે બ્રિટનના બ્રેડફોર્ડમાં કાશ્મીરીઓ દ્વારા ઉગ્ર વિરોધ પ્રદર્શન કરાયું, જેમાં માનવાધિકાર ઉલ્લંઘનની નિષ્પક્ષ તપાસની માંગ કરાઈ છે.

પાકિસ્તાન કબજા હેઠળના કાશ્મીરમાં પાકિસ્તાની સેના અને સુરક્ષા દળો દ્વારા કરવામાં આવેલી હિંસક કાર્યવાહી અને કથિત હત્યાકાંડ સામે હવે વિદેશી ધરતી પર પણ વિરોધનો અવાજ ઉઠ્યો છે. યુનાઈટેડ કિંગડમના બ્રેડફોર્ડ શહેરમાં બ્રિટનમાં વસતા કાશ્મીરી સમુદાયના લોકો દ્વારા એક વિશાળ અને ઉગ્ર વિરોધ પ્રદર્શન યોજવામાં આવ્યું હતું.

મળતી માહિતી પ્રમાણે આ પ્રદર્શન દ્વારા ત્યાંના નાગરિકોએ પીઓકેના પીડિત લોકો સાથે સંપૂર્ણ એકતા વ્યક્ત કરી હતી અને સંયુક્ત આવામી કાર્યવાહી સમિતિની તમામ માંગણીઓને ખુલ્લું સમર્થન પૂરું પાડ્યું હતું. બ્રેડફોર્ડના સિટી સેન્ટરમાં એકઠા થયેલા પ્રદર્શનોકર્તાઓએ પોતાના હાથમાં વિરોધ દર્શાવતા બેનરો અને પ્લેકાર્ડ્સ લહેરાવ્યા હતા. તેઓ પીઓકેમાં માનવ અધિકારોનું રક્ષણ થાય, નાગરિક સ્વતંત્રતાઓ જળવાઈ રહે અને પ્રત્યેક નાગરિકના માનવ ગૌરવનું સન્માન થાય તેવી જોરદાર માંગ કરી રહ્યા હતા.

## ભારતમાંથી શેખ હસીનાએ વર્ચ્યુઅલ પ્રેસ કોન્ફરન્સ કરતાં બાંગ્લાદેશમાં ભારે વિરોધ

### બાંગ્લાદેશના વિદેશ મંત્રાલયે બંને દેશોના સંબંધોને સામાન્ય બનાવવાના પ્રયાસો માટે નુકસાનકારક ગણાવ્યું

નવીદિલ્હી,

બાંગ્લાદેશમાં યીહ-ઢ આંદોલન પછી શેખ હસીના સરકારના તખ્તાપલટના બુધવારે બે વર્ષ પૂરા થઈ ગયા. પરંતુ આ બે વર્ષોમાં શેખ હસીના બાંગ્લાદેશને ભૂલ્યા નથી. તે આજે પણ બાંગ્લાદેશ પરત ફરવાની વાત કરી રહ્યા છે. ગઈકાલે બુધવારે તેમના સંબોધન પછી બાંગ્લાદેશ ભડકી ગયું છે. તેમના ઈવેન્ટ સાથે જોડાયેલા ક્રિકેટર અને તેમની પાર્ટીના સાંસદ રહેલા શાકિબ અલ હસનના ઘર પર હુમલો પણ થયો. બાંગ્લાદેશમાં અલગ-અલગ જગ્યાએ વિરોધ પ્રદર્શન થયા.

આ પહેલા બુધવારે નવી દિલ્હી સ્થિત The Froeign Crorespondents Club Of South Asiaની એક પ્રેસ કોન્ફરન્સમાં શેખ હસીના વર્ચ્યુઅલી જોડાયા. અને તેમણે અહીંથી પોતાના લોકોને સંબોધિત કર્યા. તેમણે કહ્યું કે બાંગ્લાદેશના લોકોએ છેલ્લા બે વર્ષમાં ઘણું દર્દ



સહન કર્યું છે, ચારેય તરફ ડર ફેલાઈ ગયો છે, અને આ ડરને ખતમ કરવા માટે આ વર્ષે ડિસેમ્બરમાં બાંગ્લાદેશ પરત ફરશે, પછી ભલે એવું કર્યા પછી તેમનો જીવ જ કેમ ન જતો રહે.

લગભગ ૨૫ મિનિટના તેમના સંબોધનમાં સુરક્ષા કારણોસર તેમનો કેમેરો બંધ હતો, તેથી માત્ર તેમનો અવાજ સંભળાતો હતો. તેમણે કહ્યું કે બાંગ્લાદેશની વર્તમાન સરકાર તેમને ખોટા કેસો, મૃત્યુદંડ અને દેખાડાની સુનાવણીથી ડરાવી શકતી નથી. વિદ્યાર્થી આંદોલન અને હંગામા દરમિયાન બાંગ્લાદેશ છોડવા અંગે તેમણે કહ્યું કે પ્રદર્શનકારીઓ પીએમ આવાસ તરફ વધી રહ્યા હતા, અને તેમની પાસે તે સમયે નીકળવા માટે માત્ર ૩૦ થી ૪૦ મિનિટ જ હતી. પરિસ્થિતિ એવી બની કે તેમને દેશ છોડવો પડ્યો. પરંતુ તે પાછા જરૂર ફરશે. તેમના જણાવ્યા મુજબ તે મજબૂરીમાં દેશ છોડીને ગયા હતા.

પૂર્વ વડાપ્રધાન શેખ હસીનાની નવી દિલ્હીથી થયેલી વર્ચ્યુઅલ પ્રેસ કોન્ફરન્સને લઈને બાંગ્લાદેશે ભારત સામે કડક વિરોધ નોંધાવ્યો છે.

## ઉત્તર પ્રદેશમાં ભારે વરસાદ, ૧૦૦ વર્ષ જૂનું મકાન ધરાશાયી થતા એક જ પરિવારના ૬ વ્યક્તિના મોત

### દુર્ઘટનામાં દંપતી, તેમનો દીકરો-વહુ સાથે બે બાળકોના મૃત્યુ થયા, એકને ગંભીર ઈજા

પ્રતાપગઢ,

ચોમાસાની ઋતુમાં જુના અને જર્જરિત મકાનોથી દૂર રહેવા માટે તંત્ર દ્વારા વારંવાર સૂચનાઓ આપવામાં આવતી હોય છે. કારણ કે, વરસાદ અને ભેજના કારણે આવા મકાનો ધરાશાયી શકે છે. આવી જ એક ઘટના ઉત્તર પ્રદેશના પ્રતાપગઢમાંથી પ્રકાશમાં આવી છે. અહી એક ૧૦૦ વર્ષ જૂનુ મકાન ધરાશાયી થયું હોવાનું જાણવા મળ્યું છે. પોલીસે ઘટના સ્થળે પહોંચીને રાહત અને બચાવ કામગીરી શરૂ કરી દીધી છે.

વધારે વિગતે વાત કરવામાં આવે તો, પ્રતાપગઢ જિલ્લાના કોતવાળી પોલીસ સ્ટેશન વિસ્તારમાં આવેલા મહુલી એરિયામાં ભારે વરસાદ દરમિયાન ૧૦૦ વર્ષ જુનુ ઘર ધરાશાયી થઈ ગયું છે. આ મકાન ધરાશાયી થતા એક જ પરિવારના ૬ લોકોનું ઘટનાસ્થળે જ મોત થઈ ગયું, જ્યારે એકને ગંભીર ઈજાઓ પહોંતી હોવાથી તેના સારવાર અર્થે ખસેડવામાં આવ્યો છે. જ્યારે મકાન ધરાશાયી થયું ત્યારે આ પરિવાર સભ્યો સાથે એક જ રૂમમાં આરામ કરી રહ્યાં હતા. જેના કારણે તેમનું મોત થઈ ગયું હોવાનું પોલીસે જણાવ્યું છે.

જાણકારી મળતાની સાથે પોલીસની ટીમ ઘટનાસ્થળે પહોંચી ગઈ હતી. પોલીસે એક ઘાયલ વ્યક્તિને બહાર કાઢીને સારવાર અર્થે હોસ્પિટલ ખસેડ્યો હતો. પોલીસના જણાવ્યાં પ્રમાણે આ દુર્ઘટનામાં દંપતી, તેમનો દીકરો અને વહુ સાથે બે બાળોકનું મોત થયું છે. મહુલી ગામના રહેવાસી પ્રમોદ શ્રીવાસ્તવનું મકાન વર્ષો જુનુ અને જર્જરિત હતું. મકાન ધરાશાયી ત્યારે આસપાસના લોકો સત્વરે દોડી આવ્યાં અને પોલીસને જાણ કરી દીધી હતી. પોલીસે સ્થાનિકોની મદદથી કાટમાળ નીચે દટાયેલા મૃતકોને બહાર કાઢ્યા હતાં. જ્યારે એક વ્યક્તિ ગંભીર રીતે ઘાયલ થયો હતો, તેને સારવાર અર્થે ખેસડીને આગળની કાર્યવાહી શરૂ કરી દીધી હતી.

## ઈલોન મસ્કનું મહાકાય 'ફાલ્કન-૯' રોકેટ ચંદ્ર સાથે અથડાયું

### ૪૦૦૦ કિલોનું મહાકાય રોકેટઃ૮,૬૯૦ કિમી પ્રતિ કલાકની ઝડપે અથડાયું, આ ટક્કરથી પૃથ્વીને કોઈ ખતરો નથીઃ નાસા

વોશિંગટન

અમેરિકન બિઝનેસમેન ઈલોન મસ્કની કંપની સ્પેસએક્સનું એક મહાકાય બેકાબૂ રોકેટ ચંદ્રની સપાટી સાથે અથડાયું છે. ૪ હજાર કિલો વજનનું અને લગભગ ૫ માળની ઈમારત જેટલું મોટું આ રોકેટ લગભગ ૮,૬૯૦ કિમી/કલાકની ઝડપે અથડાયું. નાસાએ કહ્યું કે, 'આ ટક્કરથી પૃથ્વીને કોઈ ખતરો નથી. જોકે, આ ટક્કરથી હાલ શું પરિસ્થિતિ છે તેની હકીકત તસવીરો આવ્યા પછી ખબર પડશે.

આ બેકાબૂ ટુકડો સ્પેસએક્સના 'ફાલ્કન ૯' રોકેટનો ઉપરનો ભાગ છે. તેને જાન્યુઆરી ૨૦૨૫માં ફ્લોરિડાથી અમેરિકા અને જાપાનના બે લુનર લેન્ડરને અવકાશમાં મોકલવા માટે લોન્ચ કરવામાં આવ્યું હતું. મિશન પૂરું થયા પછી રોકેટનો આ ભાગ અવકાશમાં તરતો રહી ગયો.છેલ્લા ૧૮ મહિના દરમિયાન પૃથ્વી, ચંદ્ર અને સૂર્યના ગુરુત્વાકર્ષણના કારણે તેનો માર્ગ ધીમે ધીમે બદલાઈ ગયો. ખગોળશાસ્ત્રીઓએ ડેટાનો અભ્યાસ કરીને પહેલેથી જ અનુમાન લગાવ્યું હતું કે, આ રોકેટ ભટકીને સીધું ચંદ્ર તરફ જઈ રહ્યું છે અને તેની સાથે અથડાશે.

## ટેરિફ બોમ્બમાં ફસાયા ટ્રમ્પ, 'સુપ્રીમ'ના આદેશ બાદ અમેરિકાએ ૧૦૦ અબજ ડોલર પાછા આપવા પડ્યા

### સુપ્રીમ કોર્ટે ચુકાદામાં આંતરરાષ્ટ્રીય આપાતકાલીન આર્થિક શક્તિ અધિનિયમ હેઠળ લાદવામાં આવેલા ટેરિફના મોટા હિસ્સાને ગેરકાયદે ગણાવી રદ કર્યો

વોશિંગટન,

ડોનાલ્ડ ટ્રમ્પનો ટેરિફ બોમ્બ હવે તેમની પોતાની જ મુશ્કેલીઓ વધારી રહ્યો છે અને અમેરિકા પર ભારે પડી રહ્યો છે. વિતેલા વર્ષના એપ્રિલ મહિનામાં તેમણે વિશ્વના તમામ દેશો પર રેસિપ્રોકલ ટેરિફ લગાવવાનું શરૂ કર્યું હતું, જેના કારણે વૈશ્વિક સ્તરે ટ્રેડ વોરની પરિસ્થિતિ સર્જાઈ હતી. જોકે, આ ટેરિફ સામે દાખલ કરવામાં આવેલી અરજીઓ પર સુનાવણી કરતા અમેરિકાની સુપ્રીમ કોર્ટે ટ્રમ્પને મોટો આંચકો આપ્યો છે.

સુપ્રીમ કોર્ટે પોતાના એક મહત્ત્વના ચુકાદામાં આંતરરાષ્ટ્રીય આપાતકાલીન આર્થિક શક્તિ અધિનિયમ હેઠળ લાદવામાં આવેલા ટેરિફના એક મોટા હિસ્સાને ગેરકાયદે ગણાવીને રદ કરી દીધો છે.

આ સાથે જ કોર્ટે ટ્રમ્પ પ્રશાસનને વસૂલેલી રકમ રિફંડ કરવાનો આદેશ પણ આપ્યો હતો. તાજેતરની અપડેટ મુજબ, આ આદેશ બાદ આશરે $૧૦૦ અબજનું ટેરિફ કલેક્શન પરત કરી દેવામાં આવ્યું છે.

અમેરિકન કસ્ટમ્સ અધિકારીઓ દ્વારા કોર્ટમાં દાખલ કરાયેલી એક અરજીમાં ટેરિફ રિફંડ અંગે મહત્ત્વની માહિતી આપવામાં આવી છે. તેમાં જણાવાયું છે કે, સુપ્રીમ કોર્ટના નિર્ણય બાદ પ્રશાસને આશરે $૧૦૦ અબજની રકમ પરત કરી દીધી છે. US આંતરરાષ્ટ્રીય વ્યાપાર ન્યાયાલયમાં રજૂ કરાયેલી અરજી મુજબ, વ્યાજ સહિત રિફંડની પ્રક્રિયા સરકારની કસ્ટમ્સ રિફંડ સિસ્ટમ દ્વારા પૂરી કરી દેવામાં આવી છે અને નાણાંના વિતરણ માટે આ રકમ નાણા વિભાગને મોકલી આપવામાં આવી છે.ચાલુ વર્ષની શરૂઆતમાં ૨૦ ફેબ્રુઆરીના રોજ ૬-૩ની બહુમતીથી આપવામાં આવેલા ઐતિહાસિક ચુકાદામાં કોર્ટે આ ટેરિફને અમાન્ય જાહેર કર્યું હતું.

## ૨૦૦૦થી વધુના પેમેન્ટ પર ચાર્જનો નિયમ વેપારીઓ, મોટા વ્યવસાયિક સંસ્થાનો માટે છેઃ સંજય મલ્હોત્રા

### 'લોકોએ ગભરાવાની જરૂર નથી..', UPI પેમેન્ટ પર ચાર્જ વસૂલીના બિલ અંગે RBI ગર્વનરે આપ્યું નિવેદન

નવીદિલ્હી,

સંસદમાં હાલમાં જ રજૂ થયેલા નવા વિધેયક બાદ યુપીઆઈ ટ્રાન્ઝેક્શન પર મર્ચન્ટ ડિસ્કાઉન્ટ રેટ લાગુ કરવાના પ્રસ્તાવને લઈને દેશભરમાં ચર્ચા શરૂ થઈ ગઈ છે. આ નવા પ્રસ્તાવ મુજબ ૨૦૦૦ રૂપિયાથી વધુના પેમેન્ટ પર ચાર્જ લાગવાની વાત સામે આવી છે. જેને લઈને સામાન્ય નાગરિકોમાં મૂંઝવણ અને ચિંતાનો માહોલ જોવા મળી રહ્યો છે, પરંતુ વાસ્તવિકતા આનાથી કંઈક અલગ છે.

આ મામલે રિઝર્વ બેંક ઓફ ઈન્ડિયાના ગવર્નર સંજય મલ્હોત્રાએ સ્પષ્ટ કર્યું છે કે હાલના તબક્કે આ અંગે કોઈ પણ નિવેદન આપવું ખૂબ જ ઉતાવળભર્યું સાબિત થશે. પેમેન્ટ સિસ્ટમ અને સંશોધનો પર હજુ ઉચ્ચ સ્તરીય વિચાર-વિમર્શ ચાલી રહ્યો છે. તેમણે જણાવ્યું કે ઈલેક્ટ્રોનિક પેમેન્ટ સિસ્ટમનો ખર્ચ કોઈકે તો ઉઠાવવો જ પડે છે, પરંતુ ઈમ્નું મુખ્ય ધ્યાન ડિજિટલ લેવડ-દેવડને સુરક્ષિત અને વધુમાં વધુ પ્રોત્સાહન આપવા



પર જ છે.આ નવા વિધેયક અને પ્રસ્તાવને લઈને સોશિયલ મીડિયા પર અનેક પ્રકારની ભ્રામક માહિતી ફેલાઈ રહી છે, પરંતુ હકીકત એ છે કે આ નિયમ માત્ર વેપારીઓ અને મોટા વ્યવસાયિક સંસ્થાનો માટે જ છે. દૂધ, શાકભાજી, કરિયાણા અને ઓટો-ટેક્સીના સામાન્ય રોજિંદા વ્યવહારો પર તેની કોઈ જ અસર નહી થાય. ગ્રાહકો અગાઉની જેમ જ ૧ લાખ રૂપિયા સુધીની દૈનિક મર્યાદામાં નિશ્ચિત થઈને પેમેન્ટ કરી શકશે.આપણા દેશમાં થતા કુલ ડિજિટલ વ્યવહારોમાંથી ૯૫ ટકા ટ્રાન્ઝેક્શન ૨૦૦૦ રૂપિયાની મર્યાદાથી ઓછા હોય છે, જ્યારે માત્ર ૫ ટકા ટ્રાન્ઝેક્શન જ આ મર્યાદાથી ઉપર થાય છે.

CMYK CMYK

# વાયબ્રન્ટ ગુજરાત માટે મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલ અમેરિકા અને કેનેડાના પ્રવાસે જશે, રોડ શોની તૈયારીઓ શરૂ



## સરકાર ટૂંક સમયમાં સમગ્ર વિદેશ પ્રવાસ અને રોડ શોના કાર્યક્રમની સત્તાવાર જાહેરાત કરે તેવી શક્યતા

ગાંધીનગર,

આગામી વાયબ્રન્ટ ગુજરાત સમિટને વૈશ્વિક સ્તરે વધુ પ્રભાવશાળી બનાવવા માટે ગુજરાત સરકારે તૈયારીઓ તેજ કરી છે. રાજ્ય સરકાર દ્વારા વિવિધ દેશોમાં રોડ શો યોજવાની યોજના ઘડવામાં આવી રહી છે. આ અંતર્ગત મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલ અમેરિકા અને કેનેડાના પ્રવાસે જઈ રોકાણકારો અને ઉદ્યોગજગત સાથે સંવાદ કરશે. સરકાર ટૂંક સમયમાં સમગ્ર વિદેશ પ્રવાસ અને રોડ શોના કાર્યક્રમની સત્તાવાર જાહેરાત કરે તેવી શક્યતા છે.

સરકારી સૂત્રોના જણાવ્યા મુજબ, મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલ અમેરિકા અને કેનેડાના વિવિધ શહેરોમાં રોડ શો કરીને વૈશ્વિક રોકાણકારોને ગુજરાતમાં રોકાણ માટે આમંત્રિત કરશે.આ રોડ શોનો મુખ્ય હેતુ ગુજરાતને રોકાણ, ઉદ્યોગ, ટેક્નોલોજી અને નવી તકો માટે વૈશ્વિક ગંતવ્ય તરીકે રજૂ કરવાનો છે.

મુખ્યમંત્રી ઉપરાંત રાજ્યના અન્ય મંત્રીઓ પણ વિવિધ દેશોની મુલાકાત લેશે.ઉપ મુખ્યમંત્રી હર્ષ સંઘવી જાપાન અને યુરોપના પ્રવાસે જશે. મંત્રી અર્જુન મોઢવડીયા પણ વિદેશ પ્રવાસ કરીને રોકાણકારો સાથે બેઠક કરશે. નાણાંમંત્રી કનુભાઈ દેસાઈ પણ વાયબ્રન્ટ ગુજરાતના પ્રચાર માટે વિદેશ પ્રવાસ કરશે. આ તમામ પ્રવાસનો ઉદેશ આંતરરાષ્ટ્રીય રોકાણકારો, ઉદ્યોગપતિઓ અને વેપાર સંગઠનો સાથે સીધો સંપર્ક સ્થાપિત કરવાનો છે. ડેપ્યુટી મુખ્યમંત્રીની અધ્યક્ષતામાં ૨૬ સભ્યોની કોર કમિટી બનાવવામાં આવી છે. આ કમિટી સમગ્ર આયોજન અને નીતિગત નિર્ણયો પર દેખરેખ રાખશે.

મુખ્ય સચિવની અધ્યક્ષતામાં ૨૨ અધિકારીઓની એક્ઝિક્યુટિવ કમિટી રચવામાં આવી છે, જે કાર્યક્રમના અમલીકરણ, સંકલન અને વિવિધ વિભાગો વચ્ચે સુમેળ જાળવવાની જવાબદારી સંભાળશે.

હાલ સરકાર દ્વારા વિદેશ પ્રવાસની રૂપરેખા તૈયાર કરવામાં આવી રહી છે. રોડ શોના સ્થળો, તારીખો અને પ્રતિનિધિમંડળ અંગેની સત્તાવાર જાહેરાત આગામી દિવસોમાં કરવામાં આવે તેવી શક્યતા છે.ગુજરાત સરકારને આશા છે કે આ આંતરરાષ્ટ્રીય અભિયાન દ્વારા રાજ્યમાં વધુ વિદેશી રોકાણ આકર્ષવામાં અને નવા ઔદ્યોગિક કરારોને પ્રોત્સાહન આપવામાં મદદ મળશે.

# સબસિડાઈઝ્ડ ખાતરની કાળાબજારી અને ટેગિંગને રોકવા તપાસ અને નિરીક્ષણ અધિકારીની નિમણૂક

## સબસિડાઈઝ્ડ ખાતરનો બિન-કૃષિ ઉપયોગ, બનાવટી ખાતર અને સંગ્રહખોરી રોકવા અભિયાન

ગાંધીનગર,

રાજ્યના ખેડૂતોને પૂરતા પ્રમાણમાં, વ્યાજબી ભાવે અને પારદર્શી રીતે રાસાયણિક ખાતર મળી રહે તે માટે રાજ્ય સરકારે વધુ એક મહત્વપૂર્ણ નિર્ણય કર્યો છે. કૃષિ મંત્રી શ્રી જીતુભાઈ વાઘાણીની સૂચનાથી કૃષિ અને ખેડૂત કલ્યાણ વિભાગ દ્વારા રાજ્યમાં સબસિડાઈઝ ખાતરની વિતરણ વ્યવસ્થાની ચકાસણી કરવા તેમજ ગેરરીતિઓ સામે કડક પગલાં લેવા માટે તપાસ અધિકારીઓ અને નિરીક્ષણ અધિકારીઓની વિશેષ નિમણૂંક કરવામાં આવી છે.

કૃષિ મંત્રી શ્રી જીતુભાઈ વાઘાણીએ આ અંગે વિગતો આપતાં જણાવ્યુ હતું કે, રાજ્યમાં સબસિડાઈઝ્ડ ખાતરનો ઔદ્યોગિક કે બિન-કૃષિ ઉપયોગ તરફનો ડાયવર્ઝન, સંગ્રહખોરી કરીને કૃત્રિમ અછત ઊભી કરવી, કાળા બજારી, બનાવટી ખાતરનું વેચાણ તેમજ યુરિયા ખાતર સાથે અન્ય પ્રોડક્ટનું ફરજિયાત ટેગિંગ કરવા જેવી ગેરરીતિઓ સાંખી લેવામાં આવશે નહીં. ખેડૂતોના હિતનું રક્ષણ કરવા માટે સમગ્ર રાજ્યના જિલ્લાઓમાં તપાસ અધિકારીઓ અને નિરીક્ષણ અધિકારીઓની ટીમો તૈનાત કરવાનો નિર્ણય લેવાયો છે. નિમણૂક કરાયેલા તપાસ અધિકારીઓ ખાતરના ડીલર્સની રૂબરૂ મુલાકાત લઈ ઁજી મશીનના આંકડા અને ફિઝિકલ સ્ટોકની સચોટ ચકાસણી કરશે. તેઓ દરેક જિલ્લામાં યુરિયાનું સૌથી વધુ વેચાણ કરતા 'ટોપ ડીલર્સ'ની પણ વિગતવાર તપાસ કરશે. આ ઉપરાંત, ખેડૂતોને તેમની માંગણી મુજબ ખાતર મળે છે કે નહીં, યુરિયા સાથે અન્ય કોઈ ખાતર કે પ્રોડક્ટ પરામર્શ વગર ટેગ કરવામાં આવે છે કે નહીં, તેની પણ કડક ચકાસણી કરાશે.

# ગુજરાત રાજ્ય બીજ નિગમનો ડિવીડન્ડ ચેક મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલને અર્પણ

## સ્થાપના કાળથી અત્યાર સુધીમાં રાજ્ય સરકારને ૪૨.૮૨ કરોડ રૂપિયાનું ડિવીડન્ડ ચૂકવ્યું

ગાંધીનગર,

મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્ર પટેલને ગુજરાત રાજ્ય બીજ નિગમ દ્વારા ૨૦૨૪-૨૫ના વર્ષના ડિવીડન્ડ પેટે રૂ. ૬.૩૩ કરોડનો ચેક કૃષિ મંત્રી શ્રી જીતુભાઈ વાઘાણી અને રાજ્ય મંત્રી શ્રી રમેશભાઈ કટારાએ અર્પણ કર્યો હતો.

રાજ્યના ખેડૂતોને શુદ્ધ અને ઉચ્ચ ગુણવત્તાયુક્ત પ્રમાણિત બિયારણ મળી રહે તે માટે ગુજરાત રાજ્ય બીજ નિગમ કાર્યરત કરવામાં આવેલુ છે.

નિગમે તેની સ્થાપનાના વર્ષથી અત્યાર સુધીમાં રાજ્ય સરકારને કુલ ૪૨.૮૨ કરોડ રૂપિયાનું ડિવીડન્ડ ચૂકવ્યું છે.

'ગુરાબિની' બ્રાન્ડ હેઠળ રાજ્યમાં અને રાજ્ય બહાર પણ ખ્યાતિ પામેલા નિગમના બિયારણોની મોટી માંગ રહે છે. એટલું નહિ, ૧૦૭૦ ક્વિન્ટલ ઉત્પાદન અને ૮૩૫ ક્વિન્ટલ વિતરણથી શરૂ થયેલી બીજ નિગમની સફળતા ૨૦૨૪-૨૫માં ૩ લાખ ૩૪ હજાર ૭૩૯ ક્વિન્ટલ ઉત્પાદન અને વિતરણ સુધી વિસ્તરી છે.

રાજ્યમાં પ્રમાણિત બીજની જરૂરિયાત સામે ગુજરાત રાજ્ય બીજ નિગમ મસાલા પાકમાં ૩૦ ટકા, ધાન્ય પાકોમાં ૧૯ ટકા, કઠોળ પાકોમાં ૧૪ ટકા અને તેલિબિયા પાકોમાં ૧૦ ટકા બિયારણ ઉત્પાદન અને વિતરણ કર્યુ છે.મુખ્યમંત્રીશ્રીને ૨૦૨૪-૨૫ના વર્ષના ગુરાબિની ના આ ડિવીડન્ડ ચેક અર્પણ અવસરે મુખ્યમંત્રીશ્રીના અગ્ર સચિવ શ્રી સંજીવ કુમાર, કૃષિ-ખેડૂત કલ્યાણ નિગમના અગ્ર સચિવ શ્રી આર.સી. મીના, નિગમના એમ.ડી. શ્રી રાજપૂત અને વરિષ્ઠ અધિકારીઓ ઉપસ્થિત રહ્યા હતા.

# કોમનવેલ્થ ગેમ્સ ૨૦૩૦નું કાઉન્ટડાઉન શરૂ, કોમનવેલ્થ ફલેગ મુખ્યમંત્રીને સુપ્રત કરાયો

## વર્ષ ૨૦૩૦ની કોમનવેલ્થ ગેમ્સ માટે રાજ્ય સરકાર, રમતગમત વિભાગ અને સંબંધિત તમામ સંસ્થાઓના સંકલન સાથે 'ટીમ ગુજરાત' સંપૂર્ણ સજ્જ : હર્ષ સંઘવી

ગાંધીનગર,

વર્ષ ૨૦૩૦ની કોમનવેલ્થ ગેમ્સનું આયોજન અમદાવાદ ખાતે સફળતાપૂર્વક થાય તે માટે ગુજરાત સરકાર દ્વારા વ્યાપક તૈયારીઓ શરૂ કરવામાં આવી છે. નાયબ મુખ્યમંત્રી હર્ષ સંઘવીએ જણાવ્યું કે રાજ્ય સરકાર, રમતગમત વિભાગ અને સંબંધિત તમામ સંસ્થાઓના સંકલન સાથે 'ટીમ ગુજરાત' સંપૂર્ણ સજ્જ બની રહી છે. રાજ્યનો હેતુ માત્ર સફળ આયોજન કરવાનો જ નહીં પરંતુ ગુજરાતને આંતરરાષ્ટ્રીય રમતગમતના નકશા પર વધુ મજબૂત સ્થાન અપાવવાનો પણ છે.



નાયબ મુખ્યમંત્રી હર્ષ સંઘવીએ ગુજરાત અને દેશના તમામ યુવા ખેલાડીઓને અભિનંદન પાઠવતાં જણાવ્યું કે કોમનવેલ્થ ગેમ્સ ૨૦૩૦ માટેની તૈયારીઓ આયોજનબદ્ધ રીતે આગળ વધી રહી છે. તેમણે જણાવ્યું કે રાજ્ય સરકાર તમામ જરૂરી ઈન્ફ્રાસ્ટ્રક્ચર, રમતગમતની સુવિધાઓ, ખેલાડીઓ માટેની વ્યવસ્થાઓ અને આયોજનના દરેક પાસા પર સતત કામગીરી કરી રહી છે જેથી અમદાવાદ વિશ્વસ્તરીય રમતોત્સવનું સફળ યજમાન બની શકે.

હર્ષ સંઘવીએ જણાવ્યું કે કોમનવેલ્થ ફેડરેશન, ઈન્ડિયન ઓલિમ્પિક એસોસિએશન, સ્પોર્ટ્સ ઓથોરિટી ઓફ ઈન્ડિયા તેમજ રાજ્યના રમતગમત વિભાગના માર્ગદર્શન હેઠળ વિવિધ સ્તરે કામગીરી કરવામાં આવી રહી છે. તમામ સંસ્થાઓ વચ્ચે સતત સંકલન જળવાઈ રહે તે માટે આયોજન કરવામાં આવ્યું છે, જેથી આયોજનના દરેક તબક્કે આંતરરાષ્ટ્રીય ધોરણોનું પાલન થઈ શકે.

# સુરતમાં ધારાસભ્ય કાંતિ બલરની ઓફિસમાં વોર્ડ ૫ ના ભાજપ નગરસેવકો વચ્ચે ઝપાઝપી

## જયશ્રીબેન વોરાએ TP ચેરમેન મહેન્દ્ર દેસાઈ પર હુમલાનો આક્ષેપ કરી પ્રદેશ ભાજપમાં ફરિયાદ કરી

સુરત,

સુરત મહાનગરપાલિકા (SMC)ના વોર્ડ નંબર ૫ માં ભાજપના આંતરિક આક્ષેપ-પ્રતિઆક્ષેપો હવે સરેઆમ મારામારી અને ઝપાઝપી સુધી પહોંચી ગયા છે. ભાતની વાડી સોસાયટીના સ્થાનિક પ્રશ્નો અને મકાનો તોડવા અંગેના વિવાદને ઉકેલવા માટે સુરત ઉત્તરના ધારાસભ્ય કાંતિ બલરની કાર્યાલય ખાતે એક ખાસ બેઠકનું આયોજન કરવામાં આવ્યું હતું.

ભાજપના જ નેતાઓ એક બીજા સામે ગંભીર આક્ષેપો કરતા પક્ષની શિસ્ત અને વિશ્વસનિયતા પર પ્રશ્નાર્થ ઊભો થયો છે, ત્યારે હવે સત્ય શું છે તે બહાર લાવવાની જવાબદારી પક્ષના નેતૃત્વ પર આવી પડી છે. જો કે, શહેર ભાજપ પ્રમુખ હાલ વિદેશ હોવાથી આ મુદ્દે કોણ આગેવાની લેશે તે ચર્ચાનો વિષય બન્યો છે.

આ તમામ આક્ષેપો સામે ધારાસભ્ય કાંતિ બલરે મીડિયા સાથેની વાતચીતમાં જણાવ્યું હતું કે, "મારી ઉપર લાગેલા તમામ આરોપો પાયાવિહોણા છે. મારી ઓફિસમાં મારામારી થાય અને હું ચૂપ બેસું તે વાત શક્ય જ નથી. મેં બંને પક્ષોને છોડાવ્યા હતા અને કોઈ મહિલા પર હુમલો થયો નથી."

SMCના ના ઉત્તર વિધાનસભાના ધારાસભ્ય કાંતિ બલની ઑફિસમાં સોમવારની મિટિંગ ભાજપ માટે પ્રતિષ્ઠાનો પ્રશ્ન બની ગઈ છે. સૂત્રોના જણાવ્યા મુજબ, ધારાસભ્યની ઑફિસમાં યોજાયેલી બેઠક દરમિયાન ટીપી કમિટીના ચેરમેન મહેન્દ્ર દેસાઈ અને મહિલા કોર્પોરેટર જયશ્રી વોરાના પતિ મનહર વોરા વચ્ચે ઉગ્ર બોલાચાલી થઈ હતી.

# વડોદરામાં સ્કોર્પિયોમાં એમડી ડ્રગ્સની હેરાફેરી કરનાર પરપ્રાંતીય દંપતી ઝડપાયું

## પોલીસે કુલ ૫૭.૧૯ લાખનો મુદ્દામાલ જપ્ત કર્યો

વડોદરા,

શહેરમાં ડ્રગ્સના ગેરકાયદે નેટવર્ક સામે વડોદરા પોલીસની કાર્યવાહી સતત ચાલુ છે. વડોદરા શહેર લોકલ ક્રાઈમ બ્રાન્ચ ઝોન-૪ની ટીમે બાતમીના આધારે મોટી કાર્યવાહી કરી મધ્યપ્રદેશથી અમદાવાદ તરફ લઈ જવાતો મેફેડ્રોન ડ્રગ્સનો જથ્થો ઝડપી પાડ્યો છે.

પોલીસે ગોલ્ડન ચોકડીથી લેક્ઝોન તરફ જતા માર્ગ પર એરફોર્સ ગેટ સામે એક સ્કોર્પિયો કારને અટકાવી તપાસ હાથ ધરી હતી. જેમાં પતિ-પત્ની પાસેથી એમડી ડ્રગ્સનો જથ્થો મળી આવતા બંનેની ધરપકડ કરવામાં આવી હતી. પોલીસે આ સમગ્ર કેસમાં કુલ ૫૭.૧૯ લાખનો મુદ્દામાલ જપ્ત કર્યો છે.

વડોદરા એલસીબી ઝોન-૪ની ટીમને માહિતી મળી હતી કે મધ્યપ્રદેશ તરફથી એક સ્કોર્પિયો કારમાં એમડી ડ્રગ્સનો જથ્થો અમદાવાદ લઈ જવામાં આવી રહ્યો છે. આ બાતમીના આધારે પોલીસે વોચ ગોઠવી હતી.દરમિયાન શંકાસ્પદ સ્કોર્પિયો કાર આવતા તેને રોકી તપાસ કરવામાં આવી હતી. તપાસ દરમિયાન કારમાં સવાર દંપતી ડ્રગ્સની હેરાફેરીમાં સંડોવાયેલા હોવાનું સામે આવ્યું હતું.

પોલીસ તપાસમાં સામે આવ્યું છે કે મધ્યપ્રદેશના મંદસૌર જિલ્લાના સીતામઉ તાલુકાના સુરજની ગામમાં રહેતા અય્યુબખાન મોહમ્મદજમાનખાન અને તેની પત્ની નાઝમીન ડ્રગ્સના ગેરકાયદે ધંધામાં સંકળાયેલા હતા.આરોપી નાઝમીને પોતાના શરીરના છાતીના ભાગે મેફેડ્રોન ડ્રગ્સનો જથ્થો છુપાવ્યો હતો. બંને પોતાની માલિકીની મહિન્દ્રા સ્કોર્પિયો કારમાં મંદસૌરથી અમદાવાદ તરફ જઈ રહ્યા હતા.પોલીસ પૂછપરછમાં ખુલાસો થયો છે કે આરોપીઓએ આ એમડી ડ્રગ્સનો જથ્થો મંદસૌરના જાફર નામના વ્યક્તિ પાસેથી ખરીદ્યો હતો.આરોપીઓએ અંદાજે ૭ લાખ રોકડા આપી ડ્રગ્સ મેળવ્યું હતું અને તેને અમદાવાદમાં રહેતા રવિ નામના વ્યક્તિને વેચવાનો હતો.

# મહેસાણાના ચિલ્ડ્રન હોમમાંથી ૧૩ વર્ષીય કિશોર ગુમ, સ્ટાફની હાજરી છતાં સુરક્ષા પર ઉઠ્યા સવાલ

## કિશોરે નાઈટ વોચમેનને ટોયલેટ જવાનું હોવાનું કહીને બહાર જવા માટે પરવાનગી લીધી હતી




મહેસાણા,

મહેસાણા જિલ્લામાં એક ચિંતાજનક ઘટના સામે આવી છે. નુગર નજીક આવેલા સરકારી ચિલ્ડ્રન હોમમાંથી ૧૩ વર્ષીય કિશોર ગુમ થતાં ચકચાર મચી ગઈ છે. કિશોર ગુમ થવાની ઘટના બાદ સંસ્થાની સુરક્ષા વ્યવસ્થા અને સ્ટાફની કામગીરી સામે અનેક સવાલો ઉભા થયા છે. મળતી માહિતી મુજબ, કિશોરે નાઈટ વોચમેનને ટોયલેટ જવાનું હોવાનું કહીને બહાર જવા માટે પરવાનગી લીધી હતી. ત્યારબાદ તે પરત ફર્યો ન હતો. લાંબા સમય સુધી કિશોર ન મળતા ચિલ્ડ્રન હોમના સ્ટાફમાં દોડધામ મચી ગઈ હતી.

પ્રાથમિક માહિતી અનુસાર, નુગર નજીક આવેલા સરકારી ચિલ્ડ્રન હોમમાં રહેતો ૧૩ વર્ષીય કિશોર રાત્રિના સમયે નાઈટ વોચમેનને ટોયલેટ જવાનું કહીને બહાર નીકળ્યો હતો.જોકે, બહાર ગયા બાદ તે ફરીથી ચિલ્ડ્રન હોમમાં પરત આવ્યો ન હતો. કિશોરની શોધખોળ કરવામાં આવતા તે ક્યાંય મળી આવ્યો ન હતો.ચિલ્ડ્રન હોમમાં સ્ટાફ હાજર હોવા છતાં કિશોર બહાર કેવી રીતે નીકળી ગયો અને તેની જાણ કેમ ન થઈ તે અંગે સવાલો ઉઠી રહ્યા છે.

# અમદાવાદમાં વેપારીનું સીએસસી આઈડી હેક કરી રૂ. ૭૧.૭૯ લાખની કરી છેતરપિંડી

### વેપારીએ નારોલ પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવી



અમદાવાદ,

શહેરના નારોલ વિસ્તારમાં સાયબર ક્રાઈમનો ચોંકાવનારો કિસ્સો સામે આવ્યો છે. ગાડીના સ્પેરપાર્ટ્સના વેપારી અને સાઈડ બિઝનેસ તરીકે રેલવે-બસ ટિકિટ બુકિંગનું કામ કરતા વેપારીની સીએસસી આઈડી હેક કરીને રૂ. ૭૧.૭૯ લાખના બિનઅધિકૃત મોબાઈલ રિચાર્જ ટ્રાન્ઝેક્શન કરી અજાણ્યા શખ્સોએ મોટી છેતરપિંડી આચરી છે. સમગ્ર મામલે નારોલ પોલીસે ગુનો નોંધી તપાસ શરૂ કરી છે. પોલીસમાં નોંધાયેલી ફરિયાદ મુજબ, લાંભા વિસ્તારમાં રહેતા વેપારી ગાડીના સ્પેરપાર્ટ્સનો વ્યવસાય કરે છે. તેઓ વર્ષ ૨૦૨૫થી પોતાના સીએસસી આઈડી મારફતે રેલવે અને બસ ટિકિટ બુકિંગની સેવા પણ આપતા હતા. જોકે વર્ષ ૨૦૨૬માં તેમણે આ વ્યવસાય બંધ કરી દીધો હતો. થોડા સમય બાદ તેમને તેમના ઝજીઝ એકાઉન્ટમાં મોટી રકમના શંકાસ્પદ વ્યવહારો થયાની જાણ થતાં તપાસ કરી હતી. તપાસ દરમિયાન સામે આવ્યું કે, અજાણ્યા સાયબર ઠગે વેપારીની સીએસસી આઈડી હેક કરી તેમાં પોતાનો મોબાઈલ નંબર અને ઈ-મેઈલ આઈડી રજિસ્ટર કરી દીધા હતા. ત્યારબાદ હેકરે આ આઈડીનો ગેરકાયદેસર ઉપયોગ કરીને વિવિધ મોબાઈલ નંબરો પર કુલ રૂ. ૭૧.૭૯ લાખના મોબાઈલ રિચાર્જ ટ્રાન્ઝેક્શન કર્યા હતા. ફ્રોડની જાણ થતાં વેપારીએ નારોલ પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવી હતી.ફરિયાદના આધારે નારોલ પોલીસે અજાણ્યા સાયબર ઠગ સામે ગુનો નોંધી તપાસ હાથ ધરી છે. પોલીસે ટ્રાન્ઝેક્શનની વિગતો, ઉપયોગમાં લેવાયેલા મોબાઈલ નંબર, ઈ-મેઈલ અને ટેક્નિકલ પુરાવાના આધારે આરોપીને શોધવાના પ્રયાસો શરૂ કર્યા છે.

સાયબર નિષ્ણાતોના જણાવ્યા મુજબ આવા કેસોમાં સમયાંતરે એકાઉન્ટનો પાસવર્ડ બદલવો જોઈએ. ટુ-ફેક્ટર ઓથેન્ટિકેશન સક્રિય રાખવું અને લાંબા સમયથી ઉપયોગમાં ન હોય તેવા એકાઉન્ટ્સ નિયમિત તપાસવા જરૂરી છે અને ન કામના એકાઉન્ટ રાખવાનું ટાળો.

# અમદાવાદમાં તાવ, ઝાડા-ઉલ્ટી અને મચ્છરજન્ય બીમારીઓના દર્દીઓની સંખ્યામાં ચિંતાજનક ઉછાળો

## અમદાવાદની હોસ્પિટલો દર્દીઓથી ઉભરાઈ; સોલા સિવિલમાં જ ૧૩૬૯૦ કેસ

અમદાવાદ,

અમદાવાદમાં તાવ, ઝાડા-ઉલ્ટી અને મચ્છરજન્ય બીમારીઓના દર્દીઓની સંખ્યામાં ચિંતાજનક ઉછાળો જોવા મળ્યો છે. શહેરની સોલા સિવિલ હોસ્પિટલ ખાતે આરોગ્ય વિષયક સ્થિતિ વણસી રહી હોવાના સ્પષ્ટ સંકેતો મળી રહ્યા છે. સોલા સિવિલ હોસ્પિટલમાં અત્યાર સુધીમાં કુલ ૧૩,૬૯૦ કેસ નોંધાઈ ચૂક્યા છે. ગયા અઠવાડિયે જ્યાં દૈનિક/સાપ્તાહિક સ્તરે ૧૧૦૦ જેટલી ઓપીડી નોંધાતી હતી, તેમાં એક જ અઠવાડિયામાં ૨૦૦૦ જેટલા કેસોનો સીધો વધારો નોંધાયો છે. ગયા અઠવાડિયાની સરખામણીએ ડેન્ગ્યુ અને મલેરિયા બંનેના કેસોમાં ૧૦-૧૦ કેસનો વધારો થયો છે. હોસ્પિટલમાં હાલ ડેન્ગ્યુના ૩૩ કેસ, ચિકનગુનિયાના ૧૫ કેસ, મલેરિયાના ૧૨ કેસ અને દૂષિત પાણીના કારણે થતા ઝાડા-ઉલ્ટીના ૧૪ કેસ નોંધાયા છે. સ્થાનિક હોસ્પિટલોમાં તાવ અને ઝાડા-ઉલ્ટીના દર્દીઓની લાંબી લાઈનો જોવા મળી રહી છે, જેના કારણે હોસ્પિટલ તંત્ર પર પણ ભારણ વધી ગયું છે.

દરમિયાન બીમારીના વધતા આંકડાને પગલે જામનગરમાં સ્થાનિક આરોગ્ય તંત્ર હરકતમાં આવ્યું છે. મચ્છરોના ઉપદ્રવને રોકવા અને રોગચાળો આગળ વધતો અટકાવવા માટે તંત્ર દ્વારા ઘર-ઘર જઈને સર્વેની કામગીરી હાથ ધરવામાં આવી છે. પોરાનાશક (અળસિયા/મચ્છરના લાર્વા નાશક) દવાનો છંટકાવ, ક્લોરિનેશન અને જે વિસ્તારોમાં પાણી ભરાયેલા છે ત્યાં ખાસ ઝુંબેશ ચલાવવામાં આવી રહી છે.

જામનગરમાં ચોમાસા દરમ્યાન રોગચાળાનો ખતરો વધતા મહાનગરપાલિકાનું આરોગ્ય વિભાગ સતર્ક બન્યું છે. ડેન્ગ્યુ અને મલેરિયા સહિતના રોગોને રોકવા સઘન આરોગ્ય સર્વે શરૂ કરવામાં આવ્યો છે. જામનગર મહાનગરપાલિકાની ૧૩ આરોગ્ય કેન્દ્રોની ૧૬૪ ટીમો દ્વારા ઘરે-ઘરે સર્વે કરાયો. છેલ્લાં એક સપ્તાહ દરમિયાન ૯૧,૧૨૬ ઘરોમાં આરોગ્ય તપાસ કરાઈ. ૧,૫૪૩ ઘરોમાં મચ્છરના લાર્વા મળી આવ્યા. ૨,૦૨૩ પાણી ભરાયેલા પાત્રોમાંથી લાર્વાનો નાશ કરાયો. ૪૭,૦૮૪ પાણીના પાત્રોમાં ટેમિફોસ દવાનો ઉપયોગ કરાયો.

# સાબરમતી જેલની સુરક્ષા સામે સવાલ: નકલી વકીલ બની આરોપીને મળવા કુખ્યાત શખ્સ પહોંચ્યો

## ગુજરાત હાઈકોર્ટના એડવોકેટ ક્રિશન અંબાવીએ રાણીપ પોલીસ મથકમાં અરજી આપી

અમદાવાદ,

સાબરમતી સેન્ટ્રલ જેલની સુરક્ષા વ્યવસ્થાને લઈને ગંભીર સવાલો ઉભા થયા છે. નકલી વકીલ તરીકે કુખ્યાત આરોપી હરેશ મૂલચંદાણી વકીલના સ્વાંગમાં સાબરમતી જેલમાં પ્રવેશ મેળવી એક આરોપીને મળ્યો હોવાનો આક્ષેપ સામે આવ્યો છે. સમગ્ર ઘટનાને પગલે વકીલ આલમમાં ભારે રોષ જોવા મળી રહ્યો છે. હરેશ મૂલચંદાણી સામે ક્રિકેટ સટ્ટા સહિતના ગંભીર ગુનાઓના કેસ નોંધાયેલા હોવાનું સામે આવ્યું છે. આવા ગંભીર ગુનાના આરોપી દ્વારા નકલી વકીલ તરીકે જેલમાં પ્રવેશ મેળવી અન્ય આરોપીને મળવાની ઘટના જેલની સુરક્ષા વ્યવસ્થા અને મુલાકાતની પ્રક્રિયા સામે ગંભીર પ્રશ્નો ઉભા કરે છે.

સમગ્ર મામલે ગુજરાત હાઈકોર્ટના એડવોકેટ ક્રિશન અંબાવીએ રાણીપ પોલીસ મથકમાં અરજી આપી છે. તેમણે નકલી વકીલ બનીને જેલમાં પ્રવેશ મેળવનાર હરેશ મૂલચંદાણી સામે તેમજ આ સમગ્ર ઘટનામાં જવાબદાર લોકો સામે કડક કાર્યવાહી કરવાની માગ કરી છે. એડવોકેટ ક્રિશન અંબાવીનું કહેવું છે કે, વકીલ તરીકે આરોપીને મળવા માટે જેલ ઓથોરિટી સમક્ષ અરજી કરવાની હોય છે. આ ઉપરાંત સંબંધિત વકીલનું ઓળખપત્ર પણ જરૂરી હોય છે. આવી સ્થિતિમાં કોઈ વ્યક્તિ નકલી વકીલ તરીકે જેલની અંદર પ્રવેશ મેળવી શકે તે અત્યંત ગંભીર બાબત છે. તેમણે વધુમાં રજૂઆત કરી છે કે, આ પ્રકારની ઘટનાથી માત્ર જેલ પ્રશાસનની સુરક્ષા વ્યવસ્થા પર જ સવાલ ઊભા થતા નથી, પરંતુ જેલમાં રહેલા અન્ય કેદીઓની સુરક્ષા પણ જોખમાઈ શકે છે. નકલી ઓળખ સાથે જેલમાં પ્રવેશ મેળવનાર વ્યક્તિ જો કોઈ કેદી સાથે મુલાકાત કરી શકે છે, તો તેનો ઉપયોગ અન્ય ગેરકાયદેસર પ્રવૃત્તિ માટે પણ થઈ શકે તેવી શક્યતા નકારી શકાય નહીં.

આ ઘટનાને લઈને એડવોકેટ ક્રિશન અંબાવીએ બાર કાઉન્સિલ ઓફ ગુજરાત તેમજ અન્ય વકીલ મંડળોને પણ પત્ર લખીને સમગ્ર ઘટનાની જાણ કરી છે. સાથે જ વકીલોની ઓળખની ચકાસણી માટે વધુ મજબૂત વ્યવસ્થા ઊભી કરવાની માગ કરવામાં આવી છે. ખાસ કરીને વકીલો માટે ઈ-વેરિફિકેશનની સુદ્દઢ વ્યવસ્થા ઊભી કરવામાં આવે તેવી માગ કરવામાં આવી છે, જેથી કોઈ વ્યક્તિ માત્ર વકીલનો દેખાવ કે ઓળખપત્ર બતાવીને જેલ જેવી સંવેદનશીલ જગ્યામાં પ્રવેશ મેળવી ન શકે.

# દ્વારકામાં હોટલ, ગેસ્ટ હાઉસ અને રેસ્ટોરન્ટધારકો નિયમને ઘોળીને પી ગયાનો ગણગણાટ

## વપરાશ પરવાનગી વગર ચાલતા હોટલ ગેસ્ટ હાઉસ અને રેસ્ટોરન્ટ મામલે ઉચ્ચસ્તરીય તપાસની જરૂરિયાત, માર્જિન અને પાર્કિંગ વગરના બાંધકામોનો રાફડો ફાટ્યો હોવાની સ્થિતિ, તંત્ર ચેકીંગ કરે તે જરૂરી

જામનગર : દ્વારકામાં હોટલ, ગેસ્ટ હાઉસ અને રેસ્ટોરન્ટમાં નિયમનું ઉલંઘન થતું હોવાની રાવ ઉઠી રહી છે.ટાઉન પ્લાનિંગ એક્ટ અને જીડીસીઆર એ (જનરલ ડેવલપમેન્ટ કંટ્રોલ રેગ્યુલેશન્સ) મકાનો અને બાંધકામ માટેના સરકારી નિયમો, એફએસઆઈ (હ્રજૈ) મર્યાદા અને રસ્તાની પહોળાઈ નક્કી કરે છે. તે બાબતે પગલાં લેવાની સત્તાઓ ચીફ ઓફિસર ઉપરાંત મામલતદાર, એસડીએમ અને કલેક્ટરને છે કેમકે આ નિયમોનો હેતુ આયોજનબદ્ધ વિકાસ અને સુરક્ષિત બાંધકામ સુનિશ્ચિત કરવું તે છે. હવે આ કાયદાઓના પાલન દ્વારકામાં ચુસ્ત રીતે થતું ન હોવાનું અથવા તો અમલવારીમાં પક્ષપાત થતા હોવાથી મહત્વના શહેર દ્વારકામાં વપરાશ પરવાનગી વગર ચાલતા હોટલ ગેસ્ટ હાઉસ અને રેસ્ટોરન્ટ મામલે ઉચ્ચસ્તરીય તપાસની તાતી જરૂરનો જાણકારોમાં સૂર ઉઠ્યો છે.

દ્વારકા અને ઓખા વિસ્તારમાં બાંધકામ સહિતની વિકાસ પરવાનગીઓનો માર્ગ ફરી ખુલ્યો છે. રાજ્યના શહેરી વિકાસ અને શહેરી ગૃહનિર્માણ વિભાગે તા. ૨૩ જુલાઈ, ૨૦૨૬ના રોજ સત્તાવાર હુકમ બહાર પાડી બંને નગરપાલિકાઓને આ કામગીરી ચાલુ રાખવાની સત્તા તા. ૩૦ સપ્ટેમ્બર, ૨૦૨૬ સુધી લંબાવી છે સરકારી હુકમ મુજબ દ્વારકા-ઓખા શહેરી વિકાસ સત્તામંડળ અસ્તિત્વમાં આવ્યા બાદ લેઆઉટ પ્લાન, બાંધકામ પરવાનગી અને કમ્પ્લીશન સર્ટિફિકેટ સહિતની અરજીઓનો નિકાલ કરવાની જવાબદારી અગાઉની સ્થિતિ મુજબ દ્વારકા તથા ઓખા નગરપાલિકાઓને સોંપવામાં આવી હતી. આ સત્તાની છેલ્લી સમયમર્યાદા તા. ૩૧ માર્ચ, ૨૦૨૬ના રોજ પૂર્ણ થઈ હતી. સમયમર્યાદા પૂર્ણ થતાં બાંધકામ અને વિકાસ પરવાનગી અને કમ્પ્લિશન કે બિલ્ડિંગ યુઝ (બી.યુ.) સંબંધિત અરજીઓના નિકાલ સમયમર્યાદા વધુ છ માસ માટે રાજ્ય સરકારે ગુજરાત નગર રચના અને શહેરી વિકાસ અધિનિયમ, ૧૯૭૬ની કલમ ૨૩(૨) હેઠળ મંજૂરી આપી છે.

હવે દ્વારકા અને ઓખા નગરપાલિકાઓ તા. ૩૧ માર્ચ પછી રજૂ થયેલી લેઆઉટ પ્લાન, બાંધકામ પરવાનગી તથા કમ્પ્લીશન સર્ટિફિકેટ સહિતની અરજીઓ અંગે નિયમ મુજબ નિર્ણય લઈ શકશે.

### કાયદો શું કહે છે ?

દ્વારકા શહેરમાં વેપારી કોમ્પ્લેક્સ, હોટેલ, ગેસ્ટહાઉસ, શોરૂમ અને અન્ય કોમર્શિયલ બાંધકામો ઝડપથી વધી રહ્યા છે. આવા બાંધકામોને મંજૂરી આપતી વખતે ગુજરાત ટાઉન પ્લાનિંગ એન્ડ અર્બન ડેવલપમેન્ટ અધિનિયમ સંબંધિત તથા રાજ્ય સરકારના નિયમોનું પાલન કરવું ફરજિયાત છે. જો મંજૂરી પ્રક્રિયામાં નિયમોનું ઉલ્લંઘન થાય, નકશા કરતાં વધારે બાંધકામ થાય, એફએસઆઈમાં ગેરરીતિ થાય અથવા લાંચના આધારે પરવાનગી આપવામાં આવે, તો માત્ર સરકારને જ નહીં પરંતુ ખરીદદારો અને રોકાણકારોને પણ મોટું નુકસાન થઈ શકે છે. જમીનનું ઝોનિંગ , માલિકીના દસ્તાવેજો, સ્થિતિ, મંજૂર બિલ્ડિંગ પ્લાન, પાર્કિંગ વગેરે સાથે વરસાદી પાણી નિકાલ, ગટર અને પર્યાવરણ સંબંધિત નિયમો સહિતના નિયમોનું ચુસ્ત પાલન કરવાનું આ પરવાનગી મંજૂરી, સરકારના પત્ર મુજબ સ્પષ્ટ છે અને નિયમો મુજબની આ પ્રક્રિયા પારદર્શક રીતે અમલમાં આવે તો ગેરકાયદે બાંધકામ અટકાવી શકાય છે. જો કે, જ્યાં નિયમોના અમલમાં બેદરકારી કે ભ્રષ્ટાચારના આક્ષેપો થાય ત્યાં શહેરના આયોજન પર લાંબા ગાળાની નકારાત્મક અસર પડી શકે છે.

### દ્વારકામાં બાંધકામ બાબતે મોટે ભાગે શું થાય છે અને રિનોવેશનની અરજીઓના ખેલ શું છે ??

હોટલ સહિતના કોમર્શિયલ બાંધકામોની નિયમ મુજબ ત્રણ માળની મંજૂરી આપી શકાય છે છતાંય વધુ માળ ચણવાની મુકસંમતી નગરપાલિકાના ચોક્ક?સ વ્યક્તિ સાથે "વહીવટ" થાય તો મળી જાય છે તેમ ખુદ અમુક બાંધકામ કરનારા અને જોનારાઓમાં ચર્ચા છે. કેમકે કાયદા મુજબ કોમર્શિયલ કૉમ્પ્લેક્સ કે મોટી હોટેલ બનાવવા માટે પ્લોટની સામેનો રસ્તો ઓછામાં ઓછો ૧૨ મીટર (આશરે ૪૦ ફૂટ) કે તેથી વધુ પહોળો હોવો જોઈએ એફએસઆઈ દ્વારકા જેવા નગરપાલિકા વિસ્તારમાં ઝોનિંગ મુજબ સામાન્ય રીતે ૧.૫ થી ૨.૭૫ સુધીની એફએસઆઈ મળવાપાત્ર થાય છે. આનો અર્થ એ કે પ્લોટના કદના પ્રમાણમાં કેટલા ચોરસ મીટરનું કુલ બાંધકામ કરી શકાય તે નક્કી થાય છે. કોમર્શિયલ બાંધકામમાં કુલ વપરાશના એરિયાના ઓછામાં ઓછા ૨૦% થી ૩૦% જગ્યા માત્ર અને માત્ર પાર્કિંગ માટે અનામત રાખવી ફરજિયાત છે. ગ્રાઉન્ડ ફ્લોર પર અથવા બેઝમેન્ટ બનાવીને પાર્કિંગની સુવિધા આપવી પડે છે. રસ્તાની પહોળાઈ અને બિલ્ડિંગની ઊંચાઈના આધારે રોડની બાજુએ ઓછામાં ઓછી ૩ થી ૬ મીટર જગ્યા ખુલ્લી છોડવી પડે છે હવે આ બધી બાબતો મુજબ બંધન કર્યા બાદ જ કમ્પ્લિશન સર્ટિફિકેટ અને બી.યુ.પ્રમોશન મળે છે સાથે સાથે દ્વારકામાં જગતમંદિર સહિત જે જે બીજા પણ પુરાતન રક્ષિત સ્થાન છે તેના ૩૦૦ મીટર માં તો બાંધકામની જ મનાઈ છે છતાંય કરોળિયાના જાળાની જેમ બાંધકામ વધે છે કેમ? દરમ્યાન બીજો સ્ફોટક વિષય છે રિનોવેશન અંગેની અરજીઓનો અને ઝોન અંગેનો, તેમજ કમ્પ્લિશન કે બીયુ કેમ લેવાતા નથી અને શુકામ અપાતા નથી? દ્વારકાની આ સંવેદન શીલ સ્થિતિ વિશે નિષ્ણાતોના અવલોકનો મળ્યે પર્દાફાશ થઈ શકે છે.

# જામનગરના વેપારી પાસે વ્યાજખોરે ૩૨ લાખની સામે ૨૨ લાખ વસુલી ૬૨૦ ગ્રામ ગિરવે મૂકેલ સોનુ પચાવી પાડયું

## અન્ય વ્યાજખોર દ્વારા વેપારી પાસે પઠાણી ઉઘરાણી કરી જાનથી મારી નાખવાની ધમકી આપી

જામનગર : જામનગરમાં વ્યાજખોરી અને પઠાણી ઉઘરાણીનો વધુ એક ગંભીર કિસ્સો પોલીસ ચોપડે નોંધાતા ચકચાર મચી છે. ગોકુલનગરમાં રહેતા વેપારીએ જામનગર અને પડાણાના બે શખ્સો સામે પોલીસ ફરિયાદ નોંધાવી છે. આરોપીને પૂરતું વ્યાજ ચૂકવવા છતાં પણ વ્યાજખોરોએ હદ વટાવી વેપારીએ ગીરવે મૂકેલા સોનાના દાગીના પરત ન આપી બારોબાર વેચી માર્યા હતા. આ ઉપરાંત એક આરોપી દ્વારા પઠાણી ઉઘરાણી કરી જાનથી મારી નાખવાની ધમકી આપવાનો પણ આક્ષેપ કરવામાં આવ્યો છે.

પોલીસમાં નોંધાયેલી ફરિયાદ મુજબ ગોકુલનગર, બંસી સ્કૂલવાળી શેરીમાં રહેતા અને મૂળ શક્તિપાર્ક વિસ્તારના રહેવાસી મુકેશકુમાર પરસોતમભાઈ જ્ઞાનચંદાણીએ આરોપી ભરત નંદા (રહે રણજીતસાગર રોડ, સંગમ બાગ સામેની ગલીમાં, મયુરગ્રીનવિલા સોસાયટી જામનગર), રવિરાજસિહ ગોહીલ (રહે.પડાણા ગામ તા.લાલપુર જી. જામનગર) સામે નોંધાવેલી ફરિયાદ અનુસાર ફરિયાદી પાટીદાર તંબાકુ, વિમલ અને રાજશ્રી પાન મસાલાના વેપાર સાથે સંકળાયેલા હતા ત્યારે કંપની તરફથી મળતા સોનાના અને ચાંદીના ગિફ્ટ કૂપનના આધારે તેમણે પોતાની દીકરીના ભવિષ્ય માટે ૧૦૦-૧૦૦ ગ્રામના સાત સોનાના બિસ્કિટ રાખ્યા હતા. વર્ષ ૨૦૨૩ દરમિયાન ધંધામાં ભારે આર્થિક સંકટ સર્જાતા તેમણે ભરત નંદા પાસેથી શરૂઆતમાં રૂ. ૬ લાખ માસિક પાંચ ટકા વ્યાજે લીધા હતા. આ લોન પર તેઓ દરરોજ રૂ. ૨૦ હજાર જેટલી રકમ રોકડમાં વ્યાજરૂપે ચૂકવતા હોવાનું ફરિયાદમાં જણાવાયું છે. ત્યારબાદ વધુ નાણાંની જરૂર પડતાં ફરિયાદીએ એક પછી એક ચાર ૧૦૦ ગ્રામના સોનાના બિસ્કિટ, બે સોનાની ચેઈન તેમજ એક સોનાની લકી ગીરવે મૂકી કુલ રૂ. ૩૨ લાખ જેટલી રકમ માસિક બે ટકા વ્યાજે લીધી હતી. આ તમામ લોન સામે તેઓ દર મહિને અંદાજે રૂ. ૬૦ હજાર વ્યાજ ચૂકવતા રહ્યા હતા. ફરિયાદ મુજબ જાન્યુઆરી-૨૦૨૩થી ફેબ્રુઆરી-૨૦૨૫ દરમિયાન તેમણે આશરે રૂ. ૨૨ લાખ જેટલું વ્યાજ ભરત નંદાને ચૂકવ્યું હતું.

વધુમાં જણાવાયું છે કે વ્યાજ અને દેવાના ભારે બોજાના કારણે તેમને પોતાની 'જય ભવાની સેલ્સ એજન્સી' નામની દુકાન બંધ કરીને જામનગર છોડવું પડ્યું હતું. ત્યારબાદ લગભગ આઠ મહિના પહેલા તેઓ ભરત નંદાના ઘરે જઈ સમાધાન માટે પહોંચ્યા હતા અને ચાર સોનાના બિસ્કિટમાંથી બે બિસ્કિટ રાખીને બાકીના બે બિસ્કિટ તેમજ બે ચેઈન, એક પેન્ડલ સેટ અને એક લકી પરત આપવા જણાવ્યું હતું. જોકે આરોપીએ દાગીના પરત આપવાનો ઈનકાર કરી દીધો હતો આરોપીએ તમામ દાગીના વેચી નાખ્યા અને "તારાથી થાય તે કરી લે" કહી ધમકી આપી હોવાનું પણ નોંધાયું છે.

આ ઉપરાંત આરોપી રવિરાજસિંહ ગોહીલ મામલે ફરિયાદમાં જણાવાયા અનુસાર ફરિયાદીના ભાઈ ઘનશ્યામભાઈએ વર્ષ ૨૦૨૨માં રૂ. ૪ લાખ માસિક પાંચ ટકા વ્યાજે લીધા હતા. આ રકમ બદલ ફરિયાદી અને તેમના ભાઈ દ્વારા રોકડ, ગૂગલ પે તેમજ તંબાકુ-પાન મસાલાના માલસામાન સ્વરૂપે આશરે રૂ. ૪ લાખ જેટલું વ્યાજ ચૂકવવામાં આવ્યું હતું. ત્યારબાદ ફરિયાદી પરિવાર સાથે જામનગર છોડીને ગયા બાદ વર્ષ ૨૦૨૫માં પડાણા ગામે ફરસાણનો ધંધો શરૂ કર્યો હતો. ત્યારે રવિરાજસિંહ ગોહીલ પહોંચીને ગાળો આપી રૂપિયા નહીં આપો તો જાનથી મારી નાખવાની તથા ધંધો નહીં કરવા દેવાની ધમકી આપી હતી. જેના કારણે ફરિયાદીને ધંધો બંધ કરવો પડ્યો હોવાનું અને બાદમાં આરોપી ગોકુલનગર સ્થિત તેમના ઘરે આવી પઠાણી ઉઘરાણી કરતો રહ્યો હતો. તેમજ ફાઈનાન્સ દ્વારા સીલ કરાયેલી લ એજન્સીમાંથી આશરે રૂ. ૩ લાખની કિંમતનું ફર્નિચર અને અન્ય સામાન પણ વ્યાજ પેટે લઈ લીધો હતો.

આમ ભરત નંદાએ રૂ. ૨૨ લાખ જેટલું વ્યાજ વસૂલ્યા બાદ પણ અંદાજે ૬૨૦ ગ્રામ જેટલા ગીરવે રાખેલા સોનાના બિસ્કિટ અને દાગીના વેચી વિશ્વાસઘાત કર્યો છે, જ્યારે બીજી તરફ રવિરાજસિંહ ગોહીલે મુદ્દલ કરતાં વધુ વ્યાજ વસૂલવા છતાં હજુ પણ વધુ નાણાંની માંગણી કરી ધમકીઓ આપી હતી. આ સમગ્ર મામલે પોલીસે બંને આરોપીઓ સામે વ્યાજખોરી, પઠાણી ઉઘરાણી, વિશ્વાસઘાત અને ધમકી સહિતની જોગવાઈઓ હેઠળ ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.

# જામવણથલી ગામે પોલીસ ફરિયાદના પ્રશ્ને વૃદ્ધના ઘરમાં ઘુસી બે શખ્સોએ ધમકી આપી

જામનગર : જામનગર નજીક જામવણથલી વિસ્તારમાં રહેતા એક નિવૃત્ત વૃદ્ધ પર પોલીસ ફરિયાદ પછી ખેંચી લેવાના મામલે બે શખ્સો ઘરમાં ઘુસી વૃદ્ધને દબાણ કરી મારી નાખવાની ધમકી અપયાનો બનાવ પોલીસે દફતરે નોંધાયો છે.

પ્રાપ્ત વિગત મુજબ જામનગર તાલુકાના જામવણથલી ગામે રહેતા ભુરાભાઈ મેઘજીભાઈ પરમાર નામના વૃદ્ધના ઘરમાં આરોપી મયુરસિંહ ભરતસિંહ જાડેજા અને તેના સાથી દિવ્યરાજસિંહ લાકડાના ધોકા લઈ ગેરકાયદે પ્રવેશ કરી

પરેશભાઈને બહાર બોલાવ્યા હતા. પરેશભાઈના પગમાં ફ્રેક્ચર હોવાથી તેમની પત્ની તેમને બહાર લાવી હતી. તે દરમિયાન આરોપીઓએ પરેશભાઈ પર મહિલાની છેડતીનો આક્ષેપ કરી જાનથી મારી નાખવાની ધમકી આપી હતી. ભુરાભાઈને પણ તેમના પિતા ભરતસિંહ જાડેજા વિરુદ્ધ કરાયેલી ફરિયાદનો ઉલ્લેખ કરીને ધમકાવવામાં આવ્યા હતા.

બનાવ દરમિયાન સુરક્ષા માટે હાજર જી.આર.ડી.ના સભ્ય ઉમેશભાઈ દેવશીભાઈ પડાયા ત્યાં આવી જતા આરોપીઓએ તેમને પણ ધમકાવ્યા હતા. જતાં જતાં આરોપીઓએ ભરતસિંહ જાડેજા અને કૃષ્ણરાજસિંહ વિરુદ્ધ કરાયેલી અગાઉની પોલીસ ફરિયાદ પાછી ખેંચી લેવા, અન્યથા જાનથી મારી નાખવાની ધમકી આપી નંબર પ્લેટ વગરની મોટરસાયકલ પર ફરાર થઈ ગયા હતા. આ બનાવ અંગે ભુરાભાઈ પરમારની ફરિયાદના આધારે પોલીસે બંને આરોપીઓ સામે ઘરભેદી પ્રવેશ, ધમકી તેમજ જાહેરનામાના ભંગ સહિતની કલમો હેઠળ ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.

# જામનગરના નવરાત્રી સંચાલકના પોલીસ રિમાન્ડ પૂર્ણ થતાં જેલ હવાલે

જામનગર : જામનગર શહેરમાં નવરાત્રીનું આયોજન કરતા સંચાલક સંજય ચેતરિયા સામે છેલ્લા દસ દિવસ દરમિયાન અલગ-અલગ પોલીસ મથકોમાં ધાક-ધમકી, પૈસા પડાવી લેવા, નવરાત્રીના આયોજનના નાણાંનું ચુકવણું ન કરવું, પોતાની યુટ્યુબ ચેનલ મારફતે બદનામ કરવાની ધમકી આપવા સહિતના ગુનાઓ નોંધાયા હતા. આ પૈકી પંચકોશી-બી ડિવિઝન પોલીસ મથકે નોંધાયેલા ગુનામાં તેની ધરપકડ કરીને પાંચ દિવસના પોલીસ રિમાન્ડ મેળવવામાં આવ્યા હતા.

પાંચ દિવસના રિમાન્ડ દરમિયાન પંચકોશી-બી ડિવિઝનના પીઆઈ વી.જે. રાઠોડ અને તેમની ટીમે વિવિધ મુદ્દાઓ અંગે આરોપીની પૂછપરછ હાથ ધરી હતી. રિમાન્ડની મુદત પૂર્ણ થતાં ગઈકાલે સંજય ચેતરિયાને અદાલતમાં રજૂ કરવામાં આવ્યો હતો. જ્યાં આરોપી સંજય ચેતરિયાને જ્યુડિશિયલ કસ્ટડીમાં મોકલી જામનગર જિલ્લા જેલ હવાલે કરવામાં આવ્યો છે.

પોલીસ સૂત્રોના જણાવ્યા મુજબ સંજય ચેતરિયા સામે શહેરના અલગ-અલગ પોલીસ મથકોમાં નોંધાયેલા અન્ય ગુનાઓની તપાસ પણ ચાલુ છે. આગામી દિવસોમાં સંબંધિત પોલીસ મથકોની ટીમો ટ્રાન્સફર વોરંટના આધારે જામનગર જેલમાંથી તેનો કબજો મેળવી વધુ પૂછપરછ અને કાયદેસરની કાર્યવાહી હાથ ધરે તેવી શક્યતા છે.

## ઠાકોરજીને કુંડલા ભોગ મનોરથ



દ્વારકા : યાત્રાધામ દ્વારકામાં ગઈકાલે દ્વારકાધીશ જગતમંદિરમાં ઠાકોરજીને સાંજે ઉત્થાપન દર્શન સમયે બુધવારના લીલા વાઘા સાથેના વિશિષ્ટ શૃંગાર સાથે ભાવિક ભક્ત પરિવાર દ્વારા વારાદાર પૂજારીના સૌજન્યથી કુંડલા ભોગ મનોરથ યોજવામાં આવેલ. આ દિવ્ય દર્શનનો ઉપસ્થિત હજારો ભાવિકોએ પ્રત્યક્ષ રીતે તેમજ ઓનલાઈનના વિવિધ માધ્યમોથી પણ લાખો કૃષ્ણભક્તોએ નિહાળ્યો હતો.

# જામનગરમાં વિદ્યાર્થીનીને ઓનલાઈન પરેશાન કરનાર શખ્સને ઝડપી લેવાયો

જામનગર : જામનગર સાયબર ક્રાઈમ પોલીસ સ્ટેશનની ટીમે ૧૮ વર્ષની વિદ્યાર્થીનીનો સોશિયલ મીડિયા મારફતે સતત ઓનલાઈન પીછો કરી, ધમકીભર્યા સંદેશા મોકલી તેમજ વીડિયો કોલ દ્વારા હેરાનગતિ કરનાર એક શખ્સને ઝડપી પાડી તેની સામે કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.



જામનગર જિલ્લા પોલીસ અધિક્ષક ડૉ. રવિ મોહન સૈનીના માર્ગદર્શન હેઠળ સાયબર ગુનાઓમાં સઘન તપાસ અને આરોપીઓ સામે કડક કાર્યવાહી કરવાની સૂચનાના અનુસંધાને સાયબર ક્રાઈમ પોલીસ સ્ટેશનના પોલીસ ઈન્સ્પેક્ટર આઈ.એ. ઘાસુરાના માર્ગદર્શન હેઠળ તપાસ હાથ ધરવામાં આવી હતી. જેમાં જામનગરના સેટેલાઈટ પાર્ક ખાતે રહેતા વૃષિત વ્રજલાલ વાળાની ઓળખ કરી તેની ધરપકડ કરવામાં આવી હતી.

પોલીસના જણાવ્યા મુજબ આરોપીએ ફરિયાદીના ભાઈનો ફોટો ઓનલાઈન મેળવી એ.આઈ. ટૂલની મદદથી તેમાં ફેરફાર કર્યો હતો અને તે ફોટો ઈન્સ્ટાગ્રામ મારફતે ફરિયાદી યુવતીને મોકલી તેના ભાઈને ગંભીર ઈજાઓ પહોંચાડવાની ધમકી આપી હતી. ઉપરાંત આરોપી વારંવાર વીડિયો કોલ કરી યુવતી પર પોતાના તાબે થવા દબાણ કરતો હતો તેમજ સતત ઓનલાઈન પીછો કરીને અનિચ્છનીય માંગણીઓ કરી માનસિક હેરાનગતિ પહોંચાડતો હતો.

સાયબર પોલીસે બનાવમાં ઉપયોગમાં લેવાયેલા ફેક ઈન્સ્ટાગ્રામ એકાઉન્ટની વિગતો મેળવી તેનું ટેકનિકલ વિશ્લેષણ કરતાં આરોપીની ઓળખ થઈ હતી. ત્યારબાદ તેની સામે ગુનો નોંધી ધરપકડ કરી વધુ તપાસ હાથ ધરવામાં આવી રહી છે.

# ખંભાળિયાની પરણીતાનું દાજી જતા અને ચંદ્રવાડાના યુવાને દવા પી લેતા મૃત્યુ

ખંભાળિયા : ખંભાળિયામાં પતિ સાથે ઝગડો થતા પરણીતાએ પોતાના હાથે દાઝી જતા તેમજ કલ્યાણપુર તાલુકાના ચંદ્રવાડા ગામના યુવાને ઓપરેશન કરાવ્યા બાદ મનમાં ખોટા વિચારો આવતા જંતુનાશક દવા પી લેતા બન્ને હાલ હોસ્પિટલમાં સારવાર લઈ રહેલ હોઈ આ બનાવો અંગે સ્થાનિક પોલીસે જાણવા જોગ દાખલ કરી આગળની કાર્યવાહી હાથ ધરી હતી.

મળતી માહિતી પ્રમાણે ખંભાળિયા શહેરમાં જુની કોર્ટની બાજુમાં રહેતી સરોજબેન હીરાભાઈ પરમાર નામની ૩૦ વર્ષની પરણીતાએ પતિ સાથે જમવાનું બનાવવા બાબતે ઝગડો થતા જે વાતનું મનમાં લાગી આવતા તેણીએ પોતાની મેળે પ્લાસ્ટિકની કોથળી સળગાવી પોતાના ઉપર નાખતા તેણી પેટના ભાગે દાજી જતા હોસ્પિટલ ખાતે સારવારમાં ખસેડાય છે. આ બનાવની જાણ થતા ખંભાળિયા પોલીસે હોસ્પિટલ ખાતે દોડી જઈ સારવાર લઈ રહેલ પરણીતાનું નિવેદન નોંધી જાણવા જોગ દાખલ કરી આગળની તપાસ હાથ ધરી છે.

જ્યારે કલ્યાણપુર તાલુકાના ચંદ્રાવાડા ગામે રહેતા રામભાઈ ભગતભાઈ ઓડેદરા નામના ૨૭ વર્ષના યુવાને થોડા દિવસ પહેલા પગમાં ફેક્ચર થતા ઓપરેશન કરાવેલ હોય દરમ્યાન સતત પગમાં દુખાવો રહેતા અને મનમાં ખોટા વિચારો આવતા તેણે પોતાના હાથે જંતુનાશક દવા પી લેતા સારવારમાં હોસ્પિટલ ખાતે ખસેડાયો છે બનાવની જાણ થતા કલ્યાણપુર પોલીસે હોસ્પિટલ ખાતે દોડી જઈ સારવાર લઈ રહેલા યુવાનનું નિવેદન નોંધી વધુ તપાસ આરંભી છે.

# સિક્કામાંથી પ્રથમવાર એકસાથે ૩૨ લોકોનો કાફલો ઉમરાહ કરવા રવાના

જામનગર : જામનગર તાલુકાના સિક્કામાંથી ૩૨ જેટલા મોટી સંખ્યામાં લોકો એક સાથે હરમેન શરીફેન મક્કા મદીના શરીફની યાત્રા કરવા જઈ રહ્યા છે.

તા. ૫-૮ બુધવારના રોજ સિક્કા ગામેથી એકસાથે એટલા લોકો સૈયદ અબ્દુલ કાદિર બાપુ કાદરીના ટૂર અલ હુર ટૂર એન્ડ ટ્રાવેલ્સ દ્વારા ઉમરાહ કરવા જઈ રહ્યા છે ત્યારે સિક્કા ગામના લોકો મોટી સંખ્યામાં હાજીઓને મોકલવા ઉમટી પડ્યા હતા.



તસવીર : સલીમ મુલ્લા

# કાલાવડ પંથકમાં મહિલા ઉપરના હુમલા કેસમાં આરોપીઓના જામીન ના મંજૂર

જામનગર : કાલાવડના ગ્રામ્ય પંથકમાં બે મહિના પહેલા રાત્રીના સમયે આઠ મોટરમાં આવેલા ૨૦ શખ્સોએ ધોકા, પાઈપથી ધમાલ મચાવી એક મહિલાને ઈજા કર્યાની પોલીસમાં ફરિયાદ કરાઈ હતી. આ કેસમાં બે આરોપીએ આગોતરા જામીન મેળવવા કરેલી અરજી અદાલતે રદ કરી છે.

કાલાવડના ગ્રામ્ય વિસ્તારમાં રહેતા મયુરભાઈ લાલજીભાઈ માલાએ પોલીસમાં ફરિયાદ નોંધાવી અને જણાવ્યું હતું કે ગઈ તા. ૨૮ મે ની રાત્રે ભરત કરણાભાઈ ઝાપડા નામના શખ્સે ફોન કરીને જણાવ્યું હતું કે તારો ફઈનો દીકરો મહેશ અમારી જ્ઞાતિની દીકરીને નસાડીને લઈ ગયો છે, અમે ઝગડા માટે આવીએ છીએ. તે પછી રાત્રે સાડા બારેક વાગ્યે આઠ મોટરમાં ધોકા, પાઈપ સાથે વીસ શખ્સો આવ્યા હતા. તેઓએ ગામમાં ધમાલ મચાવી હતી.

આ વેળાએ મયુરભાઈના બહેન કુંજલબેનના માથામાં પાઈપ ફટકારી દેવાયો હતો. પોલીસ તથા ૧૦૮ દોડી આવતા હુમલાખોરો નાસી ગયા હતા. પોલીસમાં મયુરભાઈની ફરિયાદ પરથી ગુન્હો નોંધાયો હતો.

આ ગુન્હામાં મચ્છાભાઈ સામતભાઈ ફાગલીયા, પરેશ મચ્છાભાઈ ગમારા નામના બે શખ્સની સંડોવણી ખુલ્યા પછી આ આરોપીઓએ આગોતરા જામીન મેળવવા જામનગરની અદાલતમાં અરજી કરી હતી.

આરોપીઓએ પેરીટીનો લાભ આપવા માટે અરજ કરી હતી. તેની સામે સરકારી વકીલ રાજેશ વસીયરે કરેલી દલીલો ગ્રાહ્ય રાખી અદાલતે બંને આરોપીની આગોતરા જામીન માંગતી અરજી ના મંજુર કરી છે.

# જામનગરમાં સાધના કોલોની વિસ્તારમાં દબાણો દૂર કરવા સ્થાનિકોની માંગ

**અનેક રજૂઆતો છતાં કાર્યવાહી નહીં થતાં રહેવાસીઓએ દ્વારા કલેકટરને આવેદન**

જામનગર : જામનગરના રણજીત સાગર રોડ પર આવેલી ન્યૂ સાધના કોલોની (એલ.આઈ.જી. ૨૬૪ અને ૧૦૮) એસોસિએશન દ્વારા વોર્ડ નં. ૧૬માં આવેલા ૧૮ મીટરના મુખ્ય માર્ગ પર થયેલા ગેરકાયદે દબાણો અને અનધિકૃત બાંધકામો દૂર કરવા જિલ્લા કલેક્ટરને લેખિત રજૂઆત કરવામાં આવી છે.

એસોસિએશનના પ્રમુખ નવીનભાઈ મણીલાલ નંદાના હસ્તાક્ષરથી કરવામાં આવેલી રજૂઆતમાં જણાવાયું છે કે ત્રણ વર્ષ અગાઉ જર્જરિત હાલતમાં હોવાથી કોલોનીનું ડિમોલિશન કરવામાં આવ્યું હતું અને હાલ સરકારની રીડેવલપમેન્ટ યોજના હેઠળ નવી કોલોનીનું બાંધકામ ચાલી રહ્યું છે.

રજૂઆતમાં જણાવ્યા મુજબ રણજીત સાગર રોડ પર આવેલા કોલોનીના મુખ્ય પ્રવેશદ્વાર પાસે જલારામ મંદિર, શાક માર્કેટ અને આંગણવાડી આવેલી છે. ઉપરાંત આસપાસની અંદાજે ૧૫થી ૨૦ સોસાયટીઓના તેમજ આશરે દસ હજાર જેટલા રહેવાસીઓ માટે આ એકમાત્ર મુખ્ય માર્ગ છે.

એસોસિએશનનો આક્ષેપ છે કે મુખ્ય માર્ગ પર ગેરકાયદે દબાણો અને અનધિકૃત મકાનો ઊભા કરી દેવાતા વાહનવ્યવહાર અને સ્થાનિક રહેવાસીઓને ભારે મુશ્કેલીનો સામનો કરવો પડી રહ્યો છે. આ અંગે જામનગર મહાનગરપાલિકાના કમિશનરને મૌખિક તેમજ લેખિત રજૂઆતો કરવામાં આવી હોવા છતાં કોઈ કાર્યવાહી કે જવાબ મળ્યો નથી.

આથી એસોસિએશને જિલ્લા કલેક્ટરને મુખ્ય માર્ગ પરથી તમામ દબાણો અને અનધિકૃત બાંધકામો તાત્કાલિક દૂર કરાવી માર્ગ જાહેર ઉપયોગ માટે ખુલ્લો કરવાની માંગ કરી છે. સાથે જ આ અંગે ત્વરિત કાર્યવાહી કરી યોગ્ય જવાબ આપવા પણ રજૂઆતમાં વિનંતી કરવામાં આવી છે.

સૌરાષ્ટ્ર આસપાસ
Owner : Leela News Network Private Limited Printer & Publisher Komalkant Fakirchand Sharma, on behalf of Leela News Network Private Limited Printed at 1/6 Ghanchivad , Near Jilla Garden, Rajkot. Published at Near Anupam talkies, Shivam Building, Bedi Gate, Jamnagar. Editor: Rajesh Kiritbhai Dave* Vijay Kotecha(Responcible for News editing as per PRB ACT)

સૌરાષ્ટ્ર આસપાસ

## પશ્ચિમ એશિયામાં મધદરિયે તરછોડાયેલી માનવતા

સમુદ્રનો સૌથી પહેલો અને સૌથી પવિત્ર કાનૂન એ છે કે મધદરિયે ફસાયેલા કોઈપણ વ્યક્તિની સહાય કરવી એ દરેક રાષ્ટ્ર, દરેક કપ્તાન અને દરેક જહાજની ફરજ છે. સંયુક્ત રાષ્ટ્રના સમુદ્રી કાનૂન -ંદ્બઝ્ર્ંજી ની કલમ ૯૮ અને SOLAS કન્વેન્શન સ્પષ્ટ કહે છે કે દરિયામાં મુસીબતમાં મુકાયેલ વ્યક્તિને સહાય ન કરવી એ માનવતા વિરુદ્ધનો ગુનો છે. ધર્મ, દેશ, જાત કે યુદ્ધની સ્થિતિ જોયા વગર મદદ કરવી એ આંતરરાષ્ટ્રીય કાનૂન છે. દુઃખની વાત એ છે કે આજે આ જ કાનૂનને હોર્મુઝની ખાડીમાં દફનાવી દેવામાં આવ્યો છે.તેહરાન/જિનેવા થી આવેલા અહેવાલો હૃદયદ્રાવક છે. ઈરાન-ઈઝરાયલ યુદ્ધને કારણે આંતરરાષ્ટ્રીય દરિયાઈ સંગઠન IMO ના અનુસાર લગભગ ૬૦૦૦ ખલાસીઓ આજે પણ ફારસની ખાડીમાં જહાજોમાં ફસાયેલા છે. આ એ જ ખલાસીઓ છે જેના કારણે આપણા ઘરમાં તેલ પહોંચે છે, અનાજ પહોંચે છે, આપણું અર્થતંત્ર ચાલે છે. ૨૨ એપ્રિલે ઈરાને હોર્મુઝ સ્ટ્રેટ નજીક કન્ટેનર જહાજ સ્જીઝ ફ્રાન્સેસ્કા અને એપામિનોન્ડાસને અટકાવ્યા હતા, જે આજે પણ ઈરાનના જળક્ષેત્રમાં કેદ છે. શરૂઆતમાં ૧૫૦૦ જહાજો પર ૨૦,૦૦૦ ખલાસીઓ ફસાયા હતા, તેમાંથી કેટલાક નીકળી શક્યા પણ ૬૦૦૦ આજે પણ ચાર મહિનાથી ઘરે પાછા ફરી શક્યા નથી. આપદા કેટલી અમાનવીય છે તેનો વિચાર કરો. અહેવાલ મુજબ ઘણા ખલાસીઓનો બહારની દુનિયા સાથેનો સંપર્ક લગભગ તૂટી ગયો છે. દર થોડા દિવસે માત્ર ૩૦ મિનિટ ઈન્ટરનેટની સુવિધા મળે છે. કેટલાક જહાજો પર રાશન મર્યાદિત હોવાથી ખલાસીઓ દિવસમાં ફક્ત એક વાર દાળ-ભાત ખાય છે. નિષ્ણાતોના મતે, ખલાસીઓ જહાજ છોડી શકતા નથી. સલામત સ્થળાંતર અત્યંત મુશ્કેલ છે. ઘણા ટૂંકા ગાળાના કરાર પર છે, એટલે પગાર બંધ, પરિવાર સાથે વાત બંધ, અને ભવિષ્ય અંધકારમય.યુદ્ધ શરૂ થયું ત્યારથી હોર્મુઝની ખાડીની આસપાસ ૬૩ હુમલા થયા છે, જેમાં ૧૭ ખલાસીનાં મોત થયા છે. મોટાભાગના મૃત્યુ ઈરાનના હુમલામાં થયા છે, ૩ અમેરિકાની કાર્યવાહીમાં માર્યા ગયા છે. યુદ્ધ પહેલા દરરોજ સરેરાશ ૧૩૦ જહાજ હોર્મુઝમાંથી પસાર થતા હતા, હવે આ સંખ્યા ઘટીને માત્ર ૧૨-૧૩ પ્રતિ દિવસ રહી છે. ભારતીયોની સ્થિતિ વધુ ચિંતાજનક છે. શરૂઆતમાં ૩૬-૩૮ ભારતીય જહાજ પર ૧૧૦૦ ભારતીય ખલાસી ફસાયેલા હતા. સૂત્રો અનુસાર, ૬ ભારતીય જહાજ પર ૧૨૫ ભારતીયો હજુ પણ ફારસની ખાડીમાં ફસાયેલા છે.આ અંગે વિદેશી મીડિયા શું કહે છે? ન્યુયોર્ક ટાઈમ્સ આને ફરગોટન હોસ્ટેજ ઓફ હોરમૂઝ કહે છે.તેમના તંત્રીલેખમાં લખ્યું છે કે વિશ્વ યુક્રેન અને ગાઝા પર ધ્યાન આપે છે ત્યારે હોર્મુઝમાં કામદાર વર્ગની સૌથી મોટી કટોકટી ચાલી રહી છે. બ્રિટનના તો "ધ ગાર્ડીયન " અખબાર કહે છે કે શિપિંગ કંપનીઓ નફા માટે ખલાસીઓના જીવને જોખમમાં મૂકી રહી છે. જર્મનીના ન્યૂઝ પેપર "ડેર સ્પાઇસજેલ " આને ઇનવિઝિબલ પ્રિઝનર કહે છે.

# પીઓકેમાં જનતાનો વિદ્રોહ જ્વાળામુખી સ્વરૂપે ફાટ્યો

**ભારતના સત્તાવાર નકશામાં પીઓકેને આઝાદ કાશ્મીર તરીકે દેખાડવામાં આવ્યું નથી પરંતુ ભારતનો જ અભિન્ન ભાગ છે તે રીતે બતાવવામાં આવે છે જે હાલમાં પાકિસ્તાનના કબજા હેઠળ છે. આજે આ વિસ્તારના ૪૫ લાખ કરતા વધુ લોકો પાકિસ્તાન સામે વિદ્રોહ કરી રહ્યા છે**

પ્રાંસગિક — સુરેશ ભટ્ટ

પાકિસ્તાનના એક લાખ સૈનિકો PoK,ના ૪૫ લાખ લોકોનો અવાજ દબાવી રહ્યા છે. એક લાખ સૈનિક છતાં વિરોધ બેકાબૂ છે. ગળીઓમાં સન્નાટો અને રાત્રે બ્લેકઆઉટ છે. અહીં ૮૯ મોત, થયા છે સરકાર માત્ર ૧૨ જ ગણાવી રહી છે. આ એક લીટી જ પાકિસ્તાન અધિકૃત કાશ્મીર એટલે કે PoK ની આજની વાસ્તવિક સ્થિતિનો ચિતાર આપે છે. પાકિસ્તાનની સરકાર સેનાના જોરે ત્યાં શાસન કરી રહી છે અને છેલ્લા બે મહિનાથી આંદોલન ચાલી રહ્યું છે. મુઝફ્ફરાબાદમાં વેપારીઓની હડતાળ છે, બજારો બંધ છે, ઈન્ટરનેટ બંધ કરી દેવાયું છે અને પરિસ્થિતિને કાબૂમાં લેવા માટે પાકિસ્તાની સેનાએ કડક કાર્યવાહી કરી છે. સરકારી આંકડા અને જમીની હકીકતમાં જમીન આસમાનનો ફરક છે. જેને આપણે બહારથી શાંત ક્ષેત્ર સમજીએ છીએ ત્યાં અંદરખાને લોકો પોતાના હક માટે લડી રહ્યા છે.

PoK નો ઈતિહાસ સમજવા માટે આપણે ૧૯૪૭ ના ભાગલા તરફ જવું પડે. આઝાદી પહેલા સમગ્ર જમ્મુ કાશ્મીર એક રજવાડું હતું, જેના રાજા હરિસિંહ હતા. તે રજવાડું ખૂબ જ મોટું હતું, જેમાં જમ્મુ, કાશ્મીર ઘાટી, લદ્દાખ, ગિલગિટ અને બાલ્ટિસ્તાનનો સમાવેશ થતો હતો. ભારત અને પાકિસ્તાનના ભાગલા વખતે તમામ રજવાડાઓને છૂટ આપવામાં આવી હતી કે તેઓ ભારત સાથે જોડાય, પાકિસ્તાન સાથે જોડાય કે સ્વતંત્ર રહે. મહારાજા હરિસિંહ શરૂઆતમાં સ્વતંત્ર રહેવા માંગતા હતા.પરંતુ પાકિસ્તાનને આ વાત મંજૂર નહોતી. ઓક્ટોબર ૧૯૪૭ માં પાકિસ્તાને પોતાની સેનાની મદદથી કબાયલી હુમલાખોરોને કાશ્મીર પર હુમલો કરવા મોકલ્યા. આ હુમલાખોરો લૂંટફાટ અને હિંસા કરતા કાશ્મીર ઘાટી તરફ આગળ વધવા લાગ્યા. જ્યારે પરિસ્થિતિ હાથમાંથી ગઈ ત્યારે મહારાજા હરિસિંહે ભારત પાસે મદદ માંગી. ભારતે શરત મૂકી કે પહેલા કાશ્મીરનું ભારતમાં વિલીનીકરણ કરવું પડશે. ૨૬ ઓક્ટોબર ૧૯૪૭ ના રોજ મહારાજાએ વિલયપત્ર એટલે કે Instrument of Accession પર હસ્તાક્ષર કર્યા અને કાયદેસર રીતે આખું જમ્મુ કાશ્મીર ભારતનો ભાગ બની ગયું. ત્યારબાદ ભારતીય સેનાએ જઈને હુમલાખોરોને ખદેડવાનું શરૂ કર્યું.

જ્યારે ભારતીય સેના દુશ્મનને ભગાડી રહી હતી ત્યારે જ પંડિત જવાહરલાલ નેહરુની સરકાર આ મામલો સંયુક્ત રાષ્ટ્રસંઘમાં લઈ ગઈ. કોંગ્રેસના સૌથી મોટી ભૂલ હતી જેના માથા પરિણામો આજે આપણે ભોગવી રહ્યા છીએ. ઓકે ના લાખો લોકો કોંગ્રેસના પાપને કારણે મુશ્કેલીમાં મુકાયેલા છે.યુએનએ યુદ્ધવિરામનો આદેશ આપ્યો. ૧ જાન્યુઆરી ૧૯૪૯ ના રોજ યુદ્ધવિરામ લાગુ પડ્યો. તે સમયે જે સીમારેખા જ્યાં હતી ત્યાં જ સ્થિર થઈ ગઈ. જે વિસ્તાર પાકિસ્તાની કબજામાં રહી ગયો તે જ આજે PoK તરીકે ઓળખાય છે. તેમાં બે મુખ્ય ભાગ છે, એકને પાકિસ્તાન આઝાદ જમ્મુ કાશ્મીર કહે છે અને બીજો ગિલગિટ બાલ્ટિસ્તાન છે. આ કુલ ક્ષેત્રફળ લગભગ ૮૫ હજાર ચોરસ કિલોમીટર જેટલું છે. ત્યારથી લઈને આજ સુધી આ ક્ષેત્ર પાકિસ્તાનના નિયંત્રણમાં છે, પરંતુ ભારત તેને પોતાનો અભિન્ન ભાગ માને છે.

ભારત અને PoK વચ્ચેના સંબંધોની વાસ્તવિકતા સમજવા જેવી છે.ભારતનું વલણ શરૂઆતથી જ ખૂબ સ્પષ્ટ રહ્યું છે. ભારતીય સંસદે ૧૯૯૪ માં સર્વાનુમતે ઠરાવ પસાર કર્યો હતો કે આખું જમ્મુ કાશ્મીર, જેમાં ઁદ્ભ અને ગિલગિટ બાલ્ટિસ્તાન પણ આવી જાય છે, તે ભારતનો અભિન્ન હિસ્સો છે. ભારતના દરેક સત્તાવાર નકશામાં PoK ને ભારતના ભાગ તરીકે જ દર્શાવવામાં આવે છે.

બીજી તરફ પાકિસ્તાને PoK ને શરૂઆતથી જ અલગ રીતે રાખ્યું છે. તેણે ત્યાં પોતાનું એક કઠપૂતળી વહીવટી તંત્ર બનાવ્યું છે, જેને આઝાદ કાશ્મીર સરકાર કહેવામાં આવે છે, પરંતુ હકીકતમાં તમામ નિર્ણયો ઈસ્લામાબાદથી અને સેનાના મુખ્યાલય રાવલપિંડીથી લેવામાં આવે છે. ત્યાંના લોકોને પાકિસ્તાનના સામાન્ય નાગરિક જેટલા અધિકારો પણ મળતા નથી. પાકિસ્તાનના બંધારણમાં પણ PoK ને સંપૂર્ણ પ્રાંતનો દરજ્જો આપવામાં આવ્યો નથી.

ભારત અન PoK વચ્ચે સીધો સંપર્ક લગભગ નહિવત છે. નિયંત્રણ રેખા એટલે કે ન્ઝ્ર બંનેને અલગ કરે છે. ૨૦૦૫ માં ભૂકંપ પછી અને ૨૦૦૮ પછી માનવીય આધાર પર થોડા સમય માટે બસ સેવા અને વેપાર શરૂ કરવામાં આવ્યો હતો, પરંતુ આતંકવાદી ગતિવિધિઓને કારણે તે પણ બંધ કરવો પડ્યો. ભારત હંમેશા કહેતું આવ્યું છે કે PoK માંથી આતંકવાદી કેમ્પ ચાલે છે. ભારતમાં થતા ઘણા આતંકવાદી હુમલાઓના તાર PoK સાથે જોડાયેલા મળ્યા છે. ૨૦૧૬ ની સર્જિકલ સ્ટ્રાઈક અને ૨૦૧૯ ની બાલાકોટ એર સ્ટ્રાઈક PoK માં રહેલા આતંકી ઠેકાણાઓ પર જ કરવામાં આવી હતી. ૨૦૧૯ માં ભારતે કલમ ૩૭૦ નાબૂદ કરી ત્યારે પાકિસ્તાને ખૂબ વિરોધ કર્યો હતો, પરંતુ ભારતે સ્પષ્ટ કર્યું હતું કે આ અમારો આંતરિક મામલો છે અને ઁદ્ભ પર અમારો દાવો પહેલા કરતા વધુ મજબૂત છે.

સામાન્ય PoK ના નાગરિક માટે ભારત પ્રત્યે લાગણી મિશ્ર રહી છે. એક તરફ પાકિસ્તાની પ્રચારને કારણે તેમનામાં ભારત વિરોધી વાતો ભરવામાં આવે છે, તો બીજી તરફ હવે સોશિયલ મીડિયાના જમાનામાં તેઓ જોઈ રહ્યા છે કે ભારત તરફનું કાશ્મીર કેટલી ઝડપથી વિકાસ કરી રહ્યું છે. જમ્મુ કાશ્મીરમાં નવી ટ્રેનો, એઈમ્સ, આઈઆઈટી, ટનલો અને પ્રવાસનનો જે વિકાસ થઈ રહ્યો છે તેની સરખામણીમાં PoK માં આજે પણ લોકો વીજળી, લોટ અને રસ્તા જેવી પાયાની સુવિધાઓ માટે લડી રહ્યા છે.હવે વાત કરીએ આ સંઘર્ષ અચાનક નથી ફાટી નીકળ્યો. તેની પાછળ વર્ષોનો અસંતોષ જમા થયેલો છે. છેલ્લા બે મહિનાથી PoK માં જમ્મુ કાશ્મીર જોઈન્ટ અવામી એક્શન કમિટીના નેતૃત્વમાં વિશાળ આંદોલન ચાલી રહ્યું છે. આ કોઈ રાજકીય પક્ષનું આંદોલન નથી, આ સામાન્ય લોકોનું આંદોલન છે. દુકાનદારો, વેપારીઓ, વિદ્યાર્થીઓ અને મજૂરો બધા એકસાથે રસ્તા પર ઉતર્યા છે.

તેમની માંગણીઓ સાંભળીને કોઈને પણ નવાઈ લાગે કે આવી સામાન્ય માંગ માટે પણ લોકોએ આંદોલન કરવું પડે છે. તેમની મુખ્ય ત્રણ માંગ છે. પહેલી માંગ છે કે PoK માંથી જે વીજળી ઉત્પન્ન થાય છે, ખાસ કરીને મંગલા ડેમમાંથી જે હજારો મેગાવોટ વીજળી પાકિસ્તાનને મળે છે, તેનો લાભ પહેલા સ્થાનિક લોકોને મળવો જોઈએ અને વીજળીના ભાવ નિયંત્રણમાં રાખવા જોઈએ. બીજી માંગ છે કે ઘઉંના લોટ પર સબસિડી આપવામાં આવે કારણ કે મોંઘવારી આસમાને પહોંચી છે અને ગરીબ માણસ માટે બે ટંકનું ભોજન પણ મુશ્કેલ બની ગયું છે. અને ત્રીજી માંગ છે કે ત્યાંના કહેવાતા ભદ્ર વર્ગ અને મંત્રીઓને મળતા મફત વીજળી, મફત પેટ્રોલ અને કરોડોના ભથ્થા બંધ કરવામાં આવે.



ઈમેજ એઆઈ દ્વારા જનરેટ

પાકિસ્તાન સરકારે શરૂઆતમાં આ માંગણીઓ પર ધ્યાન ન આપ્યું. જ્યારે આંદોલન વધુ ઉગ્ર બન્યું ત્યારે સરકારે દમનનો માર્ગ અપનાવ્યો. આ પરિસ્થિતિને કાબૂમાં લેવા માટે લાખોની સંખ્યામાં પોલીસ અને સૈનિકો તૈનાત કરવામાં આવ્યા છે. મુઝફ્ફરાબાદ, કોટલી, મીરપુર જેવા શહેરોમાં સંપૂર્ણ બ્લેકઆઉટ જેવી સ્થિતિ છે. ઈન્ટરનેટ સેવા બંધ કરી દેવામાં આવી છે જેથી બહારની દુનિયાને સાચી ખબર ન પડે. વેપારીઓએ અનિશ્ચિતકાલીન હડતાળ જાહેર કરી છે, જેથી બજારો બંધ છે.સૌથી દુઃખદ વાત મૃત્યુના આંકડાની છે. સ્થાનિક લોકો અને એક્શન કમિટીનો દાવો છે કે પોલીસ ફાયરિંગ અને અથડામણમાં અત્યાર સુધીમાં ૮૯ લોકોના મોત થયા છે, જ્યારે પાકિસ્તાન સરકાર સત્તાવાર રીતે માત્ર ૧૨ લોકોના મોતની જ વાત સ્વીકારી રહી છે. આ આંકડાનો ફરક જ કહે છે કે સત્યને કેટલું દબાવવામાં આવી રહ્યું છે. સમાચારમાં ઉલ્લેખ છે કે ઘણા લોકો ઘાયલ છે અને હોસ્પિટલોમાં પણ પૂરતી સુવિધા નથી.આ આંદોલન એ વાતનો પુરાવો છે કે PoK ના લોકો હવે જાગૃત થયા છે. તેઓ પૂછી રહ્યા છે કે જો અમે પાકિસ્તાનનો ભાગ છીએ તો અમારી સાથે સાવકા વ્યવહાર કેમ થાય છે. અમારા સંસાધનોનો ઉપયોગ પાકિસ્તાન કરે છે અને અમને જ અંધારામાં રાખવામાં આવે છે. ગિલગિટ બાલ્ટિસ્તાનમાં તો ચીનના CPEC પ્રોજેક્ટને કારણે લોકોની જમીનો પણ લઈ લેવામાં આવી રહી છે, જેનો વિરોધ પણ ત્યાં ચાલી રહ્યો છે.આ એક ચેતવણી છે. તે બતાવે છે કે PoK માં ૪૫ લાખ લોકોનો અવાજ સેનાના જોરે દબાવવાનો પ્રયત્ન થઈ રહ્યો છે, પરંતુ આ વખતે અવાજ એટલો મોટો છે કે બ્લેકઆઉટ અને ઈન્ટરનેટ બંધ કરવાથી પણ તે દબાતો નથી. ભારત માટે આ સ્થિતિ પર નજર રાખવી ખૂબ જ જરૂરી છે, કારણ કે આ મામલો માત્ર જમીનનો નથી, પણ ત્યાં વસતા લોકોના માનવ અધિકારોનો પણ છે.

# ભારતમાં જળતાંડવ અને અમેરિકામાં અગ્નિતાંડવ

તાજેતરના સમયમાં યુરોપના ફ્રાન્સ અને અમેરિકાના અનેક વિસ્તારોમાં લાગેલી ભીષણ જંગલ આગે સમગ્ર વિશ્વનું ધ્યાન ખેંચ્યું છે. લાખો હેક્ટર જંગલ આગની ઝપેટમાં આવી ગયા છે, હજારો લોકોને સલામત સ્થળે ખસેડવા પડ્યા છે અને અનેક જંગલી પ્રાણીઓના રહેઠાણનો નાશ થયો છે. આ ઘટનાઓ માત્ર એક દેશની સમસ્યા નથી, પરંતુ સમગ્ર વિશ્વ માટે ગંભીર ચેતવણી સમાન છે. વૈજ્ઞાનિકોનું માનવું છે કે વધતું વૈશ્વિક તાપમાન, લાંબા સમય સુધી રહેતી ગરમી, વરસાદમાં ઘટાડો અને માનવ બેદરકારી જંગલની આગને વધુ વિકરાળ બનાવી રહ્યા છે.

ફ્રાન્સમાં આ વર્ષે અનેક વિસ્તારોમાં જંગલની આગે વિકરાળ સ્વરૂપ ધારણ કર્યું છે. દક્ષિણ-પશ્ચિમ ફ્રાન્સમાં બોર્ડો નજીકના વિસ્તારોમાં આગને કારણે લાખો વૃક્ષો બળી ગયા અને બે લાખથી વધુ લોકોને સુરક્ષિત સ્થળોએ ખસેડવામાં આવ્યા. કેટલાક વિસ્તારોમાં આગ એટલી પ્રચંડ બની ગઈ કે તેના કારણે ધુમાડાના વિશાળ વાદળો ઊભા થયા અને આગે પોતાનું જ હવામાન સર્જ્યું, જેને વૈજ્ઞાનિક ભાષામાં "ફાયર ક્લાઉડ" કહેવામાં આવે છે. આ ઘટના જંગલની આગ કેટલી ભયાનક બની શકે તેનો જીવંત દાખલો છે.

અમેરિકામાં પણ દર વર્ષે કેલિફોર્નિયા સહિતના અનેક રાજ્યોમાં જંગલની આગ મોટી સમસ્યા બની રહી છે. લાંબા સમય સુધી પડતી ગરમી, સૂકું હવામાન, જોરદાર પવન અને સૂકી વનસ્પતિ આગને ઝડપથી ફેલાવવામાં મહત્વની ભૂમિકા ભજવે છે. અનેક વખત રહેણાંક વિસ્તારો સુધી આગ પહોંચી જાય છે, જેના કારણે હજારો ઘરો બળી જાય છે અને લોકોને સ્થળાંતર કરવું પડે છે. અમેરિકાએ આગ પર નિયંત્રણ માટે અદ્યતન ટેકનોલોજી, હેલિકોપ્ટર, ફાયર એરક્રાફ્ટ, ડ્રોન અને સેટેલાઈટ મોનિટરિંગનો વ્યાપક ઉપયોગ શરૂ કર્યો છે.

જંગલમાં આગ લાગવાના મુખ્ય કારણોમાં માનવ બેદરકારી સૌથી મોટું કારણ છે. જંગલમાં સળગતી બીડી કે સિગારેટ ફેંકવી, કેમ્પફાયર સંપૂર્ણપણે બુઝાવ્યા વગર ત્યાંથી ચાલ્યા જવું, કચરો સળગાવવો અથવા ખેતરમાં પાકના અવશેષો બાળવા જેવી પ્રવૃત્તિઓ ઘણી વખત મોટી દુર્ઘટનામાં ફેરવાય છે. કુદરતી કારણોમાં વીજળી પડવી, અતિશય ગરમી, લાંબા સમય સુધી વરસાદ ન પડવો અને સૂકા પાંદડાનો જથ્થો પણ જવાબદાર બને છે.

જંગલની આગ માત્ર વૃક્ષોને જ નુકસાન કરતી નથી, પરંતુ સમગ્ર પર્યાવરણને અસર કરે છે. આગના કારણે હવામાં મોટી માત્રામાં કાર્બન ડાયોક્સાઇડ અને ધુમાડો ફેલાય છે, જેના કારણે વાયુ પ્રદૂષણ વધે છે અને આબોહવા પરિવર્તનની સમસ્યા વધુ ગંભીર બને છે. અનેક દુર્લભ પ્રાણી અને પક્ષીઓ પોતાનું રહેઠાણ ગુમાવે છે. જમીનની ફળદ્રુપતા ઘટે છે, વરસાદી પાણીનો સંગ્રહ ઓછો થાય છે અને જૈવિક વિવિધતાને લાંબા ગાળાનું નુકસાન થાય છે.આગની અસર અર્થતંત્ર પર પણ પડે છે. લાકડાનો ઉદ્યોગ, ઔષધીય વનસ્પતિ, પ્રવાસન અને જંગલ આધારિત રોજગારને મોટું નુકસાન થાય છે. ફ્રાન્સમાં તાજેતરની આગથી અબજો યુરોનું નુકસાન થવાનો અંદાજ વ્યક્ત કરવામાં આવ્યો છે.

જંગલની આગ રોકવા માટે આધુનિક ટેકનોલોજીનો ઉપયોગ અત્યંત જરૂરી બની ગયો છે. સેટેલાઈટ, ડ્રોન, થર્મલ કેમેરા અને આર્ટિફિશિયલ ઈન્ટેલિજન્સની મદદથી આગના પ્રારંભિક તબક્કાની ઓળખ કરી શકાય છે. જંગલમાં આગ અટકાવવા માટે ફાયર બ્રેક તૈયાર કરવા, સતત દેખરેખ રાખવા અને જોખમી વિસ્તારોમાં આગ અંગે વહેલી ચેતવણી આપતી વ્યવસ્થા વિકસાવવી જરૂરી છે. સ્થાનિક લોકો અને પ્રવાસીઓને પણ જાગૃત કરવાના સતત પ્રયાસો કરવા જોઈએ.

ભારતમાં પણ ઉત્તરાખંડ, હિમાચલ પ્રદેશ, મધ્ય પ્રદેશ, છત્તીસગઢ, ઓડિશા અને પશ્ચિમ ઘાટના કેટલાક વિસ્તારોમાં દર વર્ષે જંગલની આગની ઘટનાઓ જોવા મળે છે. જો સમયસર અસરકારક પગલાં નહીં લેવામાં આવે તો આ સમસ્યા વધુ ગંભીર બની શકે છે. તેથી ભારતે પણ ફ્રાન્સ અને અમેરિકાના અનુભવમાંથી શીખીને આધુનિક આગ વ્યવસ્થાપન પદ્ધતિઓ અપનાવવી જોઈએ.

જંગલો પૃથ્વીના ફેફસાં સમાન છે. તેઓ ઓક્સિજન આપે છે, વરસાદના ચક્રને જાળવી રાખે છે, ભૂગર્ભ જળનું સંરક્ષણ કરે છે અને લાખો જીવસૃષ્ટિને આશરો આપે છે. તેથી જંગલનું રક્ષણ કરવું એ માત્ર પર્યાવરણનું જ નહીં, પરંતુ માનવજાતના ભવિષ્યનું પણ રક્ષણ છે.

> **જંગલની આગ માત્ર વૃક્ષોને જ નુકસાન કરતી નથી, પરંતુ સમગ્ર પર્યાવરણને અસર કરે છે. આગના કારણે હવામાં મોટી માત્રામાં કાર્બન ડાયોક્સાઇડ અને ધુમાડો ફેલાય છે, જેના કારણે વાયુ પ્રદૂષણ વધે છે અને આબોહવા પરિવર્તનની સમસ્યા વધુ ગંભીર બને છે**

આસપાસ ચોપાસ — સુરેશ ભટ્ટ

ફ્રાન્સ અને અમેરિકાની તાજેતરની આગ સમગ્ર વિશ્વને એક સ્પષ્ટ સંદેશ આપે છે કે આબોહવા પરિવર્તન અને જંગલની આગ હવે સ્થાનિક સમસ્યા રહી નથી. સરકાર, વૈજ્ઞાનિકો અને સામાન્ય નાગરિકો સૌએ મળીને જંગલોનું સંરક્ષણ કરવું, આગ નિવારણ અંગે જાગૃતિ ફેલાવવી અને આધુનિક ટેકનોલોજીનો ઉપયોગ વધારવો એ સમયની સૌથી મોટી જરૂરિયાત છે.

જ્યારે રજાઓનો સમય જીવ બચાવવાની દોડમાં ફેરવાઈ ગયો, ત્યારે યુરોપના બે મોટા દેશોમાં લાખો લોકોને ઘર છોડવું પડ્યું.

જુલાઈ ૨૦૨૬ના છેલ્લા સપ્તાહમાં દક્ષિણ-પશ્ચિમ ફ્રાન્સ અને મધ્ય સ્પેનમાં લાગેલી ભયાનક જંગલની આગએ યુરોપના તાજેતરના ઇતિહાસના સૌથી મોટા સ્થળાંતરમાંનું એક સર્જ્યું છે. તાજા અહેવાલો મુજબ ફ્રાન્સમાં લગભગ ૨,૫૦,૦૦૦ લોકો અને સ્પેનમાં ૭૫,૦૦૦ થી વધુ લોકોને સુરક્ષિત સ્થળે ખસેડવામાં આવ્યા છે, જ્યારે ૩૦,૦૦૦ લોકોને ઘરમાં જ રહેવાની સૂચના આપવામાં આવી છે. યુરોપિયન યુનિયને તેને યુરોપના સૌથી મોટા ઈમરજન્સી ઓપરેશનમાંનું એક ગણાવ્યું છે.

ફ્રાન્સમાં સૌથી વધુ અસર બોર્ડો શહેરની આસપાસના ગિરોન્ડ અને લેન્ડેસ વિસ્તારમાં છે. આ વિસ્તાર તેના વાઈનના બગીચા અને દરિયાકિનારા માટે પ્રખ્યાત છે અને ઓગસ્ટમાં અહીં લાખો પ્રવાસીઓ આવે છે. આગ એટલી ઝડપથી ફેલાઈ કે કેપ ફેરેટ દ્વીપકલ્પને સંપૂર્ણપણે ખાલી કરાવવો પડ્યો. બોર્ડોના મેયર થોમસ કેઝેનેવે જણાવ્યું હતું કે આગ મહાનગરથી માત્ર ૧૫ કિલોમીટર દૂર પહોંચી ગઈ છે. ફ્રાન્સના ગૃહમંત્રી લોરેન્ટ નુનેઝે કહ્યું કે આ આગ એક રાક્ષસની જેમ ખૂબ ઝડપથી દોડી શકે છે અને તેને કાબૂમાં લેવાની લડાઈ લાંબી અને મુશ્કેલ હશે.

આ આગએ અત્યાર સુધીમાં ગિરોન્ડમાં ૪૨,૦૦૦ હેક્ટર જમીન બાળી નાખી છે, જે પેરિસ શહેર કરતા ચાર ગણી મોટી છે. સમગ્ર ફ્રાન્સમાં આ વર્ષે ૯૮,૦૦૦ હેક્ટર જમીન બળી ચૂકી છે, જે એક રેકોર્ડ છે. ઓછામાં ઓછા ૨૪૦ ઘરો બળી ગયા છે અને ૮૪ ફાયરફાઈટર ઘાયલ થયા છે. વૈજ્ઞાનિકોએ જણાવ્યું કે આગ એટલી તીવ્ર હતી કે તેણે પાયરોક્યુમ્યુલોનિમ્બસ નામનું વાદળ બનાવ્યું, જે પોતાનો પવન અને વીજળી પેદા કરે છે અને નવી આગ લગાવે છે.આગને કાબૂમાં લેવા માટે ફ્રાન્સે ૨,૫૦૦ ફાયરફાઈટર, ૧,૫૦૦ સૈનિકો અને ૧,૨૦૦ પોલીસ તૈનાત કર્યા છે. ખાસ બનાવેલું છ૪૦૦સ્ લશ્કરી વિમાન એકસાથે ૨૦ ટન પાણી ફેંકી શકે છે. પરિસ્થિતિની ગંભીરતાને જોતા ટુર ડી ફ્રાન્સ સાઈકલ રેસનો છેલ્લો તબક્કો પણ ટૂંકો કરી દેવામાં આવ્યો, જેથી સુરક્ષા કર્મચારીઓને આગ બુઝાવવામાં મદદ મળી શકે. સરકારે લોકોને ધુમાડાથી બચાવવા માટે ૧૫ લાખ માસ્કનો ઓર્ડર પણ આપ્યો છે.સ્પેનમાં પણ સ્થિતિ ગંભીર છે. મેડ્રિડથી ૮૦ કિલોમીટર દૂર આવેલા આવિલા, ટોલેડો અને મેડ્રિડના પશ્ચિમ વિસ્તારોમાં ત્રણ અલગ-અલગ આગ ભેગી થઈને એક મોટી આગ બની ગઈ છે. વડાપ્રધાન પેડ્રો સાંચેઝે પોતે અસરગ્રસ્ત વિસ્તાર સેનિસિએન્ટોસની મુલાકાત લીધી અને કહ્યું કે હજુ આગળના કલાકો મુશ્કેલ છે. મેડ્રિડ શહેરમાં હવાની ગુણવત્તા ખૂબ ખરાબ થઈ ગઈ છે અને મુખ્ય બગીચાઓ બંધ કરી દેવામાં આવ્યા છે. આ આગ પ્રખ્યાત નાસાના રોબલેડો ડી ચાવેલા સ્પેસ સ્ટેશન અને ૧૨મી સદીના એક મઠ પાસેથી પણ પસાર થઈ છે.આટલી મોટી આગ પાછળનું કારણ ક્લાઈમેટ ચેન્જ છે. વિશ્વ હવામાન સંગઠનના જણાવ્યા અનુસાર જૂન ૨૦૨૬ પશ્ચિમ યુરોપમાં રેકોર્ડ પરનો સૌથી ગરમ જૂન હતો. મે મહિનાથી વરસાદ નથી થયો, જેના કારણે જંગલો સૂકા બળતણમાં ફેરવાઈ ગયા છે. યુરોપમાં આ વર્ષે અત્યાર સુધીમાં ૩,૨૯,૦૦૦ હેક્ટરથી વધુ જમીન બળી ચૂકી છે.

અમેરિકાએ ત્રણ રીતે મદદ કરી છે. પહેલું, મેડ્રિડમાં આવેલા અમેરિકન દૂતાવાસે સ્પેનમાં રહેતા અમેરિકન નાગરિકો માટે ઈમરજન્સી એલર્ટ જાહેર કર્યું છે અને હેલ્પલાઈન નંબર આપ્યા છે. બીજું, નાસા અને અમેરિકાની હવામાન એજન્સીઓ સેટેલાઈટ દ્વારા આગ, પવન અને ધુમાડાની માહિતી યુરોપને આપી રહી છે. અમેરિકન ફોરેસ્ટ સર્વિસ, જેને કેલિફોર્નિયામાં મોટી આગ બુઝાવવાનો અનુભવ છે, તે યુરોપના નિષ્ણાતો સાથે સતત સંપર્કમાં છે. ત્રીજું, અમેરિકા આ ઘટનાને ગ્લોબલ વૉર્મિંગ સામે લડવા માટે એક ચેતવણી તરીકે જોઈ રહ્યું છે.



ઈમેજ એઆઈ દ્વારા જનરેટ

નિષ્કર્ષમાં, આ આગ બતાવે છે કે ગરમી અને દુષ્કાળ કેવી રીતે સામાન્ય ઉનાળાને રાષ્ટ્રીય કટોકટીમાં ફેરવી શકે છે. હાલમાં પ્રાથમિકતા જીવ બચાવવાની છે, પરંતુ ભવિષ્યમાં જંગલોનું યોગ્ય વ્યવસ્થાપન અને ક્લાઈમેટ સામે તૈયારી ખૂબ જરૂરી બનશે.

# દક્ષિણ આફ્રિકા નામિબિયામાં યોજાનારી ત્રિકોણીય શ્રેણી રમશે, જેમાં ઝિમ્બાબ્વે ત્રીજી ટીમ હશે

નવીદિલ્હી,

૨૦૨૭ વનડે વર્લ્ડ કપની તૈયારીઓ વચ્ચે દક્ષિણ આફ્રિકામાં ક્રિકેટનો ઉત્સાહ વધવાનો છે. ઓગસ્ટના અંતમાં, દક્ષિણ આફ્રિકાની ટીમ નામિબિયાનો પ્રવાસ કરશે, જ્યાં તેઓ સૌપ્રથમ ઝિમ્બાબ્વે સામે ટી ૨૦ ત્રિકોણીય શ્રેણી રમશે. આ પછી, દક્ષિણ આફ્રિકાની ટીમ યજમાન નામિબિયા સામે ત્રણ મેચની વનડે શ્રેણી પણ રમશે. આ પ્રવાસ માત્ર દક્ષિણ આફ્રિકા માટે જ નહીં પરંતુ નામિબિયા માટે પણ મહત્વપૂર્ણ માનવામાં આવે છે, જે વર્લ્ડ કપનું આયોજન કરવા જઈ રહ્યું છે.

દક્ષિણ આફ્રિકા ૨૦૨૬-૨૭ સીઝનની શરૂઆત વિન્ડહોકમાં ટી ૨૦ ત્રિકોણીય શ્રેણી સાથે કરશે, જેમાં યજમાન નામિબિયા અને ઝિમ્બાબ્વે પણ ભાગ લેશે. ત્યારબાદ દક્ષિણ આફ્રિકા અને નામિબિયા વચ્ચે ત્રણ વનડે મેચ રમાશે. ક્રિકેટ નામિબિયા શુક્રવાર, ૭ ઓગસ્ટના રોજ આ શ્રેણીનું સંપૂર્ણ સમયપત્રક જાહેર કરશે.

આ પ્રવાસ નામિબિયા માટે ઘણી રીતે મહત્વપૂર્ણ છે. આર્થિક ફાયદા ઉપરાંત, ટીમને મજબૂત પ્રતિસ્પર્ધી સામે રમવાની તક મળશે. હાલમાં, નામિબિયા આઈસીસી ક્રિકેટ વર્લ્ડ કપ લીગ ૨ પોઈન્ટ ટેબલમાં પાંચમા સ્થાને છે. આવતા વર્ષના વર્લ્ડ કપ ક્વોલિફાયર માટે સીધા ક્વોલિફાય થવા માટે, તેને ટોચના ચારમાં સ્થાન મેળવવાની જરૂર પડશે. જો




તે આમ કરવામાં નિષ્ફળ જાય, તો તેને પ્લેઓફમાં રમવું પડશે.

બીજી બાજુ, દક્ષિણ આફ્રિકા સપ્ટેમ્બરમાં શરૂ થતા ઓસ્ટ્રેલિયાના તેના પ્રવાસ પર ધ્યાન કેન્દ્રિત કરી રહ્યું છે. ઓસ્ટ્રેલિયા સામે ત્રણ વનડે મેચ રમાશે, ત્યારબાદ ૨૪ સપ્ટેમ્બરથી ત્રણ ટેસ્ટ મેચ રમાશે. બાંગ્લાદેશ સામે બે ટેસ્ટ શ્રેણી પણ તરત જ સુનિશ્ચિત થયેલ છે. વ્યસ્ત સમયપત્રકને કારણે, દક્ષિણ આફ્રિકા નામિબિયા પ્રવાસ માટે મુખ્ય ખેલાડીઓને આરામ આપી શકે છે.મુખ્ય કોચ શુક્રી કોનરાડે પહેલાથી જ સંકેત આપી દીધા છે કે મર્યાદિત ઓવરની શ્રેણીમાં યુવા ખેલાડીઓને તક આપવામાં આવશે. પરિણામે, આવતા અઠવાડિયે જાહેર થનારી ટીમમાં માર્ચમાં ન્યુઝીલેન્ડ સામેની ટી ૨૦ શ્રેણીમાં રમનારા ખેલાડીઓનો સમાવેશ થવાની સંભાવના છે. તે પ્રવાસમાં ઘણા ખેલાડીઓએ ટી ૨૦ ડેબ્યૂ કર્યું હતું. ક્વેના મ્ફાકા, જોર્ડન હરમન, નકાબાની મોકોએના અને નકાબા પીટર્સ જેવા યુવા ખેલાડીઓને પણ તક મળે તેવી સંભાવના છે.

બધી મેચો વિન્ડહોકના આધુનિક નામિબિયા ક્રિકેટ ગ્રાઉન્ડ પર રમાશે, જે ૨૦૨૭ વર્લ્ડ કપનું સહ-યજમાન બનાવવાના ઉદ્દેશ્યથી વિકસાવવામાં આવી છે.

# શુભમન ગિલની કેપ્ટનશીપ હેઠળ ટીમ ઈન્ડિયા શ્રીલંકા પહોંચી : ૭ ઓગસ્ટથી ટેસ્ટ શરૂ થશે

કોલંબો,

ટીમ ઈન્ડિયાનું નવું મિશન શુભમન ગિલની કેપ્ટનશીપ હેઠળ શરૂ થવાનું છે. ટીમ ભારત અને શ્રીલંકા વચ્ચેની બે ટેસ્ટ શ્રેણી માટે શ્રીલંકાની ધરતી પર ઉતરી ચૂકી છે. બધા ખેલાડીઓ બપોરે ભારત છોડીને થોડા સમય પછી શ્રીલંકા પહોંચ્યા. તેમના આગમનના કેટલાક ફોટા અને વીડિયો સામે આવ્યા છે, જે ખૂબ પ્રભાવશાળી લાગે છે. ટીમનો ટેસ્ટ ૭ ઓગસ્ટથી શરૂ થશે.ભારત અને શ્રીલંકા વચ્ચે બે ટેસ્ટ મેચની શ્રેણી ૧૫ ઓગસ્ટથી શરૂ થશે. મ્ઝ્રૈં એ આ મેચ માટે ભારતીય ટીમની જાહેરાત ઘણા સમય પહેલા કરી દીધી હતી. જોકે, ટીમના રવાના થાય તે પહેલા એક મોટો ફેરફાર કરવામાં આવ્યો છે. જસપ્રીત બુમરાહ હાલમાં અનફિટ



છે, તેથી તેને ટીમમાંથી બહાર કરવામાં આવ્યો છે, અને તેના સ્થાને, જમ્મુ અને કાશ્મીરના આકિબ નબીને પહેલી વાર ભારતીય ટીમમાં પસંદ કરવામાં આવ્યો છે. હવે, રાહ જોવાની બાકી છે કે તેને રમવાની તક મળશે કે તેને બહાર રાખવામાં આવશે.

જ્યારે શ્રેણીની પહેલી મેચ ૧૫ ઓગસ્ટથી શરૂ થશે, ત્યારે ટેસ્ટ ૭ ઓગસ્ટથી જ શરૂ થશે, કારણ કે ટીમ ઈન્ડિયા શ્રીલંકા બી સામે પ્રેક્ટિસ, અથવા તો વોર્મ-અપ મેચ રમશે. આનાથી ભારતીય ટીમની ટેસ્ટ માટેની તૈયારીનો અંદાજ આવશે. આ એક મોટી કસોટી હશે, કારણ કે આ શ્રેણી વર્લ્ડ ટેસ્ટ ચેમ્પિયનશિપનો ભાગ હશે.

# પૂર્વ પાકિસ્તાની ક્રિકેટરોને પરવાનગી વિના વિદેશી લીગમાં રમવા બદલ બે વર્ષનો પ્રતિબંધ લાગી શકે

કરાંચી,

પાકિસ્તાન ક્રિકેટ બોર્ડ એ તેના ભૂતપૂર્વ ખેલાડીઓ સામે મોટી કાર્યવાહી કરવાનો સંકેત આપ્યો છે. જરૂરી મંજૂરી વિના ઝામ્બિયામાં યોજાયેલી એશિયન લિજેન્ડ્સ લીગમાં ભાગ લેનારા ઘણા ભૂતપૂર્વ પાકિસ્તાની ક્રિકેટરોને બે વર્ષનો પ્રતિબંધ લાગી શકે છે. બોર્ડે સ્પષ્ટ કર્યું છે કે આઈસીસી અને પીસીબીની પરવાનગી વિના કોઈપણ વિદેશી ક્રિકેટ ઈવેન્ટમાં ભાગ લેવો એ નિયમોનું ઉલ્લંઘન છે અને આ બાબતને ગંભીરતાથી લેવામાં આવી છે. ખરેખર, ઝામ્બિયામાં રમાઈ રહેલી એશિયન લિજેન્ડ્સ લીગ ૨૦૨૬ ને ઝામ્બિયા ક્રિકેટ યુનિયન, ત્યાંની



સત્તાવાર ક્રિકેટ સંસ્થા દ્વારા માન્યતા આપવામાં આવી નથી. ઝેડસીયુએ તાજેતરમાં એક નિવેદન બહાર પાડીને જણાવ્યું હતું કે આ ટુર્નામેન્ટ તેના દ્વારા માન્ય કે સમર્થિત નથી. આ પછી,પીસીબીએ પણ કડક વલણ અપનાવ્યું અને ચેતવણી આપી.પીસીબી અનુસાર, જરૂરી ર્દ્ગંઝ્ર વિના આ ટુર્નામેન્ટમાં ભાગ લેનારા ખેલાડીઓને આગામી બે વર્ષ સુધી કોઈપણ માન્ય વિદેશી ક્રિકેટ લીગ માટે એનઓસી આપવામાં આવશે નહીં. વધુમાં, આવા ખેલાડીઓ બે વર્ષ માટે પીસીબી પાકિસ્તાન સુપર લીગ અથવા બોર્ડ સાથે સંકળાયેલ કોઈપણ કોચિંગ, માર્ગદર્શન, સલાહકાર અથવા અન્ય ક્રિકેટ-સંબંધિત પદ માટે પણ અયોગ્ય રહેશે.અહેવાલ મુજબ, ૩૦ જુલાઈથી ટુર્નામેન્ટ શરૂ થતાં જ આ ઉલ્લંઘનને પહેલાથી જ માન્યતા આપવામાં આવી છે. ટુર્નામેન્ટમાં કુલ છ ટીમો ભાગ લઈ રહી છે, જેમાં પાકિસ્તાન પેન્થર્સનો સમાવેશ થાય છે, જે સંપૂર્ણપણે પાકિસ્તાની ખેલાડીઓથી બનેલી ટીમ છે, જેણે અત્યાર સુધીમાં બે મેચ રમી છે. અહેવાલો અનુસાર, મોહમ્મદ હાફીઝ, સોહેલ તનવીર અને ઉમર અકમલ પણ લીગમાં રમવા માટે ઝામ્બિયાની રાજધાની લુસાકા પહોંચ્યા હતા.

# ધ હંડ્રેડમાં ઈતિહાસ રચાયો : સનરાઈઝર્સ લીડ્સે ૨૧ છગ્ગા સાથે ૨૪૧ રન ફટકાયા

નવીદિલ્હી,

હેડિંગલીએ એક તોફાન જોયું જે લાંબા સમય સુધી યાદ રહેશે. સનરાઈઝર્સ લીડ્સના બેટ્સમેનોએ લંડન સ્પિરિટના બોલરોને હરાવ્યા, રેકોર્ડબ્રેક ૨૪૧ રન બનાવ્યા. પ્રથમ બેટિંગ કરતા, સનરાઈઝર્સ લીડ્સે ૧૦૦ બોલમાં ૨૪૧ રન બનાવ્યા, જે ધ હંડ્રેડ પુરુષોની સ્પર્ધાના ઈતિહાસમાં સૌથી વધુ ટીમનો કુલ સ્કોર છે. આ વિસ્ફોટક બેટિંગથી સનરાઈઝર્સ લીડ્સે લંડન સ્પિરિટને ૩૭ રનથી હરાવ્યું અને પોઈન્ટ ટેબલમાં ચોથા સ્થાને પહોંચી ગયું.

ટોસ પછી બેટિંગ કરતા સનરાઈઝર્સ લીડ્સે ખૂબ જ



આક્રમક શરૂઆત કરી. મિશેલ માર્શ અને રાયન રિકેલ્ટને પ્રથમ વિકેટ માટે માત્ર ૫૪ બોલમાં ૧૪૮ રન ઉમેર્યા, જે ધ હંડ્રેડ ઈતિહાસમાં સૌથી વધુ ઓપનિંગ ભાગીદારીનો રેકોર્ડ બનાવ્યો. માર્શે માત્ર ૩૭ બોલમાં ૭૬ રનની ધમાકેદાર ઈનિંગ રમી, અને સિઝનનો સૌથી વધુ રન બનાવનાર ખેલાડી બન્યો. તેની પાસે હવે ૨૩ છગ્ગા છે, જે આ સિઝનમાં કોઈપણ બેટ્સમેન દ્વારા સૌથી વધુ છે.બીજી બાજુ, રાયન રિકેલ્ટન વધુ ખતરનાક દેખાતો હતો. તેણે માત્ર ૨૧ બોલમાં પોતાની અડધી સદી પૂરી કરી અને અંત સુધી અણનમ રહ્યો, ૪૨ બોલમાં ૯૪ રન બનાવ્યા. તે સદીથી માત્ર છ રન દૂર રહ્યો, પરંતુ તેની ઈનિંગ્સે ટીમને રેકોર્ડ સ્કોર સુધી પહોંચવામાં મહત્વપૂર્ણ ભૂમિકા ભજવી. માર્શના આઉટ થયા પછી, હેરી બ્રુકે બેટિંગમાં વધુ પરિવર્તન લાવ્યું. તેણે માત્ર ૧૮ બોલમાં ૫૫ રન ફટકાર્યા અને ૧૫ બોલમાં પોતાની અડધી સદી પૂરી કરી, જે ધ હંડ્રેડના ઈતિહાસમાં સૌથી ઝડપી અડધી સદીની બરાબરી કરી.સનરાઈઝર્સ લીડ્સે તેમના ફાળવેલ ૧૦૦ બોલમાં ૨ વિકેટે ૨૪૧ રન બનાવ્યા. ટીમે તેમની ઈનિંગ્સમાં કુલ ૨૧ છગ્ગા ફટકાર્યા, જે ધ હંડ્રેડના ઈતિહાસમાં એક જ ઈનિંગ્સમાં સૌથી વધુ છે.

# સેલિબ્રિટીઓએ પ્રદીપ રાવતને યાદ કર્યા; જેનેલિયાએ એક ભાવનાત્મક પોસ્ટ લખી



મુંબઇ,

"ગજની" ફેમ અભિનેતા પ્રદીપ રાવતનું ૭૪ વર્ષની વયે અવસાન થયું છે. અભિનેતાના પાર્થિવ શરીરને બુધવારે બપોરે અંતિમ દર્શન માટે રાખવામાં આવ્યો હતો અભિનેતા યશપાલ શર્મા અને જેનેલિયા દેશમુખે પણ સોશિયલ મીડિયા દ્વારા તેમને શ્રદ્ધાંજલિ આપી. અભિનેતા યશપાલ શર્માએ સોશિયલ મીડિયા પર એક પોસ્ટ દ્વારા આ દુઃખદ સમાચાર શેર કર્યા. તેમના ઈન્સ્ટાગ્રામ એકાઉન્ટ પર પોસ્ટ શેર કરતા યશપાલ શર્માએ લખ્યું, "પ્રદીપ રાવત, આપણી ગઝની. 'લગાન'ના દેવાને નમ્ર શ્રદ્ધાંજલિ." પ્રદીપ રાવતે ફિલ્મ 'લગાન'માં દેવા સિંહ સોઢીની ભૂમિકા ભજવી હતી.અભિનેત્રી જેનેલિયા દેશમુખે સોશિયલ મીડિયા પર પ્રદીપ રાવતને યાદ કર્યા. તેણીએ લખ્યું, "અમે તમને ફિલ્મ 'સાઈ' માં તમારા અભિનય માટે હંમેશા યાદ રાખીશું." અભિનેત્રીએ ફિલ્મમાંથી પ્રદીપનો એક ફોટો પણ શેર કર્યો. જેનેલિયાએ આ ફિલ્મમાં મુખ્ય ભૂમિકા ભજવી હતી.અભિનેતા સોનુ સૂદે સોશિયલ મીડિયા પર પ્રદીપ રાવતનો ફોટો શેર કરીને લખ્યું, "પ્રદીપ રાવત ભાઈ, તમારી હંમેશા યાદ આવશે." ટીવી અભિનેતા આયુષ્પાલ શર્માએ પણ તેમને શ્રદ્ધાંજલિ આપી, તેમને "ગજની" ના ગજની અને "લગાન" ના દેવા તરીકે યાદ કર્યા.

# બ્રેટ લીએ સ્પષ્ટતા કરી, તેમના અને પ્રીતિ ઝિન્ટા વચ્ચે ક્યારેય કોઈ પ્રેમ સંબંધ નહોતો

મુંબઇ,

ઓસ્ટ્રેલિયન ક્રિકેટ ટીમના ભૂતપૂર્વ ફાસ્ટ બોલર બ્રેટ લી ઘણીવાર હેડલાઈન્સમાં રહે છે. એક સમય હતો જ્યારે તેણે બોલિવૂડમાં પોતાનું નસીબ અજમાવ્યું હતું, પરંતુ તે ખાસ છાપ છોડી શક્યો ન હતો. આ સમયગાળા દરમિયાન, એવી અફવાઓ હતી કે તે બોલિવૂડ અભિનેત્રી પ્રીતિ ઝિન્ટાને ડેટ કરી રહ્યો છે. આ ડેટિંગની અફવાઓએ ઘણા વર્ષો સુધી લોકોનું ધ્યાન ખેંચ્યું. હવે, ૧૬-૧૭ વર્ષ પછી, આ ક્રિકેટરે પોતાનું મૌન તોડ્યું છે અને આખરે પ્રીતિ ઝિન્ટાને ડેટ કરવાની વર્ષો જૂની અફવાઓનો જવાબ આપ્યો છે. બ્રેટ લીએ સ્પષ્ટતા કરી હતી કે તેમના અને પ્રીતિ ઝિન્ટા



વચ્ચે ક્યારેય કોઈ પ્રેમ સંબંધ નહોતો. તેઓ હંમેશા સારા મિત્રો રહ્યા છે, અને તેમને તેમના માટે ખૂબ જ આદર છે.

એક મુલાકાતમાં ૨૦૦૦ ના દાયકાની આ અફવાઓ વિશે પૂછવામાં આવતા, બ્રેટ લીએ કહ્યું કે તેમણે ક્યારેય કોઈ બોલિવૂડ અભિનેત્રીને ડેટ કરી નથી તે સૌથી મોટું રહસ્ય હતું. તેમણે સમજાવ્યું કે તેમની અને પ્રીતિ ઝિન્ટા વચ્ચે ફક્ત ગાઢ મિત્રતા હતી, અને તેઓ આજે પણ સારા મિત્રો છે. બ્રેટ લીએ વધુમાં જણાવ્યું હતું કે પ્રીતિ ઝિન્ટા તે સમયે પંજાબ કિંગ્સ ટીમની સહ-માલિક હતી. તે ખૂબ જ બુદ્ધિશાળી મહિલા છે, અને તેમને તેમના માટે ખૂબ જ આદર છે. અફવાઓ અંગે, લીએ કહ્યું કે આવા અહેવાલો તેમને ક્યારેય પરેશાન કરતા નથી કારણ કે તે હંમેશા સત્ય જાણતા હતા. લોકો ગમે તે અનુમાન લગાવી શકે છે, પરંતુ તેઓ ક્યારેય આ બાબતોને તેમના પર અસર થવા દેતા નથી.૨૦૦૮ થી ૨૦૧૧ દરમિયાન પ્રીતિ ઝિન્ટા અને બ્રેટ લી વચ્ચેના અફેરની અફવાઓ હેડલાઈન્સમાં છવાયેલી રહી. તે સમયે, બ્રેટ લી ઈન્ડિયન પ્રીમિયર લીગમાં પંજાબ કિંગ્સ ટીમનો ભાગ હતો. મુંબઈના એક રેસ્ટોરન્ટમાં સાથે જોવા મળ્યા બાદ આ અફવાઓએ વધુ જોર પકડ્યું. જોકે, ૨૦૧૦ માં, પ્રીતિ ઝિન્ટાએ આ અફવાઓને સંપૂર્ણપણે ફગાવી દીધી. તેણીએ સોશિયલ મીડિયા પર લખ્યું કે દર વર્ષે બ્રેટ લી સાથે જોડાવાનું જૂનું અને પાયાવિહોણું હતું. તેણીએ સ્પષ્ટતા કરી કે તેઓ ફક્ત સારા મિત્રો હતા.

તેમના અંગત જીવનની વાત કરીએ તો, બ્રેટ લીએ ૨૦૦૬ માં એલિઝાબેથ કેમ્પ સાથે લગ્ન કર્યા, જેની સાથે તેનો એક પુત્ર છે. જોકે, ૨૦૦૯ માં તેમના છૂટાછેડા થયા. ત્યારબાદ બ્રેટ લીએ ૨૦૧૪ માં લાના એન્ડરસન સાથે લગ્ન કર્યા, જેની સાથે તેના બે બાળકો છે. પ્રીતિ ઝિન્ટાએ ૨૦૧૬ માં લોસ એન્જલસમાં જીન ગુડઈનફ સાથે લગ્ન કર્યા.

## શબ્દ શોધો

| | | | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| અં | ળ | સા | અં | ડી | ણ | કા | ગં | ર | ઉ | ઐ | મા |
| પ્રા | મા | ણિ | ક | કા | ગ | બા | ળ | કા | બૂ | ક્ષ | ભ |
| દ | ક્રો | ર | પ્ર | દ | ન | દ | અઃ | લ | ર | મ | ધ |
| અ | લા | પ્ર | ક | કુ | સ | કા | લા | રો | રો | ધ | ર |
| ધ | કુ | મા | બ | ઔ | ગ | ભ | ભ | રી | ણ | ચા | ક્ષ |
| ળો | અ | રા | કા | કા | ફ | બા | દ | બા | કી | ફ | મા |
| ગી | બ | ભો | ર | લ | ર | ત | ળ | હિ | ડો | દ | ગ |
| ર | ભા | તી | ગ | ળ | જ | ચી | ર | આ | પ્ર | અં | વા |
| કા | આ | શિ | મ | કા | અ | લી | સા | સા | લ | લા | બ |
| જ | લ | હિ | ણે | મ | ગં | પ્ર | દ | ક | ગ | અ | હા |
| મા | મા | સા | જ | ગ | ર | ર | મા | સા | દ | બિ | સ |
| ક | મ | રો | ઊ | અ | શિ | અ | મ | દ | દ | શિ | બ |

શબ્દ શોધો

**પ્રમાદ, પ્રસાદ, પ્રામાણિક, ફરજ, બરાબર, બાદબાકી, ભમરો, ભાતીગળ, ભોરલ, મહિમા**

# કંગના રનૌતે સ્ટાલિનની અભદ્ર ટિપ્પણી બાદ પોલીસે કરેલી કાર્યવાહીની પ્રશંસા કરી



ચેન્નાઇ,

તમિલનાડુમાં કાવેરી જળ વિવાદ પર આયોજિત રેલી દરમિયાન ઉદયનિધિ સ્ટાલિનની અભિનેત્રી ત્રિશા પરની વિવાદાસ્પદ ટિપ્પણીએ વિવાદ ઉભો કર્યો છે. આ ટિપ્પણી વાયરલ થયા બાદ, પોલીસે મંગળવારે ડીએમકે નેતા અને તમિલનાડુ વિધાનસભામાં વિરોધ પક્ષના નેતા ઉદયનિધિની તેમના નિવાસસ્થાનેથી અટકાયત કરી હતી. કંગના રનૌતે પણ આ ઘટના પર પ્રતિક્રિયા આપી છે.

કંગના રનૌત તેના સ્પષ્ટવક્તા માટે જાણીતી છે અને વિવિધ મુદ્દાઓ પર ખુલ્લેઆમ પોતાના વિચારો વ્યક્ત કરે છે. તેણીએ સોશિયલ મીડિયા પર ઉદયનિધિ સ્ટાલિનની ટિપ્પણીનો પણ જવાબ આપ્યો. કંગના રનૌતે સ્ટાલિનની અભદ્ર ટિપ્પણી બાદ પોલીસ કાર્યવાહીની પ્રશંસા કરી. તેણીએ કહ્યું કે આવા અભદ્ર મજાક અસ્વીકાર્ય છે.

કંગના રનૌતે તેની ઈન્સ્ટાગ્રામ સ્ટોરી પર એક પોસ્ટ શેર કરી. સ્ટાલિનની ધરપકડના સમાચાર શેર કરતા તેણીએ લખ્યું, "ગંદી ભાષાનો ઉપયોગ કરવો અને બેવડા અર્થવાળા, અશ્લીલ અને અભદ્ર મજાક કરવા કોઈપણ સભ્ય સમાજમાં અસ્વીકાર્ય છે. શ્રી સ્ટાલિનને આ ગુના માટે જેલમાં મોકલવામાં આવ્યા હતા. તેઓ હવે જામીન પર બહાર હોઈ શકે છે, પરંતુ આ એક સારું ઉદાહરણ છે."

ત્રીશા કૃષ્ણન વિરુદ્ધ તેમની કથિત ટિપ્પણીના સંદર્ભમાં મંગળવારે સ્ટાલિનની ધરપકડ કરવામાં આવી હતી.

# સોનાક્ષી સિન્હાએ ઈન્સ્ટાગ્રામ પર અનુષ્કા શર્માને અનફોલો કરી દેતા ચર્ચા



મુંબઇ,

સોનાક્ષી સિન્હાએ ઈંસ્ટાગ્રામ પર અચાનક અનુષ્કા શર્માને અનફોલો કરી દેતા સોશિયલ મીડિયા પર આ મુદ્દો ચર્ચાનું કેન્દ્ર બન્યો છે. અને લોકોએ આ અનફોલોની પેટર્ન પાછળ એક થિયરી પણ બનાવી દીધી છે. હવે સોશિયલ મીડિયા પર આ થિયરી સાચી છે કે ખોટી એ બાબતની ચર્ચા લોકો કરી રહ્યા છે.

યુઝર્સના મતે આ અનફોલો કરવા પાછળનું કારણ વિરાટ અને અનુષ્કાની વધી રહેલી ધાર્મિક પોસ્ટ છે. જ્યારથી વિરાટ કોહલી અને અનુષ્કાએ સનાતન ધર્મને લગતી અને ધર્મ અને અધ્યાત્મને લગતી પોસ્ટ કરવાની શરૂઆત કરી છે. ત્યારથી સોનાક્ષી સિન્હાએ અનુષ્કા શર્માને અનફોલો કરી છે. આ જ વાતને આધાર બનાવીને યુઝર્સ આ જ કારણથી સોનાક્ષી સિન્હાએ અનુષ્કાને અનફોલો કરી હોવાનું તારણ કાઢી રહ્યા છે.

લોકો દાવો કરી રહ્યા છે કે જ્યારથી વિરાટ અને અનુષ્કાએ વૃંદાવનમાં પ્રેમાનંદ મહારાજના આશ્રમની મુલાકાત લીધી અને તે ફોટો શેર કર્યા હતા બસ ત્યારથી જ અનફોલોની પેટર્ન શરુ થઈ હતી. જો કે અનુષ્કા હજી પણ સોનાક્ષીને ફોલો કરી રહી છે.

ઉલ્લેખનીય છે કે જ્યારે અનુષ્કાએ ડોગ વેલ્ફેર માટેની પોસ્ટ શેર કરી હતી ત્યારે સોનાક્ષીએ તેની ખુબ જ સરાહના કરી હતી તે પોસ્ટને સોશિયલ મીડિયા પર સ્ટોરી મારફતે શેર પણ કરી હતી.

# રાજ્યના આરોગ્ય મંત્રીની જાહેરાત બાદ જામ્યુકોનું આરોગ્ય તંત્ર સફાળું જાગ્યું

## શહેરમાં વિવિધ સ્થળોએ વિક્રેતાઓને ત્યાં ચેકીંગમાં ૧૨.૫૦ કિલો એનાલોગ ચીઝ મળી આવતા નાશ કરાયો




તસવીરઃ સુનિલ ચુડાસમા

જામનગર : લોક આરોગ્ય સાથે ચેડા સમાન રાજ્યમાં એનાલોગ પનીર ઉપર પ્રતિબંધ ઝીકાયા બાદ જામનગર શહેરમાં ફુડ વિભાગ હરકતમાં આવ્યું છે અને આજે શહેરમાં જુદા જુદા રેસ્ટોરન્ટ, પીઝા પાર્લર તથા ફાસ્ટફુડ વિક્રેતાને ત્યાં ચેકીંગ હાથ ધરી એક સ્થળેથી ૧૨.૫૦ કિલો ગ્રામ એનાલોગ ચીઝ મળી આવતા નાશ કરાયો હતો.

ગઈકાલે રાજ્ય સરકાર દ્વારા વનસ્પતી તેલમાંથી બનતા એનાલોગ પનીર, ચીઝ, બટર ઉપર પ્રતિબંધ મૂકી દીધો છે. ત્યારે આરોગ્ય અને પરિવાર કલ્યાણ વિભાગના આ નિર્ણયને લઈ જામનગર મહાનગરપાલિકાની ફુડ શાખા હરકતમાં આવી હતી. અને આજે સવારથી જ જામનગર શહેરના અંબર ચોકડી, હોસ્પિટલ રોડ, ડીકેવી સર્કલ સહિતના સ્થળોએ રેસ્ટોરન્ટ, પીઝા પાર્લર અને ફાસ્ટફુડ વિક્રેતા તથા નાસ્તાની દુકાનોમાં ચેકીંગ હાથ ધરવામાં આવ્યું હતું. આ ચેકીંગ દરમિયાન જામનગર શહેરના એક પીઝા પાર્લરમાંથી ૧૨.૫૦ કિલો ગ્રામ એનાલોગ ચીઝ મળી આવ્યું હતું જેનો સ્થળ ઉપર જ નાશ કરવામાં આવ્યો હતો તેમજ સંચાલકને એનાલોગ પનીર, ચીઝનો ઉપયોગ ન કરવા તાકીદ કરાઈ હતી. આ ઉપરાંત શહેરમાં નાસ્તાની દુકાન વિક્રેતાને ત્યાં પણ એનાલોગ પનીરનો છુટક જથ્થો મળી આવ્યો હતો. જેનો પણ નાશ કરવામાં આવ્યો હતો.

# ખીલોસ ગામનો જવાન સેવા નિવૃત બાદ વતન ફરતા ગ્રામજનો દ્વારા સ્વાગત




જામનગર : જામનગર તાલુકાના ફલ્લા નજીક આવેલા ખીલોસ ગામના ક્ષત્રિય યુવાન વિમલસિંહ હઠીસિંહ જાડેજા ભારતીય લશ્કરમાં ૨૪ વર્ષ અને ૧૫ દિવસ સુધી દેશની સરહદોની રક્ષા કરીને નિવૃત્ત થયા બાદ પોતાના વતન પરત ફરતા ગ્રામજનોએ તેમનું ભવ્ય સ્વાગત કર્યું હતું.

નિવૃત્તિ બાદ વતન પરત ફરેલા જવાનના સન્માનમાં ફલ્લા ગામથી ખીલોસ ગામ સુધી અંદાજે પાંચ કિલોમીટર લાંબી બાઈક રેલી યોજવામાં આવી હતી. મોટી સંખ્યામાં યુવાનો અને ગ્રામજનો આ રેલીમાં જોડાયા હતા. સમગ્ર માર્ગ દરમિયાન દેશભક્તિના નારા અને 'ભારત માતા કી જય' ના ગગનભેદી નાદ વચ્ચે જવાનનું વાજતે-ગાજતે સ્વાગત કરવામાં આવ્યું હતું.

વિમલસિંહ જાડેજાએ ભારતીય સેનામાં રહી દેશના વિવિધ વિસ્તારોમાં ફરજ બજાવી હતી. લાંબા સમય સુધી નિષ્ઠાપૂર્વક દેશસેવા કર્યા બાદ તેઓ નિવૃત્ત થઈ પોતાના ગામે પરત ફરતાં ગ્રામજનોમાં ગૌરવ અને આનંદની લાગણી જોવા મળી હતી. ગામજનો તેમજ આસપાસના વિસ્તારોના લોકોએ તેમનું ફૂલહાર પહેરાવી સન્માન કર્યું હતું અને દેશસેવા બદલ અભિનંદન પાઠવ્યા હતા.

# આયુષ કેન્સર હોસ્પિટલ દ્વારા વિશ્વસ્તરીય કેન્સર સર્જરી સૌપ્રથમ જામનગરની ધરતી પર

## દ્વારકાના ૫૭ વર્ષીય દર્દીને મળ્યું નવજીવન



તસવીરઃ સુનિલ ચુડાસમા

જામનગરઃ સમગ્ર હાલાર સહિત આસપાસના પંથકની જનતા માટે આયુષ કેન્સર હોસ્પિટલ આશીર્વાદરૂપ સાબિત થઈ રહી છે. જે ઓપરેશન અત્યાર સુધી માત્ર અમદાવાદ કે મુંબઈ જેવા મેટ્રો શહેરોમાં જ શક્ય બનતા હતા, તેવું અન્નનળીના કેન્સરનું અતિ જટિલ ઓપરેશન હાલાર પંથકમાં પ્રથમ વાર આયુષ કેન્સર હોસ્પિટલ ખાતે સફળતાપૂર્વક કરવામાં આવ્યું છે.

દ્વારકાના ૫૭ વર્ષીય અહમદભાઈ મીઠેણને ખોરાક ગળે ઉતારવામાં તકલીફ પડતી હતી. તપાસ બાદ તેમને અન્નનળીનું કેન્સર Carcinoma Esophagus) હોવાનું નિદાન થયું અને તેમને આયુષ કેન્સર હોસ્પિટલ ખાતે રિફર કરવામાં આવ્યા.

કેન્સરના નિદાન બાદ ડૉ. કુલદીપ જોષીની દેખરેખ હેઠળ PMJAY (આયુષ્માન કાર્ડ) યોજના અંતર્ગત રેડિયેશન સારવાર આપવામાં આવી. ત્યારબાદ યોગ્ય સમયગાળામાં સર્જિકલ ઓન્કોલોજિસ્ટ ડૉ. સુભાશ દત્તા અને તેમની ટીમે VATS (Video-Assisted Throacoscopic Surgery) ટેક્નોલોજી દ્વારા Gastric Pull-Up Surgery સફળતાપૂર્વક કરી.

આ મેજર સર્જરી લગભગ ૮ કલાક ચાલી હતી. સર્જરી બાદ દર્દીન ICUમાં રાખવામાં આવ્યા અને બીજા જ દિવસે સામાન્ય વોર્ડમાં ખસેડવામાં આવ્યા. હાલમાં દર્દી સ્વસ્થ છે અને આગામી દિવસોમાં સામાન્ય ખોરાક લઈ શકશે. આ સમગ્ર સારવાર સ્ત્નછરૂ યોજના હેઠળ સંપૂર્ણ નિઃશુલ્ક કરવામાં આવી હતી. ઉપરાંત દર્દી તથા તેમના સગા-સંબંધીઓ માટે રહેવા અને જમવાની સુવિધા પણ હોસ્પિટલ દ્વારા પૂરી પાડવામાં આવી હતી. આ સફળ સર્જરી એ સાબિત કરે છે કે આયુષ કેન્સર હોસ્પિટલ હાલારની જનતા માટે અદ્યતન કેન્સર સારવાર સ્થાનિક સ્તરે ઉપલબ્ધ કરાવી રહી છે અને દર્દીઓનો સમય તથા ખર્ચ બંને બચાવી રહી છે.

# સખી વન સ્ટોપ સેન્ટર દ્વારા ગુમશુદા મહિલાનું પરિવાર સાથે કરાવાયું પુનઃમિલન



જામનગર : જામનગર ખાતે મહિલા અને બાળ અધિકારીની કચેરી અંતર્ગત કાર્યરત સખી વન સ્ટોપ સેન્ટર દ્વારા માનવતાવાદી અભિગમ દાખવીને એક ગુમશુદા મહિલાને તેમના પરિવાર સાથે પુનઃ મિલન કરાવીને તત્કાલ મદદ પૂરી પડાઈ છે.

પ્રાપ્ત વિગતો અનુસાર, ૧૮૧ મહિલા હેલ્પલાઈન દ્વારા એક પીડિત મહિલાને સુરક્ષિત આશ્રય માટે સખી વન સ્ટોપ સેન્ટર, જામનગર ખાતે રિફર કરવામાં આવ્યા હતા. મહિલા અને બાળ અધિકારી ડો. પૂજાબેન ડોડીયાના માર્ગદર્શન હેઠળ સેન્ટરના કર્મચારીઓ દ્વારા મહિલાને આશ્રય આપી તેમનું સાંત્વનાપૂર્વક કાઉન્સિલિંગ કરવામાં આવ્યું હતું. કાઉન્સિલિંગ દરમિયાન જાણવા મળ્યું હતું કે આ મહિલા મૂળ મધ્યપ્રદેશના વતની છે અને કૌટુમ્બિક ઝઘડાના કારણે કોઈને કહ્યા વગર ટ્રેનમાં બેસીને જામનગર આવી પહોંચ્યા હતા.

સખી વન સ્ટોપ સેન્ટરના કર્મચારીઓએ સઘન પ્રયાસો હાથ ધરી મહિલાના પરિવારજનોનો સંપર્ક સાધ્યો હતો. પરિવારજનો જામનગર ખાતે આવી પહોંચતા મહિલાને સહીસલામત રીતે તેમને સોંપવામાં આવ્યા હતા. ગુમ થયેલી મહિલા પરત મળતાં પરિવારજનો ભાવુક થઈ ઉઠ્યા હતા અને સખી વન સ્ટોપ સેન્ટરની આ સેવાકીય કામગીરી બદલ હૃદયપૂર્વક આભાર વ્યક્ત કર્યો હતો. આમ, સખી વન સ્ટોપ સેન્ટર જામનગરની ટીમ દ્વારા પીડિત મહિલાને સમયસર આશ્રય, કાઉન્સિલિંગ, પોલીસ અને મેડિકલ સહિતની જરૂરી તમામ સહાય પૂરી પાડીને તેમના પરિવાર સાથે સુખદ પુનઃમિલન કરાવાયુ હતું.

# જોડિયાના કેશિયા રોડ પરના કોઝવેનું રીપેરીંગ કામ તાત્કાલિક પૂર્ણ કરાયું




જામનગર : જોડિયા તાલુકાના કેશિયા ટુ એસ.એચ. રોડ પર આવેલા કોઝવેનું માર્ગ અને મકાન વિભાગ દ્વારા તાત્કાલિક ધોરણે રિપેરિંગ કામગીરી પૂર્ણ કરવામાં આવ્યું છે, જેનાથી આ માર્ગ પરનો વાહનવ્યવહાર વધુ સુરક્ષિત અને સુગમ બન્યો છે.

આ કોઝવે ૯૦૦ મી.મી. વ્યાસના ૧૦ રો ના પાઈપ ધરાવે છે. ચોમાસા દરમિયાન વરસાદી પાણીના ભારે પ્રવાહને કારણે કોઝવેના ડાઉનસ્ટ્રીમ વિસ્તારમાં ધોવાણ થવા પામ્યું હતું. માર્ગ અને મકાન વિભાગ દ્વારા હાથ ધરવામાં આવેલા પ્રિ-મોન્સૂન ઈન્સ્પેક્શન દરમિયાન આ ધોવાણ ધ્યાને આવતાં જ સ્થળ પર તાત્કાલિક જરૂરી કાર્યવાહી શરૂ કરવામાં આવી હતી. તંત્ર દ્વારા ત્વરિત પગલાં ભરીને કોંક્રીટની મજબૂત કામગીરી હાથ ધરવામાં આવી હતી અને કોઝવેનું રિપેરિંગ સફળતાપૂર્વક પૂર્ણ કરાયું હતું. આ કામગીરીના પરિણામે કોઝવેની સલામતી અને ટકાવપણામાં નોંધપાત્ર વધારો થયો છે. ઉલ્લેખનીય છે કે, ચોમાસાની ઋતુ દરમિયાન નાગરિકોને અવરજવરમાં કોઈ પણ પ્રકારની મુશ્કેલી ન પડે તે માટે માર્ગ અને મકાન વિભાગ દ્વારા માર્ગોની નિયમિત દેખરેખ અને સમયસર જાળવણીની કામગીરી સતત હાથ ધરવામાં આવી રહી છે.

# કાલાવડના બાળ દર્દીમાં શંકાસ્પદ ચાંદીપુરાના લક્ષણ દેખાતા સારવાર હેઠળ

જામનગર : જામનગર શહેર જિલ્લાના સહિત સમગ્ર હાલાર પંથકમાં ચાંદીપુરાના શંકાસ્પદ કેસો વધી રહ્યા છે. દરમિયાન કાલાવડના એક બાળ દર્દીને શંકાસ્પદ ચાંદીપુરાના દર્દી તરીકે દાખલ કરવામાં આવ્યો છે. આમ અત્યાર સુધીમાં ચાંદીપુરાના કુલ આઠ શંકાસ્પદ દર્દીઓ નોંધાયા છે. જેમાંથી કુલ પાંચના મૃત્યુ થયા છે. જ્યારે હાલ ત્રણ બાળ દર્દીઓ સારવાર હેઠળ છે.

જામનગર જિલ્લાના કાલાવડના બાળકને મંગળવારે ગંભીર બીમારીની હાલતમાં સારવાર માટે જી.જી. હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યો હતો. તેને શંકાસ્પદ ચાંદીપુરાના દર્દી ગણીને જરૂરી નમુના લેવામાં આવ્યા હતા. અને તપાસ માટે લેબોરેટરીમાં મોકલવામાં આવ્યા હતા.જો કે તેનો રિપોર્ટ નેગેટિવ મળ્યો છે.

અત્રે ઉલ્લેખનીય છે કે જામનગરની હોસ્પિટલમાં અત્યાર સુધીમાં કુલ આઠ બાળ દર્દીઓને શંકાસ્પદ ચાંદીપુરાના લક્ષણો જણાતા સારવાર માટે હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યા હતા. તેમાંથી કુલ પાંચના સારવાર દરમિયાન મૃત્યુ થયા છે. જ્યારે હાલની સ્થિતિએ ત્રણ દર્દીઓ સારવાર હેઠળ છે. આમ આજ દિવસ સુધીમાં એકપણ દર્દીનો રિપોર્ટ પોઝિટિવ આવ્યો નથી.

# જામ્યુકોની કચરાની ગાડી રસ્તા પર ઊભી રાખી ડ્રાઈવર ઊંઘી ગયો?





જામનગર : જામનગર શહેરમાં મહાનગરપાલિકાની કચરા સંગ્રહ કરતી ગાડીના ડ્રાઈવરની બેદરકારી સામે આવી હોવાનું ચર્ચાઈ રહ્યું છે. શહેરના ડી.કે.વી. સર્કલ વિસ્તારમાં ડ્રાઈવરે કચરાની ગાડી રસ્તા પર જ ઊભી રાખી દીધી હતી અને ત્યારબાદ તે ઊંઘી ગયો હોવાનું સ્થાનિકોમાં ચર્ચાઈ રહ્યું છે. ડ્રાઈવરે કોઈ પ્રકારનો નશો કર્યો હતો કે કેમ, તે અંગે પણ લોકોમાં સવાલો ઉઠી રહ્યા છે.

સ્થાનિકોના જણાવ્યા મુજબ કચરાની ગાડી આશરે બે કલાક સુધી ત્યાં જ ઊભી રહી હતી. આ દરમિયાન ત્યાંથી પસાર થતા એક વ્યક્તિએ ઘટનાનો ફોટો અને વીડિયો પોતાના મોબાઈલમાં કેદ કરી સોશિયલ મીડિયામાં મૂકતા તે ઝડપથી વાયરલ થયો હતો.


આ ઘટનામાં કોઈ અકસ્માત સર્જાયો નહોતો, પરંતુ જાહેર માર્ગ પર ફરજ દરમિયાન આ પ્રકારની બેદરકારી સામે આવતાં નાગરિકોમાં રોષ જોવા મળી રહ્યો છે. જો ડ્રાઈવર ખરેખર નશાની હાલતમાં હતો તો તેની તબીબી તપાસ કરાવી કાયદેસરની કાર્યવાહી કરવામાં આવે અને જો ફરજમાં બેદરકારી દાખવી હોય તો મહાનગરપાલિકા દ્વારા પણ તેની સામે શિક્ષાત્મક પગલાં લેવામાં આવે તેવી લોકમાંગ ઉઠી રહી છે.

સોશિયલ મીડિયામાં વીડિયો વાયરલ થયા બાદ સમગ્ર ઘટનાની નિષ્પક્ષ તપાસ કરી જવાબદાર સામે યોગ્ય કાર્યવાહી કરવાની માંગ શહેરમાં જોર પકડી રહી છે.

# કોમનવેલ્થ ગેમ્સ ગ્લાસગો-૨૦૨૬માં સફળતા બદલ નીતા અંબાણીએ ટીમ ઈન્ડિયાને બિરદાવી

## કોમનવેલ્થ ગેમ્સનું ૨૦૩૦માં આયોજન કરવા થનગની રહ્યું છે





મુંબઈ : ગ્લાસગો ૨૦૨૬ કોમનવેલ્થ ગેમ્સમાં ભારતે યાદગાર પ્રદર્શન કર્યું, અને ૧૩ ગોલ્ડ સહિત ૩૯ મેડલ જીતીને મેડલ ટેલીમાં ચોથું સ્થાન હાંસલ કર્યું. આ અભિયાન ભારતીય રમતગમત ક્ષેત્ર માટે એક મહત્વપૂર્ણ સીમાચિહ્નરૂપ છે. નીતા અંબાણી ટીમ ઈન્ડિયાને તેના પ્રેરણાદાયી કોમનવેલ્થ ગેમ્સ ગ્લાસગો ૨૦૨૬ અભિયાન બદલ અભિનંદન પાઠવે છે અને સમગ્ર ટુકડીની ઐતિહાસિક સિદ્ધિઓને બિરદાવે છે.

નીતા અંબાણી- " ગ્લાસગો કોમનવેલ્થ ગેમ્સ ૨૦૨૬માં શાનદાર પ્રદર્શન કરવા બદલ ટીમ ઈન્ડિયાને અભિનંદન, જેમાં ખેલાડીઓએ અવિશ્વસનીય ૩૯ મેડલ જીત્યા. દરેક મેડલ પાછળ અસાધારણ સમર્પણ ભાવ, ત્યાગ, બલિદાન અને આપણા રાષ્ટ્રનું ગૌરવ વધારવાની અદમ્ય ભાવનાનું ઝનૂન રહેલું છે.

બોક્સરોએ રેકોર્ડબ્રેક મેડલ જીતીને ઈતિહાસ રચ્યો, જ્યારે આપણી મહિલા ખેલાડીઓએ તેજસ્વી દેખાવ કરીને ભારતના મોટાભાગના ગોલ્ડ મેડલ અંકે કર્યા અને ફરી એકવાર સાબિત કર્યું કે જ્યારે પણ તક મળે છે, ત્યારે તેઓ વિશ્વના સૌથી મોટા મુકામ પર જીત હાંસલ કરી શકે છે. આપણા પેરા-એથ્લીટ્સે તેમનું કોમનવેલ્થ ગેમ્સનું શ્રેષ્ઠ પ્રદર્શન કર્યું, દરેક ભારતીયને તેમની હિંમત, દૃઢનિશ્ચય અને કોઈપણ સ્વપ્નને સાકાર કરવાના અતૂટ વિશ્વાસ થકી તેઓએ પ્રેરણા આપી છે.

નીતા અંબાણીએ કહ્યું કે, મને આનંદ છે કે અમારા રિલાયન્સ ફાઉન્ડેશનના એથ્લીટ્સ-લવલીના બોર્ગોહેન, મુરલી શ્રીશંકર અને તેજસ્વિન શંકરે તેમના નોંધપાત્ર પ્રદર્શન દ્વારા રાષ્ટ્રને ગૌરવ અપાવ્યું. રિલાયન્સ ફાઉન્ડેશનમાં, અમે પાયાના સ્તરથી લઈને વૈશ્વિક સ્તરે રમતગમત પ્રતિભાની માવજત અને કેળવણી કરવામાં માનીએ છીએ, જેથી દરેક ખેલાડી તેમની સંપૂર્ણ ક્ષમતાને બહાર લાવવા માટે સશક્ત બને.

ભારત હવે ઐતિહાસિક શતાબ્દીક કોમનવેલ્થ ગેમ્સનું ૨૦૩૦માં આયોજન કરવા થનગની રહ્યું છે, ત્યારે આ ચેમ્પિયનોએ નવી પેઢીના સપનાંને પ્રજ્જવલિત કર્યા છે. તેમની સિદ્ધિઓ આપણને યાદ અપાવે છે કે ભારતની રમતગમત સફરની આ તો ફક્ત શરૂઆત છે અને આપણું શ્રેષ્ઠ પ્રદર્શન હજી બાકી છે. તેમની આ સફળતા દરેક યુવા ભારતીયને નિર્ભયતાથી સ્વપ્ન જોવા, તેને સાકાર કરવા માટે અથાગ મહેનત કરવા અને ગર્વથી ત્રિરંગો લહેરાવવાની પ્રેરણા આપે તેવી નીતા અંબાણીએ કામના પાઠવી હતી.

# દ્વારકા જિલ્લામાં તા.૧૬ ઓગસ્ટથી તા.૧૫ ઓકટોબર સુધી ડિજિટલ ક્રોપ સર્વે હાથ ધરાશે

દ્વારકા : દ્વારકા જિલ્લામાં તમામ તાલુકામાં એગ્રીસ્ટેક-ડિજિટલ ક્રોપ સર્વે પ્રોજેક્ટ ખરીફ-૨૦૨૬ વિવિધ પાકોનો ડિજિટલ ક્રોપ સર્વે મોબાઈલ એપ્લિકેશન મારફતે સમગ્ર જિલ્લામાં કુલ ૧,૫૭,૪૦૯ સર્વે નંબરોમાં ખેડૂતોએ વાવેતર કરેલ પાકોનો સર્વે કરવા તારીખ ૧૬/૮/૨૦૨૬થી ૧૫/૧૦/૨૦૨૬ સુધી આ પાકોનો સર્વે કરવાનો ચાલુ થનાર છે.

તે માટે જે તે ગામના વ્યક્તિ કે જે મોબાઈલ એપનો જાણકાર હોય અને ફિલ્ડમાં જઈ શકે તેવા વ્યક્તિને દરેક સર્વે નંબરનો સફળ સર્વે કરવા બદલ રૂપિયા ૧૦ મહેનતાણું આપવામાં આવશે. તો એગ્રીસ્ટેક-ડિજિટલ ક્રોપ સર્વેની કામગીરી કરવા માંગતા વ્યક્તિની સર્વેયર તરીકે કામગીરી કરવા જે તે ગામના તલાટી, ગ્રામસેવક, ખેતી મદદનીશ કે તાલુકા પંચાયતમાં વિસ્તરણ અધિકારીનો સંપર્ક કરી નોંધણી કરાવી લેવી. એક ગામદીઠ બે થી ત્રણ સર્વેયરને વહેલા તે પહેલાના ધોરણે મોબાઈલ એપ દ્વારા કામગીરી સોપવામાં આવશે તેમ નાયબ ખેતી નિયામક વિસ્તરણની કચેરી દેવભૂમિ દ્વારકાની યાદીમાં જણાવવામાં આવ્યું છે.

## અવસાન નોંધ

### ધ્રોલના રામજી મંદિરના પૂજારી જશવંતભાઈ ટીલાવતનું નિધન



ધ્રોલ : ધ્રોલ મોરબીનાકા બહાર આવેલ પ્રાચીન રામજી મંદિરના વર્ષોથી સેવા આપતા પૂજારી જશવંતભાઈ કેશવદાસ ટીલાવત (ઉ.વ.૭૧)નું તા. ૪ ઓગસ્ટે નિધન થતાં ધ્રોલ પંથકમાં શોકની લાગણી ફેલાઈ છે. સદગતનું બેસણું તા. ૭ ઓગસ્ટ, શુક્રવારે સાંજે ૪થી ૬ વાગ્યે બ્રહ્મનાથ મહાદેવની જગ્યા, ધ્રોલ ખાતે રાખેલ છે

## કલમ ૩૭૦ નાબૂદ થયાને ૭ વર્ષ

# જમ્મુ - કાશ્મીર અને લદ્દાખમાં વિકાસનો નવા યુગની શરૂઆત : પીએમ નરેન્દ્ર મોદી

### છેલ્લા સાત વર્ષોમાં જમ્મુ અને કાશ્મીરે આતંકવાદથી શાંતિ, અલગતાવાદથી એકતા અને અસ્થિરતાથી વિકાસની ઐતિહાસિક સફર શરૂઆત કરી છે






નવીદિલ્હી,
૫ ઓગસ્ટ, જમ્મુ અને કાશ્મીરમાંથી કલમ ૩૭૦ અને ૩૫(એ) નાબૂદ થયાને સાત વર્ષ પૂર્ણ થાય છે. આ પ્રસંગે, વડા પ્રધાન નરેન્દ્ર મોદીએ કહ્યું કે ૫ ઓગસ્ટ, ૨૦૧૯ એ જમ્મુ અને કાશ્મીર અને લદ્દાખના ઈતિહાસમાં એક નવા અધ્યાયની શરૂઆત કરી. તેમણે કહ્યું કે ત્યારથી, બંને પ્રદેશોના લોકોના જીવનમાં ભારે પરિવર્તન આવ્યું છે.

વડા પ્રધાને સોશિયલ મીડિયા પ્લેટફોર્મ ઠ પર લખ્યું, "આ દિવસે, સાત વર્ષ પહેલાં, કલમ ૩૭૦ અને ૩૫(એ) ઈતિહાસ બની ગયા. આનાથી જમ્મુ અને કાશ્મીર અને લદ્દાખની વિકાસ યાત્રામાં એક નિર્ણાયક નવા અધ્યાયની શરૂઆત થઈ." તેમણે કહ્યું કે છેલ્લા સાત વર્ષોમાં, બંને પ્રદેશોમાં માળખાગત સુવિધાઓનો વિકાસ થયો છે, અને શિક્ષણ, આરોગ્ય, ઉદ્યોગસાહસિકતા અને રમતગમત જેવા ક્ષેત્રોમાં નવી તકો ઉભરી આવી છે.

પીએમ મોદીએ કહ્યું, "મહિલાઓ હોય કે હાંસિયામાં ધકેલાઈ ગયેલા સમુદાયો, જે લોકો દાયકાઓથી તેમના મૂળભૂત બંધારણીય અધિકારોથી વંચિત હતા તેઓ ભારતીય બંધારણના સંપૂર્ણ અમલીકરણથી સશક્ત બન્યા છે." તેમણે કહ્યું કે ૫ ઓગસ્ટ આ વર્ષે વધુ મહત્વપૂર્ણ છે, કારણ કે દેશ ડૉ. શ્યામા પ્રસાદ મુખર્જીની ૧૨૫મી જન્મજયંતિ ઉજવી રહ્યો છે.

વડાપ્રધાનએ કહ્યું, "રાષ્ટ્રીય એકતા પ્રત્યે તેમનું આજીવન સમર્પણ પેઢીઓને પ્રેરણા આપે છે. દાયકાઓ પહેલા તેમણે જે સ્વપ્ન જોયું હતું તે ઐતિહાસિક રીતે ૫ ઓગસ્ટ, ૨૦૧૯ ના રોજ સાકાર થયું." પીએમ મોદીએ કહ્યું કે સરકાર જમ્મુ અને કાશ્મીર અને લદ્દાખની પ્રગતિ પ્રત્યેની તેની પ્રતિબદ્ધતાનો પુનરાવર્તિત કરે છે અને દરેક નાગરિક મોટા સપના જોઈ શકે, તેને પૂરા કરી શકે અને વિકસિત ભારતનું નિર્માણ કરવામાં યોગદાન આપી શકે તે સુનિશ્ચિત કરવા માટે કટિબદ્ધ છે.

# યુવાનોને શાંત કરવાની જરૂર, એજન્સીઓએ પણ સંયમ રાખવો જોઈએ: સુપ્રીમ કોર્ટ

### યુવાનો સાથે કઠોર વર્તન કરવાને બદલે તેમની સાથે વાતચીત કરવી મહત્વપૂર્ણ

નવીદિલ્હી,
સુપ્રીમ કોર્ટે આજે વિદ્યાર્થી વિરોધ પ્રદર્શનની આડમાં અપશબ્દોનો ઉપયોગ કરનારા યુવાનોને શિક્ષિત કરવા માટે સાત દિવસની સમુદાય સેવાની માંગ કરતી અરજી પર સુનાવણી કરી. વિરોધ પ્રદર્શનના આયોજકો સામે પણ કાર્યવાહી થવી જોઈએ. સુનાવણી દરમિયાન, મુખ્ય ન્યાયાધીશ સૂર્યકાન્તે જણાવ્યું હતું કે યુવાનો સાથે કઠોર વર્તન કરવાને બદલે, તેમને સમજવું અને તેમની સાથે વાતચીત કરવી મહત્વપૂર્ણ છે. ઝત્તૈં એ જણાવ્યું હતું કે જો કેટલાક ગેરમાર્ગે દોરાયેલા વ્યક્તિઓ પથ્થરમારો કરે છે, તો પણ તેમની સાથે વાતચીત કરવી અને તેમની સાથે વાતચીત કરવી મહત્વપૂર્ણ છે. તેમને સલાહ અને પરામર્શની જરૂર છે.

સુપ્રીમ કોર્ટે કહ્યું કે જો સરકાર વધુ પડતી કડક અથવા આક્રમક અભિગમ અપનાવે છે, તો તે સમાજમાં તણાવને વધુ વધારી શકે છે, અને તેથી આવી પરિસ્થિતિઓ ટાળવી જોઈએ. ઝત્તૈં એ કહ્યું કે યુવાનોને સાંભળવાની અને તેઓ ગુસ્સે કેમ છે અને સૂત્રોચ્ચાર કેમ કરી રહ્યા છે તે સમજવાની જરૂર છે. જોકે,સીજેઆઈએ એમ પણ કહ્યું કે આખરે આ નિર્ણય કાયદો અને વ્યવસ્થા એજન્સીઓ પર છોડી દેવો જોઈએ. આવી પરિસ્થિતિઓને કેવી રીતે હેન્ડલ કરવી તે તેઓ તમારા કે મારા કરતાં વધુ સારી રીતે જાણે છે, પરંતુ તેમણે સંયમ રાખવો જોઈએ.

અરજદાર મનીષ કુમાર સોલંકીનું પ્રતિનિધિત્વ કરતા વકીલ રિઝવાન અહેમદે કહ્યું, "પંદર દિવસ વીતી ગયા છે... આયોજકોની જવાબદારીનું શું? તેઓ ચેનલથી ચેનલ સુધી ભડકાઉ નિવેદનો આપી રહ્યા છે અને આગ બુઝાવવાનો ઈનકાર કરી રહ્યા છે."

વકીલે દલીલ કરી હતી કે સરકારોએ પ્રદર્શનકારીઓ સામે "વધુ ન ઝૂકવું" જોઈએ નહીં. એક યુવાનનું મૃત્યુ થયું છે.

# હમાસ તેના શસ્ત્રો સંપૂર્ણપણે સોંપી ન દે ત્યાં સુધી નેતન્યાહૂ સૈનિકો પાછા ખેંચશે નહીં

તહેરાન,
ગાઝામાં યુએસ પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પના ચાલી રહેલા પ્રયાસોને ફટકો પડ્યો છે. ઈઝરાયલી વડા પ્રધાન બેન્જામિન નેતન્યાહૂએ કહ્યું છે કે જ્યાં સુધી હમાસ તેના શસ્ત્રો સંપૂર્ણપણે સોંપી ન દે ત્યાં સુધી ઈઝરાયલ ગાઝામાં પોતાની વર્તમાન સ્થિતિથી પીછેહઠ કરશે નહીં. ત્યારબાદ, નેતન્યાહૂએ ડોનાલ્ડ ટ્રમ્પની તાજેતરની જાહેરાત સાથે પણ પોતાનો અસંમતિ વ્યક્ત કરી હતી. નેતન્યાહૂના તાજેતરના નિવેદનોએ હમાસના શસ્ત્ર સમર્પણ કરાર પર વધુ શંકા ઉભી કરી છે, જેને યુદ્ધના અંત તરફ એક મોટી સફળતા માનવામાં આવી હતી. તે નેતન્યાહૂના યુએસ વહીવટીતંત્ર સાથેના મતભેદોને પણ પ્રકાશિત કરે છે.

આ સોદો હમાસ દ્વારા તેના શસ્ત્ર સમર્પણ કરવાની પ્રક્રિયા શરૂ કરવાનો હતો, અને ઈઝરાયલ હુમલાઓ બંધ કરીને ગાઝાના ૬૦% ભાગમાંથી પાછા ખેંચવાનું શરૂ કરવાનો હતો જે હાલમાં તે કબજે કરે છે. આ સોદો ઓક્ટોબરમાં થયેલા યુદ્ધવિરામ કરાર પર આધારિત હતો, જેણે મોટા લશ્કરી કાર્યવાહીનો અંત લાવ્યો અને ગાઝામાં બાકીના અપહરણ કરાયેલા વ્યક્તિઓની મુક્તિ સુનિશ્ચિત કરી, પરંતુ સોદો અન્ય મોરચે આગળ વધવામાં નિષ્ફળ ગયો.

બેન્જામિન નેતન્યાહૂએ તેમની સ્થિતિનો પુનરોચ્ચાર કર્યો કે હમાસે પહેલા તેના શસ્ત્રો સમર્પણ કરવા જોઈએ. ઈઝરાયલી સેના તેના પ્રદેશ અને તેના નાગરિકોના રક્ષણ માટે જે પણ જરૂરી હશે તે કરવાનું ચાલુ રાખશે.

# રાહત અને પુનર્વસન પ્રયાસોમાં કોઈ કમી રહેશે નહીં, જેપી નડ્ડાએ આસામમાં પૂરગ્રસ્ત વિસ્તારોની મુલાકાત લીધી

### નડ્ડાએ બિહુબોર નેપાળી ખુટી વિસ્તારની મુલાકાત લીધી, અસરગ્રસ્ત પરિવારો સાથે વાતચીત કરી અને તાજેતરના પૂરથી થયેલા નુકસાનનું મૂલ્યાંકન કર્યું

ગોવાહાટી,
કેન્દ્રીય આરોગ્ય અને પરિવાર કલ્યાણ પ્રધાન જેપી નડ્ડાએ બુધવારે આસામના શિવસાગર જિલ્લામાં પૂરગ્રસ્ત વિસ્તારોની મુલાકાત લીધી. તેમની સાથે મુખ્યમંત્રી હિમંત બિસ્વા શર્મા પણ હતા. તેમણે લોકોને ખાતરી આપી હતી કે કેન્દ્ર સરકાર રાહત, પુનર્વસન અને પુનર્નિર્માણ માટે તમામ શક્ય સહાય પૂરી પાડશે.

નડ્ડાએ પૂરગ્રસ્ત બિહુબોર નેપાળી ખુટી વિસ્તારની મુલાકાત લીધી, અસરગ્રસ્ત પરિવારો સાથે વાતચીત કરી અને તાજેતરના પૂરથી થયેલા નુકસાનનું મૂલ્યાંકન કર્યું. કેન્દ્રીય મંત્રીએ રાજ્ય વહીવટીતંત્ર દ્વારા હાથ ધરવામાં આવેલા રાહત કાર્ય અને પુનર્વસન પગલાંની પણ સમીક્ષા કરી.

પૂરગ્રસ્ત લોકોને સંબોધતા તેમણે કહ્યું, "ભારત સરકાર અને વડા પ્રધાન નરેન્દ્ર મોદી વતી, હું હિમંત બિસ્વા શર્મા અને તમને બધાને ખાતરી આપું છું કે રાહત કાર્યમાં કોઈ કમી રહેવા દેવામાં આવશે નહીં. રાજ્યને સંપૂર્ણ નાણાકીય સહાય મળી રહી છે. કેન્દ્રીય ટીમો અહીં નુકસાનનું મૂલ્યાંકન કરી રહી છે. અમે પુનર્વસન કાર્યમાં સંપૂર્ણપણે રોકાયેલા છીએ."

તેમણે વધુમાં કહ્યું, "મને મુખ્યમંત્રી સાથે શિવસાગરની મુલાકાત લેવાની તક મળી. મેં નુકસાનની હદ જોઈ. આખા ગામડાઓ પ્રભાવિત થયા છે. લોકોના ઘરો નાશ પામ્યા છે." પાક અને મિલકતને પણ ભારે નુકસાન થયું છે. અમે લોકોને પડી રહેલી મુશ્કેલીઓની ચર્ચા કરી. રાહત કાર્ય ચાલુ છે અને અસરગ્રસ્ત વિસ્તારોમાં પહોંચી ગયું છે. ભારત સરકાર તરફથી સહાયની કોઈ કમી રહેશે નહીં. ભલે તે નાણાકીય સહાય હોય, નુકસાનનું વળતર હોય કે પુનર્વસન, કેન્દ્ર સરકાર આસામની સાથે ઉભી રહેશે. હિમંતા બિસ્વા શર્મા તેમના શ્રેષ્ઠ પ્રયાસો કરી રહ્યા છે, અને હું તમને ખાતરી આપું છું કે કેન્દ્ર સરકાર તમામ શક્ય સહાય પૂરી પાડશે.

# પીએમ મોદીનો વીડિયો દૂર કર્યા બાદ માર્ક ઝુકરબર્ગે ડીપફેક સામગ્રી માટે માફી માંગી



નવીદિલ્હી,
મેટાના સીઈઓ માર્ક ઝુકરબર્ગે સીએસએએમ સામગ્રી, ડીપફેક સામગ્રી અને પ્લેટફોર્મના સંચાલનમાં ભૂલો માટે માફી માંગી છે. તેમને સ્પષ્ટપણે જાણ કરવામાં આવી છે કે તેઓ 'મધ્યસ્થી' ની વ્યાખ્યામાં આવતા નથી. તેઓ પોતે નક્કી કરે છે કે સામગ્રી કોણ મેળવે છે. તેથી,આઈટી કાયદા હેઠળ "સેફ હાર્બર" જોગવાઈ તેમના પર લાગુ પડતી નથી. તેમણે સ્વીકાર્યું કે ચોક્કસ પ્રકારની સામગ્રીને પ્રોત્સાહન આપવા માટે નોંધપાત્ર રકમ ચૂકવવામાં આવી હતી. માર્ક ઝુકરબર્ગે માફી માંગી છે અને આ ભૂલ બદલ દિલગીરી વ્યક્ત કરી છે.

પીએમ મોદીનો વીડિયો દૂર કરવામાં આવ્યા બાદ હોબાળો મચી ગયો હતો. નોંધનીય છે કે મેટાની ગ્લોબલ ટીમે બુધવારે આઈટી મંત્રાલયના વરિષ્ઠ અધિકારીઓ સાથે મુલાકાત કરી હતી. તાજેતરમાં, નીટ પરીક્ષામાં અનિયમિતતાઓને લઈને વિદ્યાર્થીઓના વિરોધ પ્રદર્શન દરમિયાન પીએમ મોદીએ એક વીડિયો સંદેશ પોસ્ટ કર્યો હતો.

# મુંબઈના સિદ્ધિવિનાયક મંદિરને આપવામાં આવેલા દાનની ખાસ તપાસ કરવામાં આવશે: એકનાથ શિંદે

### છેલ્લા પાંચ વર્ષમાં મંદિરમાં મળેલા રોકડ દાન, ઘરેણાં અને અન્ય કિંમતી વસ્તુઓનું ખાસ ઓડિટ કરવાનો આદેશ



મુંબઈ,
મુંબઈના પ્રખ્યાત શ્રી સિદ્ધિવિનાયક ગણપતિ મંદિરમાં કથિત દાનમાં ગેરરીતિઓના કેસમાં એક મોટો વિકાસ સામે આવ્યો છે. મહારાષ્ટ્રના નાયબ મુખ્યમંત્રી એકનાથ શિંદેએ છેલ્લા પાંચ વર્ષમાં મંદિરમાં મળેલા રોકડ દાન, ઘરેણાં અને અન્ય કિંમતી વસ્તુઓનું ખાસ ઓડિટ કરવાનો આદેશ આપ્યો છે.

સૂત્રોના જણાવ્યા અનુસાર, ખાસ ઓડિટ દરમિયાન, મંદિર પ્રાપ્ત થયેલા રોકડ દાન, સોના અને ચાંદીના દાગીના અને અન્ય કિંમતી વસ્તુઓ, નાણાકીય વ્યવહારો અને તેમની જાળવણી અને વ્યવસ્થાપનની વિગતવાર તપાસ કરશે. ઓડિટનો હેતુ દાન સંબંધિત રેકોર્ડ અને વ્યવસ્થાપન પ્રણાલીમાં પારદર્શિતા સુનિશ્ચિત કરવાનો છે.

અહેવાલો અનુસાર, ઓડિટ રિપોર્ટ મળ્યા પછી સરકાર આગળની કાર્યવાહીનો નિર્ણય લેશે. જો તપાસમાં કોઈ નાણાકીય અનિયમિતતા અથવા ઉલ્લંઘન બહાર આવશે, તો નિયમો અનુસાર સંબંધિત અધિકારીઓ અથવા જવાબદાર વ્યક્તિઓ સામે કાર્યવાહી કરવામાં આવશે.

એવું જાણીતું છે કે આ નિર્ણયના એક દિવસ પહેલા, સિદ્ધિવિનાયક મંદિર ટ્રસ્ટના અધ્યક્ષ સદા સર્વાંકરે નાયબ મુખ્યમંત્રી એકનાથ શિંદે સાથે મુલાકાત કરી હતી. ત્યારબાદ, મંદિરના દાન અને નાણાકીય રેકોર્ડનું ખાસ ઓડિટ કરવાનો નિર્ણય લેવામાં આવ્યો હતો. સિદ્ધિવિનાયક મંદિર દેશના સૌથી પ્રતિષ્ઠિત અને સૌથી મોટા દાન પ્રાપ્ત કરનારા મંદિરોમાંનું એક છે. આવી સ્થિતિમાં, ખાસ ઓડિટ માટેના આ નિર્ણયને મંદિર વહીવટમાં પારદર્શિતા અને જવાબદારી સુનિશ્ચિત કરવા તરફ એક મહત્વપૂર્ણ પગલું માનવામાં આવી રહ્યું છે.

# પંજાબમાં બે આઈએસઆઈ સમર્થિત ક્રોસ બોર્ડર આતંકવાદી મોડ્યુલનો પર્દાફાશ

### પંજાબ પોલીસે ૪ સગીરો સહિત ૯ લોકોની ધરપકડ કરી

અમૃતસર,
પોલીસ કમિશનર ગુરપ્રીત સિંહ ભુલ્લરે જણાવ્યું હતું કે પંજાબ પોલીસે બે આઈએસઆઈ સમર્થિત ક્રોસ બોર્ડર આતંકવાદી મોડ્યુલનો પર્દાફાશ કર્યો છે અને ચાર સગીરો સહિત નવ લોકોની અટકાયત કરી છે. તરનતારનના પટ્ટીના રહેવાસી વંશ કુમાર (૧૯) અને અનમોલ સિંહ (૨૦) અને અમૃતસરના રહેવાસી હરમન સિંહ (૨૪), સુખદેવ સિંહ (૩૦) અને સુખમન સિંહ (૧૯) પાસેથી ત્રણ ગેરકાયદેસર પિસ્તોલ, નવ જીવતા કારતૂસ, ચાર પેટ્રોલ બોમ્બ અને એક ચોરાયેલી મોટરસાયકલ મળી આવી છે. ભુલ્લરે જણાવ્યું હતું કે આરોપીઓ આઈએસઆઈ હેન્ડલર્સ દ્વારા આતંકવાદી પ્રવૃત્તિઓ માટે સ્થાનિક યુવાનોની ભરતી કરવાનો અને સુરક્ષા સ્થાપનો પર નજર રાખવાનો પ્રયાસ કરી રહ્યા હતા. એક અલગ કાર્યવાહીમાં, પોલીસે બે સગીરોની ધરપકડ કરી હતી અને તેમની પાસેથી .૩૨ બોરની દેશી બનાવટની પિસ્તોલ, બે પેટ્રોલ બોમ્બ અને એક લાઈટર જપ્ત કરવામાં આવ્યું હતું. પ્રારંભિક તપાસમાં જાણવા મળ્યું છે કે આરોપીઓ વિદેશમાં સ્થિત આઈએસઆઈ હેન્ડલર્સ તરફથી મળેલી સૂચનાઓ પર કામ કરી રહ્યા હતા. તેઓ સ્થાનિક યુવાનોને અસામાજિક પ્રવૃત્તિઓમાં સામેલ કરવાનો, સુરક્ષા એજન્સીઓની પ્રવૃત્તિઓ પર નજર રાખવાનો, ગેરકાયદેસર શસ્ત્રો મેળવવાનો અને જાહેર શાંતિ અને કાયદો અને વ્યવસ્થાને ખલેલ પહોંચાડવાનો પ્રયાસ કરી રહ્યા હતા.

# વીએચપી ભારતભરમાં ૩.૫ લાખ સંતો મોકલશે, પપ્પુ યાદવ અને વિપક્ષ વિરુદ્ધ ઝુંબેશની તૈયારી

### સંતો અને ઋષિઓ વિદર્ભના લગભગ ૩૫૦૦ ગામડાઓમાં પહોંચશે

નવીદિલ્હી,
વિશ્વ હિન્દુ પરિષદએ ભારતભરના આશરે ૩૫૦,૦૦૦ ગામોમાં સંતો મોકલવાનો નિર્ણય લીધો છે. આ પગલાનો હેતુ એ છે કે જે રીતે સાંસદ પપ્પુ યાદવ લોકસભા પરિસરમાં નકલી સંત તરીકે દેખાવ કરીને વિરોધ કરી રહ્યા છે અને જે રીતે સમાજવાદી પાર્ટીના નેતાઓ સંસદ પરિસરમાં વિરોધ કરી રહ્યા છે, તેના વિરુદ્ધ સંતો અને ઋષિઓ દરેક ગામમાં જશે અને લોકોને આ નેતાઓ વિશે સત્ય જણાવશે. વિહિપના સંતો અને ઋષિઓ લોકોને જણાવશે કે આ નેતાઓ કેવી રીતે સંતો અને ઋષિઓને બદનામ કરી રહ્યા છે અને ભગવો બનાવી રહ્યા છે. વિશ્વ હિન્દુ પરિષદના વરિષ્ઠ અધિકારી અને વિદર્ભના મહાસચિવ હેમંત જાંબેકરે માહિતી આપી છે કે સંતો અને ઋષિઓ વિદર્ભના લગભગ ૩૫૦૦ ગામડાઓમાં પહોંચશે.

વિશ્વ હિન્દુ પરિષદના વરિષ્ઠ અધિકારી અને વિદર્ભ મહાસચિવ હેમંત જાંબેકરે કહ્યું, "જે રીતે આ વિરોધ પ્રદર્શન કરવામાં આવી રહ્યું છે તે નિંદનીય છે. જે લોકો મંદિર બનાવવા માંગતા ન હતા તેઓ સંતોના વેશમાં આવી રીતે વર્તન કરી રહ્યા છે. તેઓ સંતોનો વેશ ધારણ કરીને હિન્દુ સમાજને ગેરમાર્ગે દોરી રહ્યા છે, અને વિશ્વ હિન્દુ પરિષદ આની નિંદા કરે છે. વિશ્વ હિન્દુ પરિષદની સ્થાપના જન્માષ્ટમી પર થઈ હતી. આ પખવાડિયામાં, આ નેતાઓએ વિશ્વ હિન્દુ પરિષદને કાર્ય સોંપ્યું છે. હવે, અમે દરેક ગામમાં જઈને તેમના દુષ્કૃત્યોનો પર્દાફાશ કરીશું અને તેઓ ભગવા અને સંતોની બદનામી કેવી રીતે કરી રહ્યા છે તેનો પર્દાફાશ કરીશું." નોંધનીય છે કે સાંસદ પપ્પુ યાદવે સંસદ પરિસરમાં સંતના વેશમાં વિરોધ પ્રદર્શન કર્યું હતું, જેના કારણે ઘણો વિવાદ થયો હતો.

સાધુઓ અને સંતો ભારતભરમાં સેવા વસાહતોની મુલાકાત લેશે. વિશ્વ હિન્દુ પરિષદના વરિષ્ઠ અધિકારી અને વિદર્ભ મહાસચિવ હેમંત જાંબેકરે જણાવ્યું હતું કે, "અમે બધા સાધુઓ અને સંતો સાથે વાત કરી છે, અને તેઓ બધા જાહેર કરશે કે ભગવા વસ્ત્રો પહેરેલા આ નકલી સાધુઓ હિન્દુ સમાજને કેવી રીતે બદનામ કરી રહ્યા છે.

# બૌદ્ધ પ્રથાઓ પર પ્રતિબંધોનો વિરોધ કરવા બદલ ચીને તિબેટી અધિકારીને કડક સજા કરી

### ચીને તિબેટી અધિકારીને તેમના પદ પરથી હટાવી દીધા હોવાનો અહેવાલ

બીજીંગ,
ચીને પૂર્વી તિબેટમાં એક વરિષ્ઠ તિબેટી અધિકારીને તેમના પદ પરથી હટાવી દીધા હોવાના અહેવાલ છે, અને તેમને કથિત રીતે સખત સજા આપી છે. અધિકારી, ડૂક બમ ગ્યાલે, તિબેટીયન બૌદ્ધ ધાર્મિક પ્રથાઓ પર ચીન દ્વારા લાદવામાં આવેલા નવા પ્રતિબંધોને તાત્કાલિક લાગુ કરવાનો ઈનકાર કર્યો હોવાના અહેવાલ છે. તિબેટીયન ન્યૂઝ પોર્ટલ ફાયુલે, તિબેટ ટાઈમ્સના અહેવાલને ટાંકીને અહેવાલ આપ્યો છે કે તેઓ દ્રાક્કર કાઉન્ટીમાં કમ્યુનિસ્ટ પાર્ટીના સેક્રેટરી અને કાઉન્ટી ચીફ તરીકે સેવા આપી રહ્યા છે. ચીને સેર્ચેન, ત્રિકા, દ્રાક્કર, માંગરા અને બા સહિત પાંચ કાઉન્ટીઓના અધિકારીઓને તિબેટીયન ધાર્મિક પ્રથાઓ પર અનેક નવા નિર્દેશો લાગુ કરવાનો આદેશ આપ્યો હતો.

અહેવાલો અનુસાર, ચીની સરકાર દ્વારા જારી કરાયેલા આ નિર્દેશોમાં પરંપરાગત બૌદ્ધ ઉપવાસ અને ધ્યાન કાર્યક્રમની જાહેર ઉજવણી પર પ્રતિબંધનો સમાવેશ થાય છે જેને ન્યુંગને તરીકે ઓળખવામાં આવે છે. આમાં ધાર્મિક પ્રવૃત્તિઓ પર કડક નિયંત્રણો, પ્રાર્થના ધ્વજ અને પ્રાર્થના બેનરો દૂર કરવા અને દરેક ઘરની બહાર ચીની રાષ્ટ્રીય ધ્વજનું ફરજિયાત પ્રદર્શન શામેલ છે. અહેવાલ મુજબ, ડૂક બમ ગ્યાલ માનતા હતા કે આ નિયમોના અચાનક અમલીકરણથી જાહેર અસંતોષ થઈ શકે છે. તેથી, તેમણે આ પગલાં ધીમે ધીમે લાગુ કરવાનું સૂચન કર્યું.

એવું નોંધાયું છે કે વરિષ્ઠ અધિકારીઓએ તેમને આ માટે સખત સજા કરી, તેમને તેમના નેતૃત્વ પદ પરથી દૂર કર્યા અને ઓછા મહત્વપૂર્ણ પદ પર સ્થાનાંતરિત કર્યા. જો કે, અહેવાલમાં દાવો કરવામાં આવ્યો છે કે સ્થાનિક તિબેટીઓએ તેમના વલણની પ્રશંસા કરી. તેઓ માને છે કે તેમણે તાત્કાલિક સરકારી દખલથી તિબેટી ધાર્મિક પરંપરાઓનું રક્ષણ કરવાનો પ્રયાસ કર્યો. અહેવાલમાં એમ પણ કહેવામાં આવ્યું છે કે હાન ચીની અધિકારી ઝિઓંગ યુઆનલાઈ એપ્રિલમાં ત્સોલ્હો પ્રીફેક્ચરના કમ્યુનિસ્ટ પાર્ટી સેક્રેટરી બન્યા પછી આ ઝુંબેશ વધુ તીવ્ર બની.

અહેવાલમાં જણાવાયું છે કે આમાં બૌદ્ધ મંત્રોથી લખેલા માની પથ્થરોનો નાશ કરવો, પ્રાર્થના ધ્વજ અને બેનરો સળગાવવા, દરેક ઘર પર ચીની રાષ્ટ્રીય ધ્વજ ફરકાવવા અને સરકારી હોદ્દાઓ પર તિબેટીઓના વધુ પડતા પ્રતિનિધિત્વને ટાંકીને ઘણા તિબેટીયન સરકારી કર્મચારીઓને દૂર કરવા જેવા પગલાંનો સમાવેશ થાય છે.

# આતંકવાદીઓ અમરનાથ યાત્રા અને ૧૫ ઓગસ્ટ દરમિયાન ટાર્ગેટ કિલિંગની યોજના બનાવી રહ્યા છે

### છેલ્લા ૧૦ દિવસમાં, એક પોલીસ કર્મચારી અને બે સ્થળાંતર કામદારો માર્યા ગયા

શ્રીનગર,
જમ્મુ અને કાશ્મીરમાં ટાર્ગેટ કિલિંગની તાજેતરની ઘટનાઓએ વહીવટીતંત્રમાં ચિંતા વધારી દીધી છે. થોડા દિવસો પહેલા જ કુલગામમાં બે સ્થળાંતર કામદારોની ગોળી મારીને હત્યા કરવામાં આવી હતી. છેલ્લા ૧૦ દિવસમાં, લક્ષ્યાંકિત હત્યાઓમાં એક પોલીસ કર્મચારી અને બે સ્થળાંતર કામદારો માર્યા ગયા છે. અહેવાલો અનુસાર, આ હુમલા પાછળ લશ્કર-એ-તૈયબાનો હાથ હોવાની શંકા છે. આ ઘટનાઓમાં સંડોવાયેલા આતંકવાદીઓને શોધવા માટે એક વિશાળ સર્ચ ઓપરેશન ચાલી રહ્યું છે. દરમિયાન, અમરનાથ યાત્રા અને ૧૫ ઓગસ્ટની આસપાસ લક્ષિત હત્યાઓની યોજના અંગે માહિતી બહાર આવી છે.



શ્રીનગરના લાલ ચોકમાં સુરક્ષાને હાઈ એલર્ટ પર રાખવામાં આવી છે. કાશ્મીરમાં લક્ષિત હત્યાઓની શ્રેણી બાદ આ ચેતવણી જારી કરવામાં આવી છે. ગુપ્તચર એજન્સીઓને માહિતી મળી છે કે આતંકવાદીઓ ફરી એકવાર કાશ્મીરમાં, ખાસ કરીને અમરનાથ યાત્રા અને ૧૫ ઓગસ્ટ દરમિયાન, લક્ષિત હત્યાઓની યોજના બનાવી રહ્યા છે. આ ઈનપુટ બાદ, સમગ્ર કાશ્મીરમાં, ખાસ કરીને દક્ષિણ કાશ્મીર અને શ્રીનગરના ઐતિહાસિક લાલ ચોકમાં સુરક્ષાને હાઈ એલર્ટ પર રાખવામાં આવી છે.

સ્નિફર ડોગ્સની મદદથી સમગ્ર વિસ્તારમાં શોધ અને શોધખોળ તીવ્ર બનાવવામાં આવી છે. પ્રવેશતા અને જતા દરેક વ્યક્તિની તપાસ કરવામાં આવી રહી છે, અને તેમના ઓળખ કાર્ડની ખાસ તપાસ કરવામાં આવી રહી છે. મોટરસાયકલ અને વાહનોની તપાસ કરવામાં આવી રહી છે. આનો ઉદ્દેશ્ય કાશ્મીરમાં ચાલી રહેલી અમરનાથ યાત્રાના સફળ સંચાલનને સુનિશ્ચિત કરવાનો અને લક્ષિત હત્યાના આરોપી આતંકવાદીઓને શોધવાનો છે જેથી અમરનાથ યાત્રા અને ૧૫ ઓગસ્ટની ઉજવણી શાંતિપૂર્ણ રીતે થઈ શકે.

# સનાતન ધર્મના અપમાન સામે જામનગરના સંતો-મહંતોમાં ભભૂક્યો રોષ

## સાંસદ પપ્પુ યાદવ, કોંગ્રેસ અધ્યક્ષ મલ્લિકાર્જુન ખડગે, રાહુલ ગાંધી, અવધેશ પ્રસાદ અને સમાજવાદી પાર્ટી અધ્યક્ષ અખિલેશ યાદવ વિરુદ્ધ કાનૂની કાર્યવાહી કરવા પાઠવ્યું કલેકટરને આવેદન : મોટી સંખ્યામાં સનાતનીઓ રહ્યાં ઉપસ્થિત






તસવીરઃ સુનિલ ચુડાસમા

જામનગર : સનાતન સંસ્કૃતિ અને સાધુ-સંતોના અપમાન સામે દેશવ્યાપી વિરોધ પ્રદર્શન અંતર્ગત સાંસદ પપ્પુ યાદવ, કોંગ્રેસ અધ્યક્ષ મલ્લિકાર્જુન ખડગે, સાંસદ રાહુલ ગાંધી, સાંસદ અવધેશ પ્રસાદ અને સમાજવાદી પાર્ટી અધ્યક્ષ અખિલેશ યાદવ વિરુદ્ધ સખત કાનૂની કાર્યવાહી કરવાની માંગ સાથે ગઈકાલે જામનગરમાં સનાતન સંત સમાજ દ્વારા જીલ્લા કલેક્ટરને આવેદન પત્ર પાઠવાયું હતું.

જામનગરમાં સનાતન સંત સમાજ દ્વારા દેશના રાષ્ટ્રપતિ અને સરકારને ઉદ્દેશીને લખવામાં આવેલ આવેદનમાં જણાવાયું છે કે સંસદ પ્રરિસરમાં તાજેતરમાં ઘટેલી અત્યંત નિંદનીય અને સનાતન ધર્મનું અપમાન કરતી કાવતરાખોર ઘટના છે.

ગત તારીખ ૩૧ જુલાઈના રોજ સંસદ પરિસરમાં સાંસદ પપ્પુ યાદવ, કોંગ્રેસ અધ્યક્ષ મલ્લિકાર્જુન ખડગે, સાંસદ રાહુલ ગાંધી, અયોધ્યાના સાંસદ અવધેશ પ્રસાદ અને સમાજવાદી પાર્ટીના અધ્યક્ષ અખિલેશ યાદવ તથા તેમના સમર્થકો દ્વારા એક આયોજિત ષડયંત્રના ભાગરૂપે જે કૃત્ય કરવામાં આવ્યું છે, તેનાથી સમગ્ર દેશના સનાતન સંત સમાજમાં અને શ્રદ્ધાળુઓમાં ભારે આક્રોશ વ્યાપ્યો છે. જે આક્રોશના ભાગરૂપે ગઈકાલે સમગ્ર દેશના તમામ શહેરોની સાથે જામનગરમાં પણ સંત સમાજ દ્વારા વિશાળ વિરોધ પ્રદર્શન યોજીને આ આવેદન પત્ર સુપ્રત કરવામાં આવી રહ્યું છે.

ભગવા વેશ અને સંસ્કૃતિનું અપમાન કરવામાં આવ્યું છે. રાજકીય રોટલા શેકવા માટે સંતોનો વેશ ધારણ કરી, ભગવા વસ્ત્રો અને પવિત્ર સાધુ-સંત સમાજની છબીને ધૂળધાણી કરવાનો હીન પ્રયાસ કરવામાં આવ્યો છે. પ્રદર્શન દરમિયાન હાથમાં લીધેલા પૂજનીય ભગવાનના ચિત્ર/તસવીરોને પોતાના પગ પાસે રાખીને ઈશ્વરનું ઘોર અપમાન કરવામાં આવ્યું છે, જે દ્રશ્યો પ્રસારિત થતાં કરોડો સનાતનીઓની ધાર્મિક ભાવનાઓ દુભાઈ છે. આથી કડક પગલાં લેવામાં આવે તે જરૂરી છે.

આ આવેદન સમયે જામનગરના ખીજડા મંદિરના મહંત શ્રી કૃષ્ણમણીજી મહારાજ, સ્વામિનારાયણ સંપ્રદાયના મહંત ચતુર્ભુજદાસજી મહારાજ, સંત હરિબાપુ (રાધે ક્રિષ્ના વાળા) મહંત દેવ પ્રસાદજી મહારાજ સહિતના સનાતની જોડાયા હતા.

# મીઠાપુરમાં પોલીસ કોન્સ્ટેબલનો ગળાફાંસો ખાઈ આપઘાત

## કારણ અકબંધઃ પોલીસ અધિકારીઓ સહિતનો સ્ટાફ ઘટનાસ્થળે દોડી ગયો : મૃતક સુરેન્દ્રનગર જિલ્લાના વતની

દ્વારકા : મીઠાપુર પોલીસ સ્ટેશનમાં ફરજ બજાવતા પોલીસ કર્મચારીએ ગઈકાલે પોતાના રહેણાંક ફ્લેટમાં રહસ્યમય સંજોગોમાં ગળેફાંસો ખાઈ જિંદગીને ટૂંકાવી લેતા પરિવાર આઘાતમાં સરી પડ્યો છે. આ બનાવની જાણ થતા સ્થાનિક પી. આઈ. સહિતનો પોલીસ કાફલો ઘટનાસ્થળે દોડી ગયો હતો અને સમગ્ર મામલે જુદી - જુદી દિશામાં તપાસનો દૌર શરૂ કર્યો છે.

પ્રાપ્ત માહિતી અનુસાર મુળ સુરેન્દ્રનગર જિલ્લાના ચુડા તાલુકાના છત્રીયાળા ગામના અને હાલ મીઠાપુર પોલીસ મથક ખાતે પોલીસ કોન્સ્ટેબલ તરીકે ફરજ બજાવતા જયદેવભાઈ ઘનશ્યામભાઈ અણીયાળીયા નામના ૩૦ વર્ષના કર્મચારીએ ગઈકાલે પોતાના ટાટા ટાઉનશીપ જુના ફ્લેટ રૂમ નંબર ૩૦૭ માં કોઈપણ અગમ્ય કારણસર પોતાના હાથે રૂમની બારીમાં સળિયામા કપડું બાંધી ગળેફાંસો ખાઈ આપઘાત કરી લેતા અરેરાટી ફેલાઈ જવા પામી છે. આ બનાવની મૃતકના ભાઈ પંકજભાઈ દ્વારા જાણ કરવામાં આવતા મીઠાપુર પોલીસ મથકના પી. આઈ. કે. એસ. ગળચર સહિતનો પોલીસ કાફલો ઘટનાસ્થળે દોડી ગયો હતો અને પોલીસ કર્મચારીના મૃતદેહને પોસ્ટમોર્ટમ અર્થે હોસ્પિટલ ખાતે ખસેડવામાં આવ્યો હતો તેમજ આ બનાવની ઝીણવટભરી તપાસ હાથ ધરવામાં આવી છે.

જ્યારે મૃતક પોલીસ કર્મચારીના વતનથી પરિવારજનો પણ મીઠાપુર ખાતે દોડી ગયા હતા અને કરુણ કલ્પાંત છવાઈ ગયો હતો જોકે કામના ભારણથી કે અન્ય કોઈ ચિંતામાં અંતિમ પગલું ભરી લીધું છે ? તે તપાસ બાદ જ ખુલવા પામશે.

# દરેડમાં દામ્પત્ય જીવનમાં વિખવાદથી યુવાનનો ગળાફાંસો જીવન ટૂંકાવ્યું

જામનગર : જામનગર નજીક દરેડ જીઆઈડીસી વિસ્તારમાં રહેતા એક પરપ્રાંતિય યુવાને પોતાની ભાડાની ઓરડીમાં ગળેફાંસો ખાઈ આત્મહત્યા કરી લેતાં અરેરાટી ફેલાઈ છે. બનાવ અંગે પંચ 'બી' ડિવિઝન પોલીસે અકાળે મોતનો ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.

પ્રાપ્ત વિગતો મુજબ મૂળ બિહાર રાજયના વૈશાલી જિલ્લાના રહેવાસી અને હાલ દરેડ જીઆઈડીસી પ્લોટ નં. ૪૧૩૫ ખાતે મજૂરી કામ કરતા પીન્ટુકુમાર લાલારામ નામના ૩૧ વર્ષીય યુવાને પોતાની ઓરડીમાં પંખાના હૂક સાથે દોરડું બાંધી ગળેફાંસો ખાઈ આત્મહત્યા કરી લીધી હતી.

પ્રાથમિક તપાસમાં સામે આવ્યું છે કે પીન્ટુકુમારના લગ્ન આશરે ચાર વર્ષ પહેલાં થયા હતા. પત્ની રવીનાકુમારી સાસુ-સસરાથી અલગ રહેવાની વાતને લઈને અવારનવાર ઝઘડો કરતી હતી. બંને વચ્ચે વારંવાર બોલાચાલી થતાં પત્ની લગભગ એક વર્ષ પહેલાં તેને છોડીને જતી રહી હતી. ત્યારથી પીન્ટુકુમાર એકલો રહેતો હોવાથી માનસિક વ્યથામાં આવી આ અંતિમ પગલું ભર્યાનું પોલીસ તપાસમાં બહાર આવ્યું છે.

આ બનાવ અંગે મૃતકના ભાઈ બબલુકુમાર લાલારામે જાણ કરતાં પંચ 'બી' ડિવિઝન પોલીસે ભારતીય નાગરિક સુરક્ષા સંહિતાની કલમ ૧૯૪ હેઠળ અકાળે મોતની નોંધ કરી વધુ તપાસ હાથ ધરી છે.

# મોટી ખાવડી પાસે ફરસાણની દુકાનમાં આગ ભભૂકતા તમામ સામગ્રી ખાખ



જામનગર : જામનગર-ખંભાળિયા ધોરી માર્ગ પર મોટી ખાવડી નજીક આવેલી રાજસ્થાની ફરસાણ નામની દુકાનમાં ગઈકાલ બુધવારે સાંજના અરસામાં અકસ્માતે શોર્ટ સર્કિટ થતાં આગ લાગી હતી. થોડી જ ક્ષણોમાં આગે વિકરાળ સ્વરૂપ ધારણ કરતાં દુકાનમાં રહેલું ફરસાણ, ખાદ્ય તેલ તેમજ અન્ય જ્વલનશીલ સામગ્રીને કારણે આગ ઝડપથી પ્રસરી ગઈ હતી.

આગના લબકારા અને ધુમાડા દૂર સુધી દેખાતા હોવાથી માર્ગ પરથી પસાર થતા અનેક વાહનચાલકો અને રાહદારીઓએ પોતાના મોબાઈલ ફોનમાં ઘટનાના વીડિયો ઉતાર્યા હતા, જે બાદમાં સોશિયલ મીડિયામાં પણ વાયરલ થયા હતા.

આ અંગે એક જાગૃત નાગરિકે જામનગર મહાનગરપાલિકાની ફાયર બ્રિગેડને જાણ કરતાં ફાયરની ટીમ તાત્કાલિક ઘટનાસ્થળે પહોંચી હતી અને પાણીના એક ટેન્કર વડે મારો ચલાવી આગ પર કાબૂ મેળવ્યો હતો.

જોકે, ત્યાં સુધીમાં આગ સમગ્ર દુકાનમાં પ્રસરી જતાં દુકાનનું ફર્નિચર, ફરસાણ, ખાદ્ય તેલ સહિતનો મોટાભાગનો સામાન સંપૂર્ણપણે બળીને ખાક થઈ ગયો હતો. ઘટનામાં કોઈ જાનહાનિ થઈ હોવાનું જાણવા મળ્યું નથી. આગથી થયેલા નુકસાનનો અંદાજ મેળવવાની કાર્યવાહી હાથ ધરવામાં આવી રહી છે.

# જામનગરમાં યુવતીને ઘરની બહાર બોલાવી અપહરણ કરી બળજબરીથી દુષ્કર્મ આચર્યું

## એક આરોપી સામે દુષ્કર્મની તેમજ અન્યની સામે મદદગારીનો ગુનો નોંધ્યા બાદ બન્નેની અટકાયત

જામનગર : જામનગરના યાદવનગર વિસ્તારમાં રહેતી એક યુવતી પર દુષ્કર્મની ચોંકાવનારી ફરિયાદ નોંધાઈ છે. યુવતીનું ઈક્કો કારમાં અપહરણ કર્યા બાદ દેવભૂમિ દ્વારકા પંથકમાં લઈ જઈ તેણીની મરજી વિરુદ્ધ કુકર્મ આચરવામાં આવ્યુ હોવાની ફરિયાદના આધારે આ મામલે સિટી સી ડિવિઝન પોલીસે જામનગરના બે શખ્સો સામે ગુનો નોંધી તપાસ હાથ ધરી છે. આ સમગ્ર ઘટનાને લઈ જિલ્લાભરમાં ખળભળાટ મચી ગયો છે. એક આરોપી સામે દુષ્કર્મ, અને અન્ય આરોપી સામે મદદગારીનો ગુના બાદ બન્નેની અટકાયત કરી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

ચકચારી કેસની વિગત આનુસર શહેરના યાદવનગરમાં રહેતા એક પરિવારનું ૨૩ વર્ષિય યુવતી તા. તા.૩ જુલાઈના રોજ પોતાના ઘરે હતી આ દરમિયાન આરોપી ભરત નારણભાઈ વારોતરીયા (ઉ.વ- ૨૫ રહે- યાદવનગર ભીંડાવાળી વાડી જામનગર) અને વિપુલ કરમુર (રહે- સાંઢીયાપુલ પાસે જામનગર) નામના શખ્સો તેણીના ઘરે ઘસી ગયા હતા.

આરોપીઓએ યુવતીના ઘરની બહાર ઈક્કો ગાડી ઊભી રાખી અગાઉ સાથે કામ કરતા હોવાથી પરિચયનો લાભ લઈને તેણીને ઘરમાંથી બહાર બોલાવી હતી. ત્યારબાદ યુવતીને ધમકી આપી બળજબરીથી ઈક્કો ગાડીમાં બેસાડી અપહરણ કર્યું હતું. ત્યારબાદ એક આરોપીના સબંધીના ઘરે કલ્યાણપુર, ભાણવડ પંથકમાં રાખી આરોપી ભરત નારણભાઈ વારોતરીયાએ તા. ૩ જુલાઈથી લઈ તા. ૨ ઓગષ્ટના સમયગાળા દરમિયાન ફરીયાદીની મરજી વિરુધ્ધ તેણી સાથે અવાર-નવાર શરીર સબંધ બાંધ્યો હતો.

# જામનગરમાં જુગારના બે દરોડામાં ૧૪ મહિલાઓની અટકાયત, ૭૦ હજારની રોકડ કબજે

જામનગર : જામનગરના સીટી સંદલનગર વિસ્તાર તેમજ રાંદલનગરમાં ગઈકાલે પોલીસે જુગાર અંગેના બે દરોડાઓ પાડયા હતા. જેમાં કુલ ૧૪ મહિલાઓની અટકાયત કરી તેઓ પાસેથી રોકડ રકમ કબજે કરી હતી.

પ્રાપ્ત વિગત મુજબ શહેરના રાંદલનગર વિસ્તારમાં આવેલ રામપીરની શેરીમાં સીટી બી. પોલીસે બાતમીના આધારે સ્થળ પર જઈ દરોડો પડ્યો હતો. જ્યાં તિનપતી નામનો જુગાર રમી રહેલ હર્ષાબેન કિશોરભાઈ ત્રિવેદી, કંચનબા નાથુભા જાડેજા, નયનાબેન જગદીશભાઈ મકવાણા, વિનાબા યુવરાજસિંહ ચુડાસમા, કૈલાશબા જુવાનસિંહ જાડેજા, રક્ષાબેન કિશોરકુમાર સોનૈયા, ચંદનબા દિશુભા રાઠોડ, ગીતાબા ભુપતસિંહ સોલંકી તથા માનકુરબા હકુભા સોલંકી નામની મહિલાઓને રંગેહાથ ઝડપી લીધી હતી. અને તમામના કબ્જામાંથી રોકડ રૂ. ૭,૦૫૦ કબ્જે કરી તમામ સામે જુગારધારા કલમ ૧૨ હેઠળ ગુનો નોંધી, સુપ્રીમ કોર્ટની માર્ગદર્શિકા મુજબ બી.એન.એસ.એસ. કલમ ૩૫(૩)(૧) હેઠળ નોટિસ આપી મુક્ત કરવામાં આવી હતી.

આ ઉપરાંત બીજો દરોડો શહેરના ગોકુલનગર વિસ્તારમાં સોહમનગર સોસાયટીમાં એક રહેણાંક મકાનમાં બાતમીના આધારે પોલીસે દરોડો પાડયો હતો. જ્યાં જુગાર રમી રહેલ કાજલબેન રાજુભાઈ મકવાણા, દિવાળીબેન વિજયભાઈ બાંભણીયા, દિનુબેન ભરતભાઈ મકવાણા, કાંતાબેન ટીનાભાઈ પુનતીયા અને ઈલાબા મહીપતસિંહ જાડેજા નામની પાંચ મહિલાઓને ઝડપી લઈ તેઓ પાસેથી રોકડ રુ. ૬૩૨૦૦ કબજે કરી આગળની કાર્યવાહી હાથ ધરી હતી.

# ખંભાળિયાના વચલાબારા ગામેથી ડિગ્રી વગરનો ડોક્ટર ઝડપાયો

## મેડિકલને લગતી સાધન - સામગ્રી સહિત રૂ. ૮૪ હજારનો મુદામાલ કબ્જે

ખંભાળિયા : ખંભાળિયા તાબેના વચલાબારા ગામે સ્થાનિક પોલીસે દરોડો પાડી એક નકલી ડોક્ટરને પકડી પાડી મેડિકલને લગત મુદામાલ કબ્જે લઈ તેના વિરુદ્ધ મેડિકલ પ્રેક્ટિસ એક્ટની કલમ હેઠળ ગુન્હો દાખલ કરી વધુ તપાસ હાથ ધરી છે.

મળતી માહિતી અનુસાર ખંભાળિયા તાલુકાના વચલાબારા ગામે રહેતો અને ગામમાં જ પોતાની પાસે કોઈપણ સરકારી માન્યતા ધરાવતી ડોક્ટરની ડિગ્રી નહી હોવા છતાં રામચંદ્ર દશરથ બિશ્વાસ નામનો શખ્સ દવાખાનુ ચલાવતો હોય આથી સલાયા મરીન પોલીસે બાતમીના આધારે ત્યાં દરોડો પાડી આ નકલી ડોક્ટરને ઝડપી પાડી સ્થળપરથી દવાઓ, બાયોવેસ્ટ, સ્ટેથોસ્કોપ, બે એસપીઓ મશીન અને મેડિકલ પ્રેક્ટિસને લગતા અન્ય સાધનો સહિત કુલમળી રૂ. ૮૪ હજારનો મુદામાલ કબ્જે કર્યો હતો.

# કલ્યાણપુર તાલુકામાં પાંચ સ્થળે જુગારના દરોડામાં ૧૮ શખ્સની ધરપકડ

ખંભાળિયા : કલ્યાણપુર તાલુકામાં ઠેર - ઠેર પોલીસે જુગાર અંગેના દરોડા પાડ્યા હતા જેમાં જાહેરમાં પાના ટીચતા ૧૮ શખ્સને પકડી પાડી સ્થળપરથી કુલમળી રૂ. ૩૭ હજારની રોકડ રકમ કબ્જે કરી તમામ સામે જુગારધારા હેઠળ ગુન્હો નોંધી કાયદેસરની કાર્યવાહી આરંભી હતી.

પ્રથમ દરોડાની પ્રાપ્ત માહિતી અનુસાર કલ્યાણપુર તાલુકાના ખાખરડા ગામમાં જાહેરમાં ગંજીપાના પાના વડે તીનપતી નામનો જુગાર રમતા યુવરાજસિંહ જયેન્દ્રસિંહ જાડેજા, પુષ્પરાજસિંહ મહેન્દ્રસિંહ જાડેજા, પરાક્રમસિંહ બચુભા જાડેજા નામના ત્રણ શખ્સને દરોડા દરમિયાન કલ્યાણપુર પોલીસે ઝડપી લઈ સ્થળપરથી રૂ. ૧૦૧૩૦ ની રોકડ રકમ કબ્જે કરી હતી.

બીજો દરોડો કલ્યાણપુર તાલુકાના મેવાસા ગામે જાહેરમાં ગંજીપાના પાના વડે તીનપતી નામનો જુગાર રમતા કારૂભાઈ કરસનભાઈ ગાધેર, પ્રતાપભાઈ પાલાભાઈ સોલંકી અને ધવલ માલદેભાઈ ગાધેર નામના ત્રણ શખ્સને સ્થાનિક પોલીસે રૂ. ૩૬૨૦ ની રોકડ રકમ સાથે ઝડપી લીધા હતા.

ત્રીજો દરોડો કલ્યાણપુર તાલુકાના ગઢકા ગામે જાહેરમાં ગંજીપાના પાના વડે તીનપતી નામનો જુગાર રમતા ભાણાભાઈ શામજીભાઈ ડાભી, મોહનભાઈ ભીમાભાઈ ડાભી, શામજીભાઈ જીવાભાઈ ડાભી, જેસાભાઈ પમાભાઈ ડાભી, કાનજીભાઈ પરબતભાઈ ડાભી અને મનસુખભાઈ જીવાભાઈ ડાભી નામના ૬ શખ્સને સ્થાનિક પોલીસે ઝડપી લઈ સ્થળપરથી રૂ. ૨૨૧૧૦ ની રોકડ રકમ કબ્જે કરી હતી.

ચોથો દરોડો કલ્યાણપુરના રાવલ ગામે જાહેરમાં ગંજીપાના પાના વડે તીનપતી નામનો જુગાર રમતા ભરતભાઈ સુકાભાઈ વાઘેલા, દેવશીભાઈ વિરમભાઈ સોલંકી અને માલદેભાઈ અરભમભાઈ ગામી નામના ત્રણ શખ્સને સ્થાનિક પોલીસે ઝડપી લઈ સ્થળપરથી રૂ. ૬૨૦ ની રોકડ રકમ કબ્જે કરી હતી.

પાંચમો દરોડો કલ્યાણપુર તાલુકાના હરિપર ગામમાં જાહેરમાં ગંજીપાના પાના વડે તીનપતી નામનો જુગાર રમતા શૈલેષભાઈ નાજાભાઈ વેસરા, રવીન્દ્રસિંહ સહદેવસિંહ જાડેજા અને દીપકભાઈ જેતાભાઈ પરમાર નામના ત્રણ શખ્સને સ્થાનિક પોલીસે ઝડપી લઈ સ્થળપરથી રૂ. ૬૦૦ ની રોકડ રકમ કબ્જે કરી હતી.

# સલાયાના ફેઝ નૂરે ઓલિયા જહાજ પર હુથી સંગઠન દ્વારા વિસ્ફોટક હુમલો, તમામ ૧૪ ક્રુ મેમ્બરોનો બચાવ

સલાયા (આનંદ લાલ દ્વારા) : લાલ સમુદ્રમાં યમનના હોડેઈડાહ નજીક એક ભારતીય ધ્વજ ધરાવતા માલવાહક જહાજ સાથે વિસ્ફોટક ભરેલ નામ વિનાની બોટ અથડાવી અને હુમલો થયો હોવાની ઘટના સામે આવી છે. ડિરેક્ટોરેટ જનરલ ઓફ મેરીટાઈમ એડમિનિસ્ટ્રેશન (DGMA) દ્વારા બહાર પાડવામાં આવેલા સત્તાવાર અહેવાલ મુજબ આ ઘટના તા. ૪ ઓગસ્ટ ૨૦૨૬ના રોજ બપોરના સમયે બની હતી. "ફેઝ નૂરે ઓલિયા" નામના માલ વાહક વહાણમાં જેમાં જનરલ કાર્ગો તેમજ ૧૮ જેટલી એમ્બ્યુલન્સો ભરેલ હતી.

જેને યમનના હોડેઈડાહ (Hodeidah) નજીક રેડ સી માં વિસ્ફોટક ભરેલ નામ વિનાની બોટ અથડાવી અને હુમલો થયાનું બહાર આવ્યું છે. જે હુથી સંગઠન દ્વારા કરાયો હોવાનું યમન સરકાર દ્વારા જાહેર કરાયું છે. આ હુમલાના કારણે જહાજ પર ભીષણ આગ લાગી હતી, જેના પરિણામે જહાજ યમનના દરિયાઈ વિસ્તારની નજીક ડૂબી ગયું હતું. સદનસીબે જહાજ પર સવાર તમામ ૧૪ ક્રૂ



મેમ્બર્સને યમન કોસ્ટ ગાર્ડ દ્વારા સફળતાપૂર્વક બચાવી લેવામાં આવ્યા છે. બચાવેલા ક્રૂ મેમ્બર્સમાં ૧૩ ભારતીય દ્વારકા જિલ્લાના સલાયા ગામના હતા અને ૧ યમનના નાગરિક છે. તમામ ક્રૂ મેમ્બર્સને સુરક્ષિત રીતે મોખા પોર્ટ પર લાવવામાં આવ્યા છે.

આ તમામને કોઈ પણ જાનહાનિ કે ગંભીર ઈજાના સમાચાર નથી. આ બાબતે મેરીટાઈમ એડમિનિસ્ટ્રેશનની વિંગ 'ફ્લર્ઝીસ' દ્વારા સમગ્ર પરિસ્થિતિ પર સતત નજર રાખવામાં આવી રહી છે. સત્તાવાળાઓ જહાજની મેનેજમેન્ટ કંપની સાથે નિયમિત સંપર્કમાં છે. વહાણ માલિક સલાયાના મુનાફ હાજી અબ્દુલ્લાહ ભાયા હોવાનું જાણવા મળેલ છે. આ ઘટનાથી સલાયાના વહાણવટી ભાઈઓ માં ભારે ચિંતાનો માહોલ છે. અને ભારત સરકાર દ્વારા આ બાબતે યોગ્ય કાર્યવાહી કરે એવી માંગણી ઉઠી રહી છે. બચાવેલ તમામ ભારતીય ખલાસીઓને વતન પરત લાવવા પ્રક્રિયાઓ હાથ ધરાઈ છે. હમણાં થોડા સમયમાં આવી ઘટનાઓ વધુ બનતા સલાયા વહાણવટા ઉદ્યોગ ઉપર સંકટના વાદળો ઘેરાયા છે.

યમન ગણરાજ્યનું વિદેશ અને પ્રવાસી બાબતોનું મંત્રાલય લાલ સમુદ્ર (રેડ સી)માં સફર કરી રહેલા ભારતીય વ્યાપારી માલવાહક જહાજ "MSV FAIZE NOORE OLIYA" પર હુથી આતંકવાદી જૂથ દ્વારા વિસ્ફોટકોથી ભરેલી બોટ વડે કરવામાં આવેલા આતંકવાદી હુમલાની સખત શબ્દોમાં નિંદા કરે છે, જેના પરિણામે આ જહાજ સંપૂર્ણપણે ડૂબી ગયું છે.